# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

## મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફય્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# બરકાતે ખ્વાજા برکات خواجہ

(માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-મે-૨૦૦૫**

રબી. અવ્વલ શરીફ-રબી. આખર શરીફ

હિજરી સન : ૧૪૨૬

વર્ષ : ૦૨ અંક : ૦૫, સળંગ અંક : ૧૭



★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



★ પત્ર વ્યવહારનુ સરનામું ★

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

Email User ID : islamic@sancharnet.in


### ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ ઈસ્લાહી કલામ ★

**અઝ : આકિબખાન બરકાતી પેટલાદી**

ચેહરે પે નજદી પર્દએ સુન્નત કો ડાલ કે
ઈમાન લૂટને ચલે, રહના સંભાલ કે

ફૈશન પરસ્ત દેખ હકીકત કા આઈના
કિસ દરજા ખૌફનાક હૈં ચેહરે ઝવાલ કે

અફસોસ ! લોગ નિકલે હૈં પાને તરક્કીયાં
કાનૂને મુસ્તફા કો પસે પુશ્ત ડાલ કે

તુમ કિસકો બેવકૂફ બનાતે હો યે બતાવ ?
રિશ્તે વહાબીયોં સે રખે હૈં સંભાલ કે

સરકારે દો જહાન કી સુન્નત અદા કરો
મસ્જિદસે બદ્અકીદા કો ફૌરન નિકાલ કે

ગુસ્તાખે મુસ્તફા ન હો દામાદ આપકા !
લડ઼કી કા રિશ્તા કરના બહુત દેખભાલ કે

તુમ ઐસે મુરતદોં કો ભી કેહતે હો અપના દોસ્ત
ઈમાન જિસને બેચા હૈ બદલેમેં માલ કે

રદ્દે વહાબીયા પે બિગડતા હૈ ઈનકા મુંહ
રેહતે હૈં સુલ્હે કુલ્લી યહાં તો કમાલ કે

એહસાન હૈ રઝા કા, લગાઈ હૈ પાર દેખ
**'આકિબ'** હમારી કશ્તી ભંવરસે નિકાલ કે


★ માનદ તંત્રી ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


**નોંધ :** ગ્રાહક નંબર.................. આપનું લવાજમ તા. ............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.


નૂરાની આર્ટ, દયાદરા, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

# બરકાતે ખ્વાજા (માસિક) મે-૨૦૦૫

★ વર્ષ : ૦૨ ★ અંક : ૦૫ ★ સળંગ અંક : ૧૭


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ :** **સ્ત્રીઓને મસ્જિદોમાં ઈમામ બનાવો ! યૂરોપ તથા અમેરિકી ઈસ્લામના દુશ્મનોનું ભયાનક કાવત્રુ !** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૯ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૨ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૪ |
| ૦૫. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૭ |
| ૦૬. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૯ |
| ૦૭. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૨૦ |
| ૦૮. | યા સૈયદના શૈખ અબ્દલકાદિર જીલાની શૈઅન્ લિલ્લાહ (વઝીફો) જાઈઝ હોવા વિશે સંશોધનાત્મક ચર્ચા | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી<br>*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)* | ૨૧ |
| ૦૯. | **કાદયાનીને ઓળખો !** | **સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી | ૨૫ |
| ૧૦. | એક સંશોધનાત્મક વિવરણ મસ્જિદોમાં સ્ત્રીઓની હાજરી કેવી ?! | **કાર્યાલય** | ૩૩ |
| ૧૧. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૪૧ |
| ૧૨. | હઝરત કાઝી મહમૂદ દરિયાઈ رحمۃ اللہ علیہ | **અઝ** : હઝરત પીર સફીયુલ્લાહબાવા દરિયાઈ | ૪૨ |
| ૧૩. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |


સ્થળ સંકોચને કારણે આ અંકમાં ચાલુ લેખમાળા : (૧) **ઈસ્લામ અને આધુનિક શોધો** (૨) **અઝવાજે મુતહ્હરાત** (૩)**ઔરતોની હિકાયતો**નો સમાવેશ કરવામાં આવ્યો નથી. આવતે અંકથી રાબેતા મુજબ ચાલશે. (ઈન્શાઅલ્લાહ !)

## સ્ત્રીઓને મસ્જિદોમાં ઈમામ બનાવો !

# યૂરોપ તથા અમેરિકી ઈસ્લામના દુશ્મનોનું ભયાનક કાવત્રુ !

**-તંત્રી લેખ**

ઈસ્લામકી ફિતરતમેં કુદરતને લચક દી હૈ
જિત્ના તુમ દબાઓગે ઉતના હી યે ઉભરેગા

ઈસ્લામ દુશ્મન તાકતો યહૂદ તથા નસારા (ઈસાઈ)ઓએ વરસોથી જાત જાતનાં કાવત્રાંઓ થકી મુસલમાનોમાં વિવાદ, વિખવાદ તથા ફિર્કાઓ ઉભા કરવામાં અઢળક દૌલતની સાથોસાથ પોતાના જાસૂસો તથા તેમની સ્ત્રીઓની આબરૂ પણ કુર્બાન કરી દઈ મુસલમાનોમાંથી એવા માણસોને ખરીદયા જેમણે મુસલમાનોને અંદરોઅંદર લડાવ્યા અને મુસલમાનોના ટુકડે ટુકડા કરી નાખ્યા, છતાં ઈસ્લામનો વધતો પ્રવાહ ન રોકાયો તો ત્રાસવાદના નામે પેલેસ્ટાઈન, અફઘાનિસ્તાન તથા ઈરાકમાં હજારો મુસલમાનોનું લોહી રેલાવ્યું, છતાંય હજી નથી ધરાયા તો હવે નવો જ ફિત્નો કહેવાતી મુસ્લિમ સ્ત્રીઓને બેહકાવીને મસ્જિદોમાં પુરૂષો સાથે મિશ્ર થઈ ખભેખભા મિલાવી નમાઝ પઢવા તથા સ્ત્રીઓને ઈમામ બનાવવાની માંગ કરતો ખડો કર્યો. જેના સંબંધી રિપોર્ટ ઉર્દૂ ટાઈમ્સ, મુંબઈ, તા. ૨૭ માર્ચ ૨૦૦૫ના દૈનિક પત્રના આધારે નીચે રજૂ કરીએ છીએ. જેને વાંચો અને ગાંઠવાળો કે દુશ્મન ઈસ્લામને તોડવા પ્રયત્નો કરે છે અમે ઈસ્લામ પર ચુસ્ત રીતે ચાલીને તેમની કોશિશોને ઔર નિષ્ફળ બનાવીશું. ઈન્શાઅલ્લાહ !

ઈસ્લામ ધર્મ તથા મુસલમાન હાલ એક નવા જ ફિત્નાનો સામનો કરી રહેલ છે. આ નવો ફિત્નો અમેરિકાની બે સ્ત્રીઓએ ઉઠાવ્યો છે એમાંથી એકનું નામ અમીના વદૂદ અને બીજીનું નામ ઈસ્રા નોઅમાની છે. અમીના વદૂદ જુમ્આની નમાઝની સ્ત્રીઓ તથા પુરૂષોની સંયુક્ત જમાઅતની ઈમામત કરનારી ઈતિહાસની પ્રથમ સ્ત્રી બની ગઈ છે, જ્યારે કે ઈસ્રા નોઅમાની તે સ્ત્રીનું નામ છે જે આ સર્વ ડ્રામામાં કેન્દ્ર સ્થાને છે.

અખ્બારમાં આવેલા ફોટાઓમાં દર્શાવ્યું છે કે અમીના વદૂદ ઈમામના મુસલ્લા પર છે અને સફોમાં સ્ત્રી પુરૂષો ભેગા ખભે ખભા મિલાવીને નમાઝમાં વ્યસ્ત છે ! તથા પુષ્કળ મીડિયાવાળા કોઈ વાંકો વળીને તો કોઈ ઉભો થઈને, કોઈ ઘૂંટળીએ પડીને વી.ડી.ઓ શુટીંગ કરી રહ્યા છે ! અજબનો તમાશો રચાયો છે ! **સ્ત્રી કે જેના પર જુમ્આ ફર્ઝ જ નથી !** તેણીએ તો ઝહોર તે પણ વિના જમાઅતે ઘરમાં એકલા પઢવાની હોય છે, તે જુમ્આની નમાઝમાં સ્ત્રી પુરૂષની ઈમામ બની છે ! શું પ્રગતિ થઈ રહી છે !

૧૮ માર્ચ ૨૦૦૫નો દિવસ મુસલમાનો કદી ભૂલી શક્શે નહીં. આ તારીખે અમેરિકાના શહેર ન્યૂયોર્કના મેનહટનના વિસ્તારમાં અમીના વદૂદની ઈમામતમાં સ્ત્રીઓ તથા પુરૂષોના નમાઝ પઢવાનો ધૃણાપાત્ર બનાવ ઉપસ્થિત થયો. એના પાછળ બે સંસ્થાઓ ''મુસ્લિમ્સ વેક અપ'' તથા ''મુસ્લિમ વુમેન્ઝ ફ્રીડમ ટૂર''એ આગળ પડતો ભાગ ભજવ્યો. કેટલાયે અઠવાડીયાંઓથી વર્તમાનપત્રો તેમજ ઈન્ટરનેટ

પર આ પ્રકારની પ્રસિદ્ધીની ચળવળ શરૂ કરી દેવામાં આવી હતી કે અમીના વદૂદ ૧૮ માર્ચે જુમ્આની ઈમામત કરશે. એ હેતુસર આયોજકોએ તે ચર્ચ સુધી જ્યાં જુમ્આ પઢાવવામાં આવનાર હતી ત્યાં લોકોને પહોંચવા માટે બાકાયદા ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા કરી રાખી હતી.

અમીના વદૂદની ઈમામતનો વિરોધ એટલો જોરપૂર્વક હતો કે તે ચર્ચની આસપાસ હથિયારધારી સુરક્ષા દળોનો ખડકલો મોટી સંખ્યામાં થયેલો હતો. આયોજકોએ એવી કોશિશ કરી હતી કે જુમ્આની નમાઝ કોઈ મસ્જિદમાં થાય પણ અમેરિકાની એક પણ મસ્જિદે આ વાતની ઈજાઝત ન આપી. જુમ્આની સવાર સુધી તો ખબર ન હતી કે નમાઝ ક્યાં થશે, કેમ કે વિવિધ વર્તુળો તરફથી ધમકીઓ આપવામાં આવી હતી કે તેઓ આ શરીઅત વિરૂધ્ધના કાર્યને રોકશે અને બોમ્બ ધડાકા કરશે.

આ સ્ત્રીને ઈમામ બનાવવાના સમગ્ર નાટકની લીડર ઈસ્રા નોઅમાની વિશે જાણતા પહેલાં એ યાદ રાખશો કે ઈસ્લામ પવિત્રતાવાળો મઝહબ છે એટલે ઈસ્લામ ધર્મ કોઈ સ્ત્રીને ઈમામતનો હક્ક નથી આપતો અને ન તો એ વાતની રજા આપે છે કે સ્ત્રીઓ તથા પુરૂષો ખભે ખભા મિલાવીને એક જ સફમાં ઉભા રહે અને નમાઝની અદાયગી કરે. દરેક બુદ્ધિવાળો માણસ પણ સમજે છે કે આ મનાઈનો હુકમ કેટલો પવિત્ર તથા ભલાઈભર્યો છે. એવું જો ન હોત તો મસ્જિદોની પવિત્રતા ક્યારની નષ્ટ થઈ ગઈ હોત. બલ્કે મસ્જિદો નાલાયક સ્ત્રી પુરૂષોનો અડ્ડો બની જાત ! ન્યૂયોર્કમાં સ્ત્રીની ઈમામતમાં પઢવામાં આવેલી આ નમાઝની ટીકા સર્વ મક્તબે ફિક્રના આલિમો, જામેઅ અઝહરના મુફતીઓથી લઈને અમેરિકી, યૂરોપી, ઈન્ડિયા, પાક. એશિયાના ઉલમાએ કિરામ તથા સામાન્ય મુસલમાનો સુધ્ધાં સર્વેએ ટીકા કરી છે અને આ કૃત્યને ઈસ્લામી અકીદાઓ પર એક હુમ્લો ઠરાવ્યો છે.

આ ઈમામતનો શોખ રાખનારી સ્ત્રી અમીના વદૂદ વર્જીનિયા કોમનવેલ્થ યુનિવર્સિટીમાં ઈસ્લામીયાત વિભાગની પ્રોફેસર છે. તેણીને આ ક્ષેત્રની નિષ્ણાત સમજવામાં આવે છે. જો કે તેણી અરબી ભાષા, ફિકહ તથા હદીષથી અજ્ઞાન છે છતાં તેણીએ "કુર્આન તથા સ્ત્રીઓ" નામની એક અંગ્રેજી બુક લખી છે જેમાં કુર્આનની આયતોને તોડીમરોડીને એવું સાબિત કરવાની કોશિશ કરી છે કે, "કુર્આને પાક સ્ત્રીઓને ઈમામતનો હક્ક આપે છે." આ પુસ્તકમાં અમીના વદૂદે લખ્યું છે કે, "હઝરત મુહમ્મદ ﷺ એ એવી ઈજાઝત આપી કે સ્ત્રીઓ ઈમામત કરી શકે છે !"

ઈમામતથી પહેલાં વદૂદે પ્રવચન કર્યું તેમાં કહ્યું કે, "ઈસ્લામમાં પુરૂષો અને સ્ત્રીઓના વચ્ચે સમાનતાનો મસ્અલો ઘણો જ મહત્વનો છે પરંતુ બદ્કિસ્મતીથી મુસલમાનોએ ઈતિહાસની ખૂબ જ સીમિત સ્પષ્ટતા કરી છે જેના કારણે તે પ્રગતિના દોડમાં પાછળ રહી ગયા છે, આ નમાઝથી આપણે આગળ વધીશું, આ કદમ ઈસ્લામની મૌજૂદ સક્યતાઓની એક નિશાની છે."

બેશક ! ઈસ્લામ સમાનતાવાળો મઝહબ છે પણ દરેકને તેના ઈજ્જતભર્યા સ્થાને રાખીને હક્કોની અદાયગી કરે છે. **સ્ત્રી પુરૂષ સમોવડી થવા જો એવું કહે કે અમે પણ પુરૂષો જેમ વાળો કપાવીને બે પર્દા ખુલ્લી છાતીઓ રાખીને ફરીશું ! પછી દલીલ કરે કે ઈસ્લામ સમાનતાવાળો મઝહબ છે. તો શું તેની એ દલીલ કોઈ બુદ્ધિવાળો માન્ય રાખશે ખરો ?!** આ મુસ્લિમનામી ઈસ્લામની બાગી સ્ત્રીની એવી જ દલીલ છે.

અમીના વદૂદ અસલમાં આ ફિત્નાની મધ્યસ્થી કડી છે પણ મૂળ ફિત્નો ઈસ્રા નોઅમાની નામની

સ્ત્રીએ ખડો કરેલો છે. ઈસ્રા નોઅમાનીનો જન્મ મુંબઈમાં થયો હતો અને જ્યારે તે ચાર વરસની હતી ત્યારે તેના પિતા ઝફર નોઅમાની તેને લઈને અમેરિકા ચાલ્યા ગયા હતા. તેણી એક લેખિકા પત્રકાર છે. કેટલાક દિવસો પહેલાં પોતાનાં બે પુસ્તકોના સબબ ચર્ચામાં આવી હતી. તેણીએ "તાંત્રીકા" નામે એક પુસ્તક લખ્યું હતું જેમાં તેણે હિંદુ તથા બુદ્ધ ધર્મમાં "જાતિયતાના આકર્ષણ" (Sex) સંબંધિત વિગતો રજૂ કરી હતી. આ પુસ્તક લખવા માટે તેણીએ સાધુઓ, સંતો, બુદ્ધ ભિક્ષુકો, લામા વગેરેની મુલાકાત કરીને તેમની વાસનામય ઈચ્છાઓની વિગતો પ્રાપ્ત કરીને તેની સાથે પોતાની ખૂદની વાસનામય બદ્અમલીઓના અનુભવોને જોડીને ચટાકેદાર ભાષામાં પુસ્તક લખ્યું હતું. **તેણીએ એ પુસ્તકમાં એ પણ લખ્યું છે કે એક અરસાથી તેના દિમાગમાં બુદ્ધ અથવા હિંદુ ધર્મ અપનાવવાનો ખયાલ પણ હતો.** યાદ રાખશો ! કે **જે એવું કહે કે હું ઈસ્લામ છોડી અન્ય ધર્મ અપનાવી લઈશ ! તો તે એ જ ઘડીએ કાફિર થઈ જાય છે.** સારાંશ કે આ તેણી પોતે જ ઈસ્લામમાં નથી બલ્કે એક આવારા યહૂદણ જેવી પ્રકૃતિની સ્ત્રી છે.

આ પુસ્તક પછી તેણીએ "મક્કામાં એકલી ઉભેલી સ્ત્રી" નામથી એક વિવાદાસ્પદ અંગ્રેજી પુસ્તક લખ્યું જેમાં તેણીએ એ પ્રશ્ન ઉઠાવ્યો કે જ્યારે હજ્જના દરમ્યાન સ્ત્રીઓ અને પુરૂષો એક સાથે ઉભા રહીને નમાઝ અદા કરી શકે છે તો મસ્જિદોમાં કેમ નહીં ?! (જો કે આ પ્રશ્નનો સંતોષકારક જવાબ તમે આજ અંકના લેખ "**સ્ત્રીઓની મસ્જિદોમાં હાજરી કેવી ?!**"માં વાંચી શકશો.)

આ આવારા સ્ત્રી ઈસ્રા નોઅમાનીએ હિંદુસ્તાનના પ્રવાસ દરમ્યાન અફઘાનિસ્તાન જઈને યુદ્ધની રિપોર્ટિંગ કરી હતી અને એ દરમ્યાન પાકિસ્તાનમાં તેનો સંબંધ એક યહૂદી પ્રકાર ડેનિયલ પરેલ સાથે થઈ ગયો. તેણી એક અરસા સુધી તે યહૂદી ડેનિયલ પરેલ સાથે રહી. પરેલની કત્લના થોડા દિવસો પહેલાં જ્યારે તે અમેરિકા ગઈ તો સગર્ભા હતી. **તેણીએ શાદી કર્યા વિના એક પુત્રને જન્મ આપ્યો** જેનું નામ "શિબ્લી" રાખ્યું. કહેવાય છે કે "શિબ્લી" નોઅમાનીના ખાનદાનથી તેણી સંબંધ ધરાવે છે. (અલ્લાહ બેહતર જાણે.) એવી શંકા સેવવામાં આવી છે કે તે બાળકનો પિતા તે કત્લ થયેલ યહૂદી પત્રકાર પરેલ જ હતો.

આ આવારા સ્ત્રી જે સલ્માન રૂશ્દી મલ્ઊનની રૂહાની શાગિર્દ છે, હમેશાં શર્ટ પેન્ટમાં દુપટ્ટા વિના સ્લીવલેસ ચુસ્ત પોશાક પહેરીને ફરે છે, તેણીએ અમેરિકામાં જ એક મસ્જિદમાં મુખ્ય દ્વારેથી બળજબરીથી પ્રવેશ કરીને પુરૂષોની સફમાં નમાઝ પઢવાની કોશિશ કરી હતી. તેણીનું કહેવું હતું કે આ મસ્જિદને બનાવવામાં મારા બાપની મહેનત તથા પૈસા લાગ્યા છે, અને તેણી આ મસ્જિદમાં નમાઝ પઢવાની હક્કદાર છે. સાથોસાથ તેણીએ એ એલાન કર્યું કે તેણી એક ચળવળ ઉપાડશે કે કેવળ અમેરિકામાં જ નહીં વિ□ભરની મસ્જિદોમાં સ્ત્રીઓ પુરૂષો સાથે ખભે ખભે મિલાવીને ઉભી રહીને નમાઝ અદા કરશે. આ હેતુને પાર પાડવા ઉપર દર્શાવેલ બંને સંસ્થાઓની સ્થાપ્ના કરી અને અમીના વદૂદ ઉપરાંત વિવિધ સ્ત્રીઓને પોતાની આ ચળવળમાં સમાવી લીધી.

અમીના વદૂદની ઈમામતમાં જુમ્આની નમાઝ પછી ઈસ્રા નોમાનીએ મુસ્લિમ સ્ત્રીઓના માટે એક "ચાર્ટ ઓફ ડિમાન્ડ" પણ રજૂ કર્યું જેમાં તેણીએ દસ માંગણીઓ રાખી જેમાંની એક માંગણી મસ્જિદમાં સ્ત્રીઓએ મુખ્ય પ્રવેશ દ્વારથી પ્રવેશવા અને પુરૂષોની લગોલગ ખભેખભા મિલાવી નમાઝ પઢવા અને ઈમામત કરવાની પણ છે. કેટલાયે ઉલમાએ કિરામે આ બંને સ્ત્રીઓને ઈસ્લામમાં તેહરીફ (ફેરફાર)ની

ઝિમ્મેદાર ઠરાવી છે અને જણાવ્યું કે આ બંનેવ ઈસ્લામના નામ પર એક નવા ફિર્કાનો પાયો નાખી રહી છે. આ ફિર્કાની સ્ત્રીઓની માન્યતા છે કે સ્ત્રીઓ પુરૂષોને ગળે મળી શકે છે, અને ભેગી નમાઝ પઢી શકે છે અને પતિ વિના માં બનવું એમની નજીક જાઈઝ છે.

હવે આ બંને સ્ત્રીઓ તેમની ફિત્નામય ચળવળને આગળ વધારવા માટે સક્રિય છે. અમેરિકા પછી હવે યૂરોપ તથા ત્યારબાદ હિંદુસ્તાન, પાકિસ્તાન તેમના નિશાના પર છે જાહેર છે કે ઈસ્લામ દુશ્મનીની આ પ્રક્રિયામાં યહૂદી તથા ઈસાઈ તેમની સાથે છે અને સર્વ ખર્ચ પણ તેઓ જ ઉઠાવી રહ્યા છે.

હાલમાં અમેરિકામાં ઈસ્લામ ધર્મ પ્રત્યે પબ્લિકમાં ખૂબ જ અતિશય આકર્ષણ જન્મેલું છે. ઈસ્લામી વિષય પર પ્રસિદ્ધ થયેલ કિતાબો એટલી વેચાઈ રહી છે કે બુકસેલર્સ ગ્રાહકોની માંગણીઓને પહોંચી વળતા નથી. વિવિધ ઝરીયાઓ થકી એ ખબર પણ વિ□ભરમાં ફેલાઈ ચૂકી છે કે અમેરિકા તથા યૂરોપના દેશોમાં ઈસ્લામ સ્વીકારના પ્રસંગોમાં તેજી આવી રહી છે જેથી સ્વભાવિકપણે યહૂદી તથા ઈસાઈ તબકો છોભીલો પડી રહ્યો છે. જેથી રોજ બરોજ નિત નવી સાઝિશો થકી ઈસ્લામને નીચો પાડવા અને મુસ્લિમોને શંકાકુશંકાનાં વાદળોમાં ઘેરી લેવા મથી રહ્યો છે. જેથી અમેરિકામાં ચર્ચની અંદર ૧૫૦ સ્ત્રી પુરૂષોએ મિશ્ર જમાઅત કરી તેનો ઈમામ સ્ત્રી બની તે આપણે જોયું.

મસ્જિદોમાં સ્ત્રીઓ મોકલી મુસલમાનોમાં વિખવાદ તથા વિવાદ ખડો કરવાની યહૂદ તથા નસારાની આ પ્રથમ કોશિશ છે, આ હેતુ પૂર્ણ કરવા માટે અમેરિકાએ કરોડો ડોલરની પૂંજી રોકી છે. મોટી કિંમતે આ કામના માટે નામ માત્રના મુસલમાનોને ખરીદવામાં આવી રહેલ છે.

વળી અધિક અફસોસની વાત એ છે કે આ ઈમામ બનનારી અમીના વદૂદ ઈસ્લામી ફિકહથી અજ્ઞાન હોવા છતાં વર્જીનિયા કોમનવેલ્થ યુનિ.માં ઈસ્લામી તા'લીમાતની પ્રોફેસર છે એનાથી કેટલીયે મુસ્લિમ છોકરીઓનું ભાવિ આ રીતે તબાહ થઈ રહ્યું હશે. છોકરીઓનાં મા બાપે તથા વાલીઓએ તેણીને યુનિ.માંથી કાઢવા માટે કાંઈક કરવું જોઈએ.

પ્યારા દીની ભાઈ બહેનો ! આ આખરી દૌર છે, કિયામત હવે બહુ દૂર નથી જણાતી જેથી આવા અજીબ અજીબ પ્રસંગો ખડા થઈ રહ્યા છે. આ બધા પાછળ આ ઈસ્રા તથા અમીના તો ઓથાં જ છે, અસલ હાથ એના પાછળ અમેરિકાનો છે. આ પ્રકારની કાર્યવાહી ઈસાઈ તથા યહૂદીઓ તરફથી જાસૂસી રીતે વિ□ભરમાંથી ઈસ્લામને નાબૂદ કરવા થતી રહી છે અને મુસ્લિમ નામધારી અસંખ્ય એમના જાસૂસો બાકાયદા ઈસ્લામી તા'લીમ તથા ઈસ્લામી લિબાસ અપનાવી મુસલમાનોમાં ફૂટફાટ પેદા કરવા, નવા નવા વિચારો ઉભા કરી વિવાદ ખડા કરવા હમેશાંથી કાર્યરત રહ્યા છે, જેમ કે "હમ્ફ્રેની ઝબાની વહાબીની કહાની" કિતાબ જે હમ્ફ્રે જાસૂસે ઈસ્લામને તોડી પાડવા શું શું કર્યું તેની વિગતો ભરપુર ડાયરીના આધારે પ્રસિદ્ધ થયેલી છે. ઉપરાંત "તોહફાએ મુહમ્મદિયા" કિતાબમાં એવા અંગ્રેજ જાસૂસ તથા બિકાઉ મોલ્વીઓની વિગતો છે જેનું સંક્ષિપ્ત વર્ણન "રહનુમાએ હક્ક" કિતાબમાં છે. (જે કિતાબ **દયાદરા**ના સરનામેથી રૂા ૫૦/– M.O. કરતાં મળી શક્શે.)

ઉપરોક્ત બાબતની સાબિતી માટે વધુ એક તેહકીક રજૂ કરીએ છીએ જેનાથી ઈસ્લામને તોડી પાડવા વિ□માં યહૂદી, ઈસાઈઓએ શું શું નથી કર્યું તે જાણવા મળશે :–

"આલમે ઈસ્લામમેં ઈસાઈયતકી ખુફીયા સુરંગ" એ હેડીંગ સાથે 'હુદા" ડાયજેસ્ટ

એપ્રિલ–૧૯૯૩માં મુહમ્મદ આસિફ દહેલ્વીનો એક લેખ પ્રસિદ્ધ થયો જેમાં નવાબ છત્તારીના હવાલાથી એક એવા ભયાનક ષડયંત્રનો ભેદ ખોલવામાં આવ્યો છે જેને વાંચીને આંખો આશ્ચર્યથી ફાટી જાય છે. એના પરથી ખયાલ આવે છે કે "ઈસ્લામી એકતા"ને તોડવા માટે ઈસાઈ યહૂદી કેટલા અંશે છુપી રીતે સક્રિય છે. દહેલ્વી સાહબ જણાવે છે :–

"મારા એક મિત્ર જે અલીગઢમાં નવાબ છત્તારીના ત્યાં કોઈ ઉચ્ચ હોદ્દા પર નોકરી કરતા હતા અને નવાબ સાહબ તેમની સાથે ખૂબ જ મુક્તપણે વર્તતા હતા. તેમણે આ પ્રસંગ સંભળાવ્યો કે નવાબ સાહબ હિંદુસ્તાનના ભાગલા પહેલાં અંગ્રેજોના ઘણા જ શુભેચ્છક હતા. તે મુસ્લિમ લીગ અને કોંગ્રેસ પાર્ટીથી તદન સંબંધ રાખતા ન હતા અને રાજનીતિમાં અંગ્રેજોના સંપૂર્ણપણે મદદગાર હતા એટલા માટે અંગ્રેજ ગવર્નમેન્ટે તેમને યુ.પી.ના ગવર્નર બનાવી દીધા હતા. એકવાર અંગ્રેજ ગવર્નમેન્ટ સૌ હિંદુસ્તાની રાજ્યોના ગવર્નરોને મશવરા માટે ઈંગ્લેન્ડ બોલાવ્યા તો નવાબ સાહબ પણ ગવર્નરની હૈસિયતથી ઈંગ્લેન્ડ ગયા.

સારાંશ એ કે એમના રાજ્યમાં કલેકટર તથા કમિશ્નર તરીકે જે અંગ્રેજ આવતા હતા તે સૌ તેમને ત્યાં મળ્યા અને એમાનાં એકે આપને ઈંગ્લેન્ડમાં અજાયબીભર્યાં મ્યુઝિયમો દેખાડવાની ઓફર કરી તો નવાબે કહ્યું કે હું બધું જ જોઈ ચૂક્યો છું, પણ એવું કાંઈક બતાવો જે કોઈએ જોયું ન હોય! તો કલેકટરે બીજા દિવસનો વાયદો કરી સોચી વિચારીને જે જગ્યા બતાવવાનો પ્રોગ્રામ ઘડયો તેનું વર્ણન કાંઈક આ પ્રમાણે છે :–

બીજા દિવસે નવાબ સાહબ તેની સાથે નીકળ્યા. એક સુમસામ ગાઢ જંગલમાં પહોંચ્યા. અડધો કલાકથી વિશેષ ચાલ્યા બાદ એક મોટો દરવાજો આવ્યો જે એક મોટી બિલ્ડીંગના મેઈન ગેટ જેમ હતો. તેમાં આગળ તથા પાછળ દરવાજા હતા. બંને તરફ લશ્કરી પેહરો હતો. કલેક્ટરે મોટરમાંથી ઉતરીને પાસપોર્ટ તથા લેખિત પરવાનગી પત્ર બતાવ્યો. તેણે બંને લઈ લીધાં અને અંદર આવવાની ઈજાઝત આપી દીધી અને કહ્યું કે તમે તમારી મોટર અહીં મૂકી દો અને અંદર જે મોટરો છે તેમાંથી કોઈ લઈને આગળ વધો. નવાબ સાહબે જોયું કે એ દરવાજો કોઈ બિલ્ડિંગનો નથી અને તેની બંને તરફ દીવાલોને બદલે ખૂબ જ ગાઢ ઝાડીઓ અને કાંટાળા ઝાડો હતાં જેમાંથી કોઈનું પસાર થવું શક્ય ન હતું. મોટર ચાલતી રહી પણ ગાઢ જંગલો અને જંગલી ઝાડીની દીવાલ સિવાય કાંઈ જોવા મળતુ ન હતું. નવાબ સાહબે ગભરાઈને પૂછયું કે ક્યારે ત્યાં પહોંચીશું ? તેણે કહ્યું, બસ ! પહોંચી ગયા, જુઓ ! પેલી જે ઈમારત દેખાય છે ત્યાં જવાનું છે. સાથોસાથ સૂચના આપી કે ઈમારતમાં પ્રવેશ્યા બાદ બધુ જોયા કરજો પણ કોઈ પ્રકારનો સવાલ કોઈને ન કરશો ! તદન ચૂપ રહેવાનું છે. તમારે જે કાંઈ પૂછવું હોય તે મને જ પૂછજો. નવાબ સાહબે હા પાડી. હવે મોટરને મૂકીને ચાલતા ચાલતા ઈમારતમાં પહોંચ્યા. ત્યાં ઘણા કમરાઓ હતા. અંદર દાખલ થયા તો એક કમરામાંથી એક દાઢી મૂછવાળો અરબી કપડાં પહેરેલ માથા પર રૂમાલ નાખેલ યુવાન નીકળ્યો અને એક બીજા કમરામાંથી બીજા બે છોકરા નીકળ્યા. તેઓ પેલા યુવાન પાસેથી પસાર થયા તો કહ્યું, "અસ્સલામુ અલૈકમ !" પેલાએ જવાબ આપ્યો "વઅલયકુમ સલામ ! કેમ છો !" નવાબ સાહબ આશ્ચર્યમાં પડી ગયા. જ્યારે છોકરા તેમની પાસે થઈને પસાર થયા તો તેમણે કાંઈ પૂછવા ઈચ્છયું પણ કલેકટરે તેમને રોકી દીધા. કલેકટરે તેમને એક રૂમના દરવાજે ઉભા રાખ્યા. જોયું કે અંદર ફર્શ બિછાવેલ છે એના પર અરબી લિબાસમાં ઘણા તલબા બેઠેલા છે અને તેમની સમક્ષ તેમના ઉસ્તાદ તદન એ જ પ્રમાણે બેસીને સબક પઢાવી રહ્યા છે જેવી રીતે ઈસ્લામી મદ્રસાઓમાં થાય છે. તલબા અરબીમાં તો કદીક અંગ્રેજીમાં પ્રશ્નો કરતા હતા. કલેક્ટરે નવાબ સાહબને સર્વ રૂમો બતાવ્યા

અને દરેકમાં જે તા'લીમ થઈ રહી હતી તે દર્શાવ્યું. નવાબે જોયું કે ક્યાંક કલામે મજીદ પઢાવવામાં આવી રહ્યું છે તો ક્યાંક કિરઅત શીખવાડવામાં આવી રહી છે, ક્યાંક મઆના તથા તફસીરનો દર્સ ચાલી રહ્યો છે તો ક્યાંક હદીષો પઢાવવામાં આવી રહી છે, ક્યાંક બુખારી શરીફનો સબક થાય છે તો ક્યાંક મુસ્લિમ શરીફનો, ક્યાંક મસ્અલા મસાઈલ શીખવાડવામાં આવી રહ્યા છે તો ક્યાંક ઈસ્તેલાહાતની સમજ તો ક્યાંક મુનાઝરો થઈ રહ્યો છે ! આ બધુ જોઈને નવાબ સાહબને ખૂબ જ આશ્ચર્ય થયું.

આ બધું જોઈને પાછા ફર્યા તો નવાબ સાહબે પૂછયું કે આટલો મોટો દીની મદ્રસો જ્યાં ઈસ્લામના દરેક પાસાની તા'લીમ થઈ રહી છે અને બારીકથી બારીક વાતો શીખવાડવામાં આવી રહી છે, પરંતુ આ મુસલમાન તલબાને (વિદ્યાર્થીઓને) આટલા અલાયદા કેમ રાખવામાં આવી રહ્યા છે ?! અને આટલા છુપાવીને શા કારણે રાખવામાં આવ્યા છે ?

દોસ્તો ! આ પ્રશ્નનો જવાબ શાંતિથી વાંચો અને ઈસ્લામના દુશ્મનોનાં કાવત્રાંઓ કેવાં કેવાં થયાં છે તેનો અભ્યાસ કરો ! કલેકટરે કહ્યું કે :–

**આ વિદ્યાર્થીઓમાં કોઈ પણ મુસલમાન નથી ! સૌ ઈસાઈ છે. અને તા'લીમ પૂર્ણ કર્યા બાદ તેમને મુસ્લિમ દેશોમાં ખાસ કરીને મધ્યપૂર્વમાં મોકલી દેવામાં આવે છે. ત્યાં તેઓ કોઈ મોટા શહેરની મોટી મસ્જિદમાં જઈને નમાઝમાં શરીક થાય છે અને નમાઝીઓને કહે છે કે તેઓ અંગ્રેજ છે તેમણે મિસ્રમાં અઝહર યુનિવર્સિટીમાં તા'લીમ મેળવી અને પૂરા આલિમ થયા છે, ઇંગ્લેન્ડમાં ઈસ્લામી મદ્રસા નથી કે ત્યાં તા'લીમ આપી શકે અને ન મસ્જિદો છે જેથી વતન ત્યાગ કરી ખિદમતે દીન માટે નીકળ્યા છે. "તેમને પગાર નહીં પણ કેવળ જમવાનું તથા રહેવા રૂમ બસ છે અને પહેરવાં કપડાં વગેરે. આ રીતે ત્યાં મોઅઝ્ઝિન કે ઈમામ કે બાળકોને પઢાવવા મદ્રસામાં રહી જાય છે. પરીક્ષાના રૂપે કોઈ તેમને મસ્અલા મસાઈલ પૂછે છે તો શરૂ શરૂમાં સંતોષકારક જવાબો આપે છે. આ રીતે લોકો તેમના ચાહક થઈ જાય છે. પણ આગળ જતાં જ્યારે કોઈ વિવાદાસ્પદ મસ્અલો ખડો થાય છે તો તે એવા જવાબો આપે છે કે બે ગૃપ તૈયાર થઈ જાય છે અને મુસલમાનોમાં વિખવાદ થઈ જાય છે અને આપસમાં લડાઈ ઝઘડા શરૂ થઈ જાય છે.**

કેમ કે આ (ઈંગ્લેન્ડના છુપા) મદ્રસાનો મૂળ હેતુ એ છે કે મુસલમાનોને આપસમાં લડાવો. જેમ કે મધ્યપૂર્વમાં ચર્ચોના પાદરીઓના એક વાર્ષિક સંમેલનમાં ઝેવિયર નામના પાદરીએ પ્રમુખ સ્થાનેથી પ્રવચન કરતાં કહ્યું કે, **મુસલમાનોને આપણે મુનાઝરામાં નથી જીતી શક્તા એટલા માટે અમે આ માર્ગ અપનાવ્યો છે કે તેઓને આપસમાં લડાવો અને એમાં અમે કામયાબ છીએ** જેથી આપણે એના માટે કાર્યરત રહેવું જોઈએ. *(ઈસ્તેકામતનો તહફ્ફૂઝે અકાઈદ નંબર, પેજ–૬૧, ૬૨)*

તો આ ઈસ્લામના રિવાજો, અકીદાઓ તથા અમલો જે સેંકડો વરસોથી ઈસ્લામના મહાન સહાબા, ઉલમા, ઔલિયા, ફકીહોથી ચાલ્યા આવે છે તેની વિરૂધ્ધ રોજબરોજ ઉઠતા ફિત્ના જેમ કે સ્ત્રીની ઈમામત તથા તેણીઓની મસ્જિદોમાં હાજરીનો વર્તમાન ફિત્નો વગેરે એ આવી ઈસાઈ તથા યહૂદી જાસૂસી ચળ વળ અને તેમના હાથે વેચાતી કહેવાતી મુસલમાન વ્યક્તિઓના કારણે જ હોય છે. મૌલા તઆલા તેના હબીબે પાક ﷺ ના સદકામાં મુસલમાનોને સીરાતે મુસ્તકીમ પર રાખે. (આમીન)

# તફસીરે ઝિયાઉલ કુર્આન ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

-કાર્યાલય

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَاِذْ قُلْنَا ادْخُلُوْا هٰذِهِ الْقَرْيَةَ فَكُلُوْا مِنْهَا حَيْثُ
شِئْتُمْ رَغَدًا وَّادْخُلُوا الْبَابَ سُجَّدًا وَّقُوْلُوْا حِطَّةٌ نَّغْفِرْ لَكُمْ
خَطٰيٰكُمْ ۭ وَسَنَزِيْدُ الْمُحْسِنِيْنَ ﴿٥٨﴾ فَبَدَّلَ الَّذِيْنَ ظَلَمُوْا قَوْلًا
غَيْرَ الَّذِيْ قِيْلَ لَهُمْ فَاَنْزَلْنَا عَلَى الَّذِيْنَ ظَلَمُوْا رِجْزًا مِّنَ
السَّمَاۗءِ بِمَا كَانُوْا يَفْسُقُوْنَ ﴿٥٩﴾ وَاِذِ اسْتَسْقٰى مُوْسٰى لِقَوْمِهٖ
فَقُلْنَا اضْرِبْ بِّعَصَاكَ الْحَجَرَ ۭ فَانْفَجَرَتْ مِنْهُ اثْنَتَا عَشْرَةَ
عَيْنًا ۭ قَدْ عَلِمَ كُلُّ اُنَاسٍ مَّشْرَبَهُمْ ۭ كُلُوْا وَاشْرَبُوْا مِنْ رِّزْقِ اللّٰهِ
وَلَا تَعْثَوْا فِي الْاَرْضِ مُفْسِدِيْنَ ﴿٦٠﴾ وَاِذْ قُلْتُمْ يٰمُوْسٰى لَنْ
نَّصْبِرَ عَلٰى طَعَامٍ وَّاحِدٍ فَادْعُ لَنَا رَبَّكَ يُخْرِجْ لَنَا مِمَّا تُنْۢبِتُ
الْاَرْضُ مِنْ بَقْلِهَا وَقِثَّاۗىِٕهَا وَفُوْمِهَا وَعَدَسِهَا وَبَصَلِهَا ۭ
قَالَ اَتَسْتَبْدِلُوْنَ الَّذِيْ هُوَ اَدْنٰى بِالَّذِيْ هُوَ خَيْرٌ ۭ اِهْبِطُوْا
مِصْرًا فَاِنَّ لَكُمْ مَّا سَاَلْتُمْ ۭ وَضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ وَالْمَسْكَنَةُ
وَبَاۗءُوْ بِغَضَبٍ مِّنَ اللّٰهِ ۭ ذٰلِكَ بِاَنَّهُمْ كَانُوْا يَكْفُرُوْنَ بِاٰيٰتِ
اللّٰهِ وَيَقْتُلُوْنَ النَّبِيّٖنَ بِغَيْرِ الْحَقِّ ۭ ذٰلِكَ بِمَا عَصَوْا وَّكَانُوْا
يَعْتَدُوْنَ ﴿٦١﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَالَّذِيْنَ ھَادُوْا وَالنَّصٰرٰى وَ
الصّٰبِـِٕيْنَ

**તર્જુમો** : અને યાદ કરો જ્યારે અમે હુકમ આપ્યો, દાખલ થઈ જાવ આ વસ્તીમાં[૭૬] પછી ખાવ તેમાં જ્યાંથી ચાહો અને જેટલું ચાહો અને દાખલ થશો દરવાજેથી માથુ નમાવેલ રાખીને[૭૭] અને કહેતા જશો, બખ્શી દે (અમને), અમે બખ્શી દઈશું તમારી ખતાઓ અને અમે અધિક આપીએ છીએ નેકોકારોને. પછી બદલી નાખી તે જાલિમોએ અન્ય વાતોથી જે કહેવામાં આવી હતી તમને, તો અમે ઉતર્યો તે જુલ્મ કરનારા લોકો પર અઝાબ આસ્માનેથી એ કારણે કે તેઓ નાફર્માની કરતા હતા[૭૮]. અને યાદ કરો જ્યારે પાણીની દુઆ માંગી મૂસાએ પોતાની કૌમના માટે તો અમે ફર્માવ્યું, મારો તમારો અસા (લાકડી) ફલાણા પહાડ પર, તો તરત વહી નીકળ્યાં તે ચટ્ટાનથી બાર ઝરણા[૭૯] દરેક ગિરોહે પોત પોતાના ઘાટને ઓળખી લીધો. ખાવ અને પીવો અલ્લાહની આપેલી રોજીમાંથી અને ન જમીનમાં ફસાદ ફેલાવતા ફરો. અને યાદ કરો જ્યારે તમે કહ્યું, હે મૂસા ! અમે સબ્ર નથી કરી શકતા એક જ જાતના ખાણાથી જેથી તમે દુઆ કરો અમારા માટે તમારા પરવરદિગારથી કે કાઢે અમારા માટે તે જેને જમીન ઉઘાડે છે. (દા.ત.) સાગ અને કાકડી અને ઘઉં અને મસૂર

અને પ્યાજ. મૂસાએ કહ્યું, શું તમે લેવા માંગો છો તે ચીજ જે અદના છે અને બદલામાં જે ઉમદા છે ?! જઈને રહો કોઈ શહેરમાં તમને મળી જશે જે તમે માંગી અને લાગુ કરી દેવામાં આવી તેમના પર ઝિલ્લત (બેઈજ્જતી) અને ગરીબી[૯૦], અને મુસ્તહિક (હક્કદાર) થઈ ગયા અલ્લાહના ગઝબના. આ સર્વ કાંઈ એ કારણે હતું કે તેઓ ઈન્કાર કરતા રહેતા હતા અલ્લાહની આયતોનો અને નાહક કત્લ કરતા હતા અંબિયાઓને[૯૧]. આ (સર્વ કાંઈ) એ કારણે હતું કે તેઓ નાફર્માન હતા અને હદથી વધ્યા કરતા હતા. યકીન કરો[૯૨] ઈસ્લામના અનુયાયી હોઉ કે યહૂદી, ઈસાઈ હોઉ કે સાબી[૯૩]. જે કોઈ પણ ઈમાન લાવે અલ્લાહ પર અને કિયામતના દિવસ પર અને નેક અમલ કરે તો તેમના માટે તેમનો બદલો છે તેમના રબને ત્યાં અને તેમના માટે કોઈ અંદેશો નથી અને ન તેઓ ગમગીન થશે.

## ★ તફસીર ★

**૭૬.** એમાં મતભેદ છે કે તે વસ્તી કઈ હતી અને કયા જમાનામાં બની ઈસ્રાઈલે એને ફતહ કરી. બાબઈલની સ્પષ્ટતા આ પ્રમાણે છે, "આ શહેરને બની ઈસરાઈલે હઝરત મૂસાની જિંદગીના અંતિમ જમાનામાં ફતહ કર્યુ અને ત્યાં ઘણી બદ્‌કારીઓ કરી, જેના પરિણામે ખુદાએ તેમના પર વબા મોકલી અને ચોવીસ હજાર (૨૪૦૦૦) માણસો હલાક કરી નાખ્યા." *(બાબ–૨૫, આ. ૧ થી ૮)* એક ચીજ કુર્આનનો અભ્યાસ કરતી વખતે હમેશાં નજરો સમક્ષ રહેવી જોઈએ તે એ કે કુર્આન જે પ્રસંગોનું વર્ણન કરે છે એમાં હેતુ કેવળ બોધ આપવાનો તથા નસીહતનો હોય છે, એના પરથી એ પ્રસંગની ઐતિહાસિક હૈસિયતના વર્ણનનો હેતુ નથી હોતો એટલા માટે કુર્આન એ પ્રસંગોના કેવળ તે પાસાનું વર્ણન કરે છે જેમાં બોધગ્રહણ કરવાનો પેહલુ (પાસુ) હોય. સામાન્યતઃ બિનજરૂરી વિગતોને ત્યજી દેવામાં આવે છે. જે લોકો કુર્આને હકીમની આ વિશિષ્ટતાને લક્ષમાં નથી રાખતા તેઓ કુર્આની કિસ્સાઓમાં ઐતિહાસિક કિતાબોની જેમ વિસ્તારપૂર્વક સતત વર્ણન અને સમય તથા સ્થળની નિશ્ચિતતા નથી પામતા તો તેઓ જાત જાતની શંકા કુશંકાઓમાં સપડાઈ જાય છે.

**૭૭.** તેમને હિદાયત ફર્માવવામાં આવી રહી છે કે જ્યારે વિજયીના રૂપે શહેરમાં પ્રવેશવા લાગો તો અન્ય વિજયીઓની જેમ નાફર્માન તથા ગર્વિષ્ઠ થઈને પ્રવેશ ન કરશો બલ્કે દિલમાં આજીજી તથા નમ્રતા તથા જીભ પર (حِطَّةٌ) મગફેરતની તલબની દુઆ હોય. અહીં સજદાનો શાબ્દિક અર્થ આજીજી કરવી તથા પોતાને તુચ્છ સમજવું મુરાદ છે.

**૭૮.** એનાથી એ દર્શાવવાનો હેતું છે કે **અલ્લાહ તઆલાનો અઝાબ કોઈ કૌમ પર વિના કારણે નથી આવતો બલ્કે તેમની પોતાની બદ્‌અમલીઓનું સ્વભાવિક પરિણામ હોય છે.**

**૭૯.** જ્યારે તીહાના રણમાં બની ઈસ્રાઈલ તરસથી તડપવા લાગ્યા તો મૂસા عليه الصلوٰة والسلام એ બારગાહે ઈલાહીમાં પાણીના માટે અર્ઝ કરી. હુકમ થયો કે ફલાણા પથ્થર પર તમારી લાકડી (અસા) ફટકારો ! હઝરત મૂસાએ એવું જ કર્યુ અને તેનાથી બાર ઝરણાં ફૂટી નીકળ્યાં અને પાણીની ઉણપ દૂર થઈ ગઈ. તે ચટ્ટાન હજી સુધી સીના નામના ટાપુમાં મૌજૂદ છે. પાદરી દીન સ્ટેનલી (Dean Stanley)એ ૧૯મી સદીના મધ્યમાં બાઈબલના મુકદ્દસ સ્થળોના ભૌગોલિક સંશોધનના માટે ખૂદ

પેલેસ્ટાઈનની સૈર કરી અને પોતાના અનુભવો તથા સંશોધનોને Sinal Palestineના નામથી પ્રસિદ્ધ કર્યાં. એમાં એ ચટ્ટાનનું વર્ણન કરતાં લખે છે, "આ ચટ્ટાન દસ પંદર ફૂટ જેટલી ઊંચી છે, આગળની તરફ થોડી ઝુકેલી છે અને 'આસ સફસફા'ની નજીક 'લીજા'ના વિશાળ મેદાનમાં આવેલી છે." સૌ પ્રથમ કુર્આને જ સોગંદપૂર્વક બની ઈસ્રાઈલના બાર કબીલાઓના માટે બાર ઝરણાઓની સંખ્યા વર્ણન કરી છે. આ ઈશારો તે છિદ્રો પ્રતિ છે. *(તફસીરે માજિદી, પેજ–૩૭, ૩૮)*

**૮૦.** અહીં એ શંકા દિલમાં ખટકે છે કે કુર્આને કરીમ કહે છે કે અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલ પર ગરીબી તથા તંગદસ્તી લાગુ કરી દીધી, જ્યારે કે તેમની ગણત્રી દુનિયાની સૌથી ધનિક કૌમોમાં થાય છે. આ શંકાને દૂર કરવાના માટે જ્યુશ ઈન્સાઈકલોપિડિયાના નિમ્ન લિખિત વાક્યો વાંચશો :–

"જો કે યહૂદીની માલદારી ખૂબ જ ખ્યાતિ પામી ચૂકેલ છે પરંતુ સંશોધનકર્તાઓની એકમતિ છે કે યહૂદી યૂરોપના જે જે દેશમાં આબાદ છે ત્યાંની આબાદીમાં એમના મુફલિસોની બરાબરી વધી ચૂકેલી છે. *(ભાગ–૧૦, પેજ–૬૧, તફસીરે માજિદી)* યહૂદી પબ્લિક અન્ય કૌમો કરતાં કેટલાયે અંશે ગરીબ છે, એ અલગ વાત છે કે એમના અમુક લોકો ખૂબ જ પ્રમાણમાં ધનિક છે. *(ભાગ–૧, પેજ–૬૧, તફસીરે માજિદી)*

**૮૧.** અહીં પછી એ બાબતની સ્પષ્ટતા કરી આપી કે બની ઈસ્રાઈલ પર જે ઝિલ્લત તથા ગરીબીનો અઝાબ સવાર કરવામાં આવ્યો હતો તે વિના કારણે ન હતો બલ્કે તેમની પોતાની નાફર્માનીઓ તથા કરતૂતોની સજા હતી.

આ પ્રકારના ગુનાહોથી બની ઈસ્રાઈલનો ઈતિહાસ ભરપુર છે. દા.ત. "ત્યારે ખુદાની રૂહ....... ઝકરિયા પર નાઝિલ થઈ જેથી તે ઊંચી જગ્યાએ ઉભો થઈને લોકોને કહેવા લાગ્યો..... કેમ કે તમે ખુદાવંદને છોડયો છે તો તેણે પણ તમને છોડી મૂક્યા. ત્યારે એના વિરૂધ્ધ કાવત્રુ રચ્યું અને બાદશાહના હુકમથી ખુદાવંદના ઘરના સહનમાં તેને સંગસાર કરી નાખ્યો." *(૨, તવારીખ ૨૪, ૨૦, ૨૧)*

આ પ્રમાણે મરકસના પ્રકરણ–૬ની આયત ૧૭ થી ૨૯ માં હઝરત યુહના (યહ્યા عليه السلام)ના વિશે લખેલ છે કે, જ્યારે આપે હીરોદેસ બાદશાહને એના માટે ટોક્યો કે તેણે પોતાના ભાઈ ફિલપસની પત્ની હીરોદયાસને પોતાની પાસે શા માટે રાખેલ છે ? તો બાદશાહે પ્રથમ તેમને કેદ કરી દીધા બાદમાં પોતાની રખાતની ફર્માઈશ પર આપનું સર કત્લ કર્યું અને એક થાળમાં રાખીને તેણીની સેવામાં હાજર કર્યું.

**૮૨.** આ આયતમાં એ બાબતની સ્પષ્ટ કરવામાં આવી રહી છે કે નજાતનો આધાર વંશજ કે જાતિ પર નથી બલ્કે ઈમાન તથા અમલ પર છે, યહૂદીઓ એ ગલત ફહમીમાં સપડાયેલા હતા કે તેમનો અકીદો ગમે તેટલો બગડેલો કેમ ન હોય અને તેમના અમલો ગમે તેટલા ખરાબ કેમ ન હોય પણ જન્નત તેમની છે. અને તેઓના સિવાય જેટલી કૌમો છે તે ગમે તેટલી પાકબાઝ કેમ ન હોય પણ સૌ દોઝખનું બળતણ છે. અલ્લાહ તઆલાએ તેમની આ ગેરસમજને તદ્દન સ્પષ્ટ શબ્દોમાં દૂર કરી દીધી. અને મજાની વાત એ છે કે સંબોધન મુસલમાનો, યહૂદીઓ, ઈસાઈઓ તથા સાબીઓ સૌને કર્યું અને મુસલમાનોનો ઉલ્લેખ પ્રથમ કરીને તેમને ચેતવણી આપી દીધી કે ક્યાંક તમે પણ પોતાની જાતી પર ગર્વ કરીને ઈમાન તથા અમલીથી ગફલત ન વર્તવા લાગો. નજાત તથા ભલાઈ, ઈમાન તથા અમલ વિના પ્રાપ્ત થઈ શકશે નહીં.

دَرسِ حدیثِ پاک
દર્સે હદીષે પાક

મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્કાત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૨૬ ★

હઝરત અબૂ અમામાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ કે **જે કોઈ અલ્લાહને માટે મહોબ્બત તથા અદાવત કરે અને અલ્લાહને માટે આપે અને રોકે[૨] તેણે પોતાનું ઈમાન સંપૂર્ણ કરી લીધું[૩]**. આ હદીષ અબૂ દાઊદે રિવાયત કરી. તિર્મિઝીએ થોડાક ફરક સાથે હઝરત મઆઝ ઈબ્ને અનસથી આ પ્રમાણે નકલ કરી કે, બેશક ! તેણે પોતાનું ઈમાન કામિલ કરી લીધું. અબૂ ઝરથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે **શ્રેષ્ઠ અમલ અલ્લાહના માટે મહોબ્બત અને અલ્લાહના માટે અદાવત છે[૪]**. *(અબૂ દાઊદ)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **સાચો મો'મિન તે જેની જીભ તથા હાથથી મુસલમાન મેહફૂઝ રહે[૫]**. અને **સાચો મુસલમાન તે જેનાથી લોકો પોતાના ખૂન તથા માલમાં સંતુષ્ઠ રહે[૬]**. એને તિર્મિઝી તથા બયહકીએ રિવાયત કરી. બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત ફઝાલાની રિવાયતથી[૭] આટલો ઉમરો કર્યો કે **ગાઝી તે છે જે અલ્લાહની ફર્માબરદારીમાં પોતાના નફ્સથી તકલીફ ઉઠાવે[૮] અને સાચો મુહાજિર (હિજરત કર્તા) તે જે ખતા તથા ગુનાહ ત્યજી દે[૯]**.

રિવાયત છે હઝરત અનસથી કે એ જવલ્લેજ થતું કે હુઝૂર અમોને એના વિના વઅઝ કહે કે **જે અમીન નથી તેનું ઈમાન નથી, જે વાયદાનો પાબંદ નથી તેનો દીન નથી[૧૦]**. આ હદીષ બહયકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી.

## ★ સમજૂતી ★

**૧.** આપનું નામ શરીફ સદી અને કુન્નિયત અબૂ અમામા છે. કબીલા બની બાહેલાથી છે. પ્રથમ મિસ્રમાં પછી હમ્મસમાં રોકાણ કર્યું. ૭૨ વરસની વયે હિ.સ. ૮૬ માં હમ્મસમાં વફાત પામ્યા. શામ (સીરિયા)ના સૌથી છેલ્લા સહાબી આપ છે *(મિર્કાત)*

**૨.** જો કે મુસલમાનનું દરેક કામ અલ્લાહના માટે જ હોવું જોઈએ, પણ આ ચાર કામો મોટા ભાગે નફ્સના માટે થાય છે એટલા માટે એનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો. જ્યારે આ જ કામો અલ્લાહના માટે થઈ ગયાં તો બાકીના અમલો સૂવું, જાગવું, બોલવું અને ચૂપ રહેવું વગેરે સૌ અલ્લાહના માટે થશે. જોવામાં એવું આવ્યું છે કે અલ્લાહના નામ પર આપનારા થોડો હોય છે અને નામના કમાવા ખર્ચવાવાળા વધારે હોય છે. રબ તઆલા એ ગુણો નસીબ કરે.

**૩.** કારણ કે ઈમાનનો કમાલ ઈખ્લાસથી નસીબ થાય છે. મુખ્લિસ (નિખાલસ) સિદ્દીકોના ટોળામાં પહોંચી જાય છે. **ઈખ્લાસ**ની પેહચાન એ છે કે **કાફિર પુત્ર દુશ્મન લાગે અને અજનબી મુસલમાન** મિત્ર જણાય.

**૪.** કેમ કે અન્ય અમલો શરીર થકી અદા થાય

છે, અને અલ્લાહના માટે મહોબ્બત તથા અદાવત દિલથી થાય છે, તે સૌ શારીરિક ઈબાદતો છે અને આ દિલની ઈબાદત છે, કેમ કે **અલ્લાહના માટે મહોબ્બત ત્યારે જ થશે જ્યારે અલ્લાહથી મહોબ્બત હશે. અને અલ્લાહની મહોબ્બત તેના સર્વ હુકમોની મહોબ્બતનો ઝરીયો છે.** ઈમામ ગઝાલી ફર્માવે છે, જો કોઈ શખ્સ રસોઈયાથી એટલા માટે મહોબ્બત કરે કે તેની પાસે સારું ભોજન પકાવીને ગરીબોને વહેંચે, તો એ અલ્લાહના માટે મહોબ્બત છે અને જો આલિમે દીનથી એટલા માટે મહોબ્બત કરે કે તેનાથી ઈલ્મે દીન શીખીને દુનિયા કમાય. તો એ દુનિયા માટે મહોબ્બત છે. *(અશ્અતુલ લમ્આત)*

**૫.** કે ન કોઈને વિના કારણે મારે પીટે, ન તેમની ચુગલી તથા ગીબત કરે. હક્ક માટે મારવું અયન દીન છે જેમ કે મુજરિમ પાસેથી કેસાસ (બદલો) લેવો. શરઈ જરૂરતના કારણે ગીબતમાં ઈબાદત છે જેમ કે હદીષના રાવીઓના અયબો બયાન કરવા હદીષની તેહકીકના માટે હોય છે, જેથી એ ચીજો આ હદીષથી અપવાદ છે.

**૬.** એટલે એનો વર્તાવ એટલો સારો હોય કે લોકોને કુદરતી રીતે તેના તરફથી સંતોષ હોય કે એ ન અમારો માલ મારી ખાશે ન તકલીફ આપશે. આ મુસલમાનોનું ઈત્મિનાન એ અલ્લાહની ઘણી મહાન નેઅમત છે. એટલા માટે બુઝુર્ગ ફર્માવે છે કે કોઈની ઈમાની મજબૂતી માપવાના માટે તેના પડોશીઓ તથા દોસ્તોને પૂછો. હદીષના નિર્દેશ થકી માલૂમ થઈ રહ્યું છે કે ઈસ્લામ તથા ઈમાનમાં ફર્ક છે. ઈસ્લામનો સંબંધ જાહેર અંગોથી છે અને ઈમાનનો દિલથી છે.

**૭.** ફઝાલા ઈબ્ને ઓબૈદ અવસી અન્સારી છે. એઓ હુઝૂરના ગુલામ છે. ઓહદ અને તેના પછીના સર્વ ગઝવાતમાં હુઝૂર ﷺ ની સાથે રહ્યા. બયઅતે રિદ્વાનમાં શરીક હતા. હુઝૂર ﷺ ના પછી શામના જેહાદોમાં શરીક રહ્યા. દમિશ્કમાં રોકાયા. અમીર મુઆવિયા رضی اللہ عنہ ના જમાનામાં ત્યાંના કાઝી રહ્યા. હિ.સ. ૫૩ માં tI FI J OFT 5 Fdl FP *(મિર્કાત તથા અશ્અતુલ લમ્આત)*

**૮.** કેમ કે આપણો બદ્તરીન દુશ્મન નફ્સ આપણો નફ્સ છે. કાફિરોને મારવા સહેલા પણ બુરા નફ્સને મારવો મુશ્કેલ છે.

**૯.** કેમ કે વતન શરીરનો દેશ છે અને ગુનાહ નફ્સે અમ્મારાનો દેશ છે. વતન ઉમરમાં એક વાર છોડવું પડે છે અને આ હરપળે છોડવું પડે છે. અહીં ખતાથી મુરાદ નાના ગુનાહ છે અને ઝુનૂબથી મુરાદ મોટા ગુનાહ છે.

**૧૦.** એટલે કે અમાનતદારી અને વાયદાની પાબંદી વિના ઈમાન તથા દીન કામિલ નથી. ''અમાનત''માં માલ સંપત્તિ, લોકોની બેઈજ્જતી એટલે સુધી કે સ્ત્રીની પોતાની ઈજ્જત સૌ દાખલ છે, બલ્કે સર્વ નેક અમલો પણ અલ્લાહની અમાનતો છે. હુઝૂર ﷺ સાથે ઈશ્કો મહોબ્બત હુઝૂરની અમાનત છે. રબ ફર્માવે છે :–

اِنَّا عَرَضْنَا الْاَمَانَتَہ.....الخ ''વાયદા''માં મીષાકના દિવસે રબથી વાયદો, બયઅતના વખતે શયખ (પીર)થી વાયદો, નિકાહના સમયે પતિથી વાયદો, જે જાઈઝ વાયદો મિત્રથી કરવામાં આવે આ.....સૌ દાખલ છે. આ સૌને પૂર્ણ કરવું લાઝિમ છે. અને નાજાઈઝ વાયદા તોડવા જરૂરી છે, જો કોઈને ઝિના, ચોરી, હરામખોરી અથવા કુફ્રનો વાયદો કર્યો તો તેને કદી પણ પૂરો ન કરે. કે એ રબના વાયદા (અહદ)ના મુકાબલામાં છે. અલ્લાહ તથા રસૂલને તેનાથી બચવાનો વાયદો કર્યો છે તેને પૂરો કરે.

"ઈમાનની જાન રસૂલે પાક صلی اللہ علیہ وسلم ની શાન પ્રદર્શિત કરતો સંગ્રહ" એટલે

# શિફા શરીફ

# شفا شریف


**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ**

★ ઉર્દૂ અનુવાદક ★ મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★ ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*


**[પ્રકરણ : ૨]**

## હદીષની રોશનીમાં મુસ્તફા صلی اللہ علیہ وسلم નો મકામ

હબીબે પરવરદિગાર صلی اللہ علیہ وسلم ની મહોબ્બતનો દમ ભરવાવાળાઓએ જાણી લેવું જોઈએ કે પોતાના આકાના મર્તબાના સંક્ષિપ્તમાં વિગતવાર વર્ણનના ઈચ્છુક છે ? જલાલ અને કમાલ (પ્રભાવ અને વિશિષ્ટતા)ના લક્ષણો માનવીમાં બે પ્રકારનાં હોય છે :–

(૧) **દુનિયાની જરૂરિયાતો** : જે માનવીય પ્રકૃતિ અને દુનિયાની હયાતી, જિંદગી માટે આવશ્યક છે. (૨) **દીનની કમાઈ** : જેના કારણે કર્તાની પ્રશંસા કરવામાં આવે છે અને તેને ખુદાવંદીની સમીપતા પ્રાપ્ત થાય છે. તેમનામાંથી દરેક લક્ષણના પણ બે વધુ પ્રકાર છે. એક તે કે બંને પ્રકારની ખૂબીઓમાંથી એકના સાથે ખાસ અને બીજો પ્રકાર તે છે જે બંનેમાં સંયુક્ત હોય.

કેવળ જરૂરી તો તે જ છે જેમાં મનુષ્યની કોશિશ અને અધિકારની કોઈ દખલ ન હોય, બલ્કે સ્વભાવિક અને કુદરતી હોય. જેવો કે વિશિષ્ટ નિર્માણ, સુંદર રૂપ, સમજ શક્તિ, અવયવોની શક્તિ, શિષ્ટાચાર તથા વંશની બુઝુર્ગી, જાતિની ઈજ્જત મહેરબાની તથા અખ્લાક અને તે જરૂરિયાતો પણ સંકળાયેલી છે જેની તરફ દુનિયાની જિંદગી માટેનું સાધન છે જેવું કે ખાવું, પીવું, સૂવું, ઘર, નિકાહ અને માલ તથા પ્રતિષ્ઠા વિગેરે અને ક્યારેક આ લક્ષણો અને જરૂરિયાતો છેવટમાં વર્ણન કરેલ આખિરત સંબંધી પ્રકારથી પણ જોડાઈ જાય છે. જ્યારે કે તેનાથી તક્વા (પરહેઝગારી) અને આખિરતના માર્ગે ચાલવાના માટે શરીરને સહકાર કરવાનો હેતુ હોય અને આવશ્યક્તા અનુસાર અને શરીઅતના હુકમો પ્રમાણે હોય.

તો પોતે જાતે પાડેલ આદતો જે આખિરતમાં કામમાં આવે છે. તેનો સંબંધ, ખૂબસૂરત સંસ્કાર અને શરીઅતના આદાબોમાંથી છે જેવો કે ઈલ્મ, સહિષ્ણુતા, ધીરજ, શુક્ર (કૃતજ્ઞતા), ન્યાય, પરહેઝગારી, આદર સત્કાર, ક્ષમા, સંયમ, સખાવત, બહાદુરી, સજ્જનતા, અલ્પ ભાષિતા, મહોબ્બત, પ્રતિષ્ઠા, મહેરબાની, શિષ્ટાચાર અને સભ્યતા વિગેરે, પરંતુ સંસ્કાર આ સર્વે ખૂબીઓનો સંગ્રહ છે. કેટલીક વખત એવું પણ બને છે કે તેમાંથી કેટલીક ખૂબીઓ કેટલાક લોકોની પ્રકૃતિમાં મૌજૂદ હોય છે. જ્યારે કે કેટલાકની પ્રકૃતિમાં ઉપસ્થિત હોતી નથી પરંતુ તેઓ તેને સ્વકોશિશથી મેળવી લે

છે. પરંતુ એ જરૂરી છે કે તેમની પ્રકૃતિમાં તેનો અંશ હોય. જેવું કે અમે આગળ ચર્ચા કરી લઈશું ઈન્શાઅલ્લાહ તઆલા! જો આ ખૂબીઓથી અલ્લાહ તઆલાની ખુશી અને આખિરતનો સંગ્રહનો હેતુ ન હોય તો તે પણ દુનિયવી બની જાય છે. પરંતુ આ પ્રકૃતિ યોગાનુયોગ દરેક સદ્‌બુદ્ધિ ધરાવનારાના નજીક સારી આદતોમાંથી છે જો કે કેટલાક કારણોના લીધે તેમની શોભા અને પ્રતિષ્ઠાના વચ્ચે મતભેદ અથવા ફર્ક બની જાય છે.

(ભાગ-૧)

## એક ઈમાન વર્ધક મુદ્દો

ઈમામ કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યારે આ વાત સ્વીકૃત છે કે મહાન તથા ખૂબસૂરત ખૂબીઓ તે જ છે જેની ચર્ચા ઉપર કરવામાં આવી છે. આપણે જોઈએ છીએ કે જો કોઈ માનવ વર્ષોવર્ષની મહેનત અથવા તમામ જિંદગીમાં એમાંથી કોઈ પણ ગુણથી સંબંધિત થઈ જાય છે તો તેને એક પ્રકારની શ્રેષ્ઠતા અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ જાય છે. ભલે આ ગુણ તેના વંશમાં પ્રાપ્ત થાય અથવા સુંદરતા, તાકાત, ઈલ્મ, ધીરજ, બહાદુરી, સખાવત અને માફી વિગેરેમાંથી, કોઈમાં પણ હોય પરંતુ તેના મર્તબામાં વધારો થઈ જ જાય છે, લોકો તેના નામને દષ્ટાંત રૂપે રજૂ કરવા લાગે છે, અને તેની તે ખૂબીના કારણે દિલોમાં તેની ઈજ્જત અને મહાનતાનો પ્રભાવ પ્રવેશી જાય છે અને મરણ પછી પણ ઘણા સમય સમય સુધી તેનું નામ જીવિત રહે છે, જો કે શક્ય છે કે તેનાં હાડકાં પણ સડી ગયાં હોય.

અય અક્લમંદ! તારો તે હસ્તીના મર્તબાના વિશે શું મત છે જેના ઉમદા સંસ્કાર અને સુંદર સ્વભાવ, રુચિકર આદતો, તેનામાં એટલા વધારે પ્રમાણમાં જોવામાં આવે કે તેમની ગણત્રી કરવાથી સંખ્યા લાચાર બની જાય અને જીભ ગુંગી થઈ જાય! સાથે સાથે તે ખૂબીઓ પણ વિશિષ્ટ દરજ્જા પર હોય કે હુન્નર, કે બહાના દ્વારા તેમની પ્રાપ્તિ શક્ય ન હોય અને તે સમગ્ર પ્રસંગ જ અલ્લાહ જલ્લ મજદહૂની ખાસ મહેરબાની સાથે સલંગ્ન હોય.

ફખ્રે દો આલમ ﷺ ની શ્રેષ્ઠતાઓ અને ખૂબીઓના કેટલાક વિષયો આ છે :– નબુવ્વત, રિસાલત, ખુલ્લત (મહોબ્બત), મહબૂબિયત (પ્યારા હોવું) ઉસ્તિફા (પ્રતિષ્ઠા), અસરા (રાત્રે રસ્તે ચાલવું), રૂયતે બારી તઆલા (અલ્લાહ તઆલાના દીદાર) કુર્બ વ દુન્નુ (નિકટતા), વહી, ગુનેહગારોની શફાઅત, વસીલા, દરજ્જાની બુલંદી, પ્રતિષ્ઠાની ઉચ્ચતા, મકામે મહમૂદ, બુરાક, મેઅરાજ, તમામ જગતની તરફ મોકલવું, અંબિયાના સાથે ઈમામ બનીને નમાઝ પઢાવવી, અંબિયાએ કિરામ અને તેમની ઉમ્મતો પર સાક્ષી હોવું, બની આદમ (માનવજાત)ની સરદારી, લિવાએ હમ્દ (અલ્લાહની તારીફનો ધ્વજ), બશારત વ નઝારત (ખુશખબર અને ભય), અર્શ અને ફર્શના માલિકની ખાસ નઝ્દીકી, ઈતાઅત (આજ્ઞાપાલન), અમાનત, હિદાયત, સમગ્ર જગતના માટે રહમત હોવું, અતીય્યહે રિઝા, (ખુદાની મરજી પર રાજી રહેવાની ભેટ), સવાલ, હૌઝે કૌષર, કલામે ઈલાહીનું સાંભળવું, ઈત્મામે નેઅમત (નેઅમતોની પૂર્ણાહુતી), આગળ અને પાછળનાઓની મગફિરતનું કારણ, શર્હે સદ્ર (છાતી ખોલવી), માનવ જાતિનો બોઝ હલકો કરનાર, રિફ્અતે ઝિક્ર (ઝિક્રની બુલંદી) અલ્લાહની મદદથી પ્રતિષ્ઠા, સાહિબે સકીના (આરામના માલિક), ફરિશ્તાઓની મદદ, સાહિબે કિતાબ વ હિકમત (કિતાબ અને બુદ્ધિમત્તા)ના માલિક અને સબ્એ મસાની (સૂરએ ફાતિહા) અને કુર્આને અઝીમ, ઉમ્મતની શુદ્ધિ કરવી, માનવજાતને ખાલિક તરફ બોલાવવી, અલ્લાહ અને ફરિશ્તાઓનું સલામ મોકલવું, લોકો વચ્ચે મધ્યસ્થી, અલ્લાહના હુકમથી હાકિમ અને ન્યાયકર્તા હોવું, ઉમ્મતે મુહમ્મદીયાથી આગળની ઉમ્મતોવાળા કષ્ટોને હટાવવાવાળા, ખુદાએ

તેમના નામ (હયાત) (જિંદગી)ની કસમ યાદ કરી, દુઆઓ કબૂલ થવી, નિર્જીવ વસ્તુઓએ આપનાથી વાતચીત કરવી જો કે તેઓ વાણીથી વંચિત છે, મુડદાંને જીવંત કરવાં, બહેરાઓને સંભળાવવું, આંગળીઓની અંદરથી પાણીનાં ઝરણાં વહેવડાવવાં, થોડા ખોરાકને વધારી દેવો, ચાંદના ટુકડા કરવા, સૂરજને પાછો બોલાવવો, દિલની આંખો, દબદબાથી મદદ કરતા ગયા, ખાનગી બાબતો જાહેર કરતા ગયા, વાદળોઓએ છાંયડો કરવો, કાંકરીઓએ તસ્બીહ પઢવી, રંજો ગમ (દુ:ખ અને કષ્ટ) દૂર કરવાં, લોકોને ખરાબીઓથી રક્ષિત રાખવા વિગેરે એવી વિશિષ્ટતાઓ છે જેનો કોઈનાથી ઘેરાવ થઈ શક્તો નથી. કેમ કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના સિવાય કોઈનામાં એ તાકાત જ નથી કે મુસ્તફાની વિશિષ્ટતાઓનો ઘેરાવ કરી શકે છે, આ સિવાય આપની બુલંદ (ઉચ્ચ) તે શ્રેષ્ઠતાઓ અને વિશિષ્ટતાઓ પણ છે જે ખુદાએ અંતિમ સમય માટે (દારે આખિરતમાં) આપના માટે સંગ્રહ કરી રાખેલ છે. દા.ત. ઉચ્ચ મુકામ, મુકદ્દસ દરજ્જાઓ અને તમામથી બુલંદ (ઉચ્ચ) સરદારીના મર્તબાઓ, આ એ નેઅમતો છે કે અક્લ તેને સમજાવવામાં બે અક્લ (મૂર્ખ) છે. અને તેમની હકીકતની તરફ ઉડયન કરવાથી પક્ષીઓની વહેમ અને ગુમાનની પાંખો બળી જાય છે★.

★ ખબર નહીં ! વહાબીઓના ઈમામ મોલ્વી મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વીના સીનામાં મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ થી શું અદાવત હતી કે આપની અઝમતને મુસલમાનોના દિલો અને સમજથી કાઢવા માટે તેમણે એડી ચોટીનું જોર લગાડયું. એ માટે મુસલમાનોને મુસ્તફાની વિશિષ્ટતાઓના મુન્કિર (ઈન્કાર કરવાવાળા) બનાવવા માટે તેણે આ પ્રમાણે સમજાવ્યું :– જે ખૂબીઓ અને વિશિષ્ટતાઓ અલ્લાહે મને બક્ષી છે તે તમામ રસૂલ કહી દેવામાં આવી જાય છે. કારણ કે મનુષ્યના હક્કમાં રિસાલતથી વધીને કોઈ મર્તબો નથી. *(તકવિયતુલ ઈમાન, મત્બૂઆ, અશરફ પ્રેસ–લાહોર, સફા–૧૧૩)* આ મુસ્તફા ﷺ ની વિશિષ્ટતાઓનો સાફ ઈન્કાર છે કેમ કે સામાન્ય રસૂલ એટલે પ્રથમ સર્જિત, આદમના વંશના સરદાર, પૂરી દુનિયાની તરફ મોકલવું, સાહિબે મેઅરાજ વ અસરા, સાહિબે લિવાએ હમ્દ (અલ્લાહના ઝિક્રના ધ્વજના માલિક), મકામે મહમૂદ, સાહિબે હૌઝે કૌષર (હૌઝે કૌષરના માલિક), શફીયુલ મુઝનબીન (ગુનેગાર લોકોની શફાઅત કરનાર), હબીબે પરવરદિગાર (અલ્લાહના દોસ્ત) હોવું જરૂરી નથી. બીજા મહાન રસૂલોને આ વિશિષ્ટતા બક્ષવામાં આવી નથી, ત્યારે કેવળ રસૂલ કહેવામાં આવી આ ખૂબીઓ કેવી રીતે આવી જશે ? તેણે પોતાના દિલની ટાઢક માટે એવો પ્રચાર પણ કરેલ છે, એટલે કે કોઈ બુઝુર્ગની પ્રશંસામાં જબાન સંભાળીને બોલો, જે માનવીની જેવી જ પ્રશંસા હોય, તેવી જ કરો, તેમાં પણ ટૂંકુ કરો. *(તકવિયતુલ ઈમાન, પેજ–૧૧૫)* માનવો તો ખરેખર દરેક વહાબી પણ છે, ત્યારે સરવરે કોનોં મકાં ﷺ ની તારીફ શું દરેક વહાબીથી પણ ઓછી કરવામાં આવે ?! (અસ્તગ્ફિરુલ્લાહિ વલા હવ્લા વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ)

**મુંબઈમાં ફિકહી સેમિનાર યોજાયો :** વિ□વિખ્યાત અરબી યુનિ. જામિઆ અશરફિયા–મુબારકપુર (યુ.પી.) સંચાલિત ૧૧ મો ફિકહી સેમિનાર **સુન્ની દા'વતે ઈસ્લામી**ના સહકારથી યોજાયો, જેમાં હિંદભરમાંથી ૫૦ ઉપરાંત મુફતીઓએ તથા ઉલમાએ કિરામે ત્રણ દિવસ સૈયદ બુખારી મસ્જિદ ખાતે તા. ૨૯–૩૦–૩૧ માર્ચ–૦૫ સુધી બહષો મુબાહેશા કરીને ઉમ્મતના પાંચ પ્રશ્નોનો નિવેડો આણ્યો હતો. જેની વિગત આવતા અંકે **બરકાતે ખ્વાજા અંક**માં જોવા મળશે. ઈન્શાઅલ્લાહ ! હાજરી આપનાર ઉલમામાં જામિઆ અશરફિયા મુબારકપુરથી હઝરત મુફતી નિઝામુદ્દીન સાહબ, મુફતી નસીમ સાહબ, હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી, મુબારક હુસૈન મિસ્બાહી, અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી, ખ્વાજા મુઝફફર હુસૈન, ઈદરીસ બસ્તવી સાહબ, કાઝી અબ્દર્રહીમ બસ્તવી સાહબ (બરેલી) અલ્લામા કમરુઝઝમાં આઝમી સાહબ, હઝરત અલ્લામા અબ્દુલ્લાહખાં અઝીઝી સાહબ (રોનાહી) હઝરત અલ્લામા અબ્દુલકાદિર સાહબ (બ્રાઉન શરીફ), મૌલાના અન્વાર અહમદ સાહબ (ઓઝાગંજ) ઉપરાંત ઘણા મુફતીયાને કિરામે હાજરી આપી હતી. તેમજ ૧ લી એપ્રિલ રાત્રે ઈશા બાદ **સુન્ની દા'વતે ઈસ્લામી** થકી મદનપુરા વિસ્તારમાં હોલમાં યોજાયેલ **યૌમે રઝા**માં આ જ વિવિધ ઉલમાના મકાલા તેમજ બયાનો આ'લા હઝરતની શખ્સિયતનાં વિવિધ પાસાંઓ પર થયાં હતાં. પ્રોગ્રામ ખૂબ જ કામયાબ રહ્યો.

## દરેક મુસ્લિમે જાણવી જરૂરી ફિક્હ

એટલે

# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## નબી અને રસૂલ

**નબી અને રસૂલ :–** જેવી રીતે અલ્લાહ તઆલાની જાત અને તેની સિફતોને જાણવી જરૂરી છે એવી રીતે એ પણ જાણવું જરૂરી છે કે નબી અને રસૂલમાં કઈ કઈ બાબતો હોવી જોઈએ અને કઈ બાબતો ન હોવી જોઈએ કે જેથી માણસ કુફ્રથી બચી શકે.

**રસૂલ :–** રસૂલનો અર્થ છે કે અલ્લાહ તઆલા તરફથી તેના બંદાઓ પાસે અલ્લાહનો સંદેશો લાવનાર.

**નબી :–** નબી તે માણસ છે જેની પાસે વહી એટલે કે અલ્લાહનો સંદેશો, લોકોને અલ્લાહનો રસ્તો બતાવવા માટે આવ્યો, પછી ભલે એ સંદેશ નબી પાસે ફરિશ્તો લઈને આવ્યો હોય કે ખૂદ નબીને અલ્લાહના તરફથી એનો ઈલ્મ થયો હોય. ઘણા નબીઓ અને ઘણા ફરિશ્તાઓ રસૂલ છે. નબીઓ બધા પુરૂષોમાંથી જ હતા કોઈ જિન્નાત કે સ્ત્રીઓમાંથી નબી થયા નથી. ઈબાદત અને રિયાઝત દ્વારા માણસ નબી બની શક્તો નથી. બલ્કે ફક્ત અલ્લાહ તઆલાની મહેરબાનીથી થાય છે. એમાં માણસના પ્રયત્નો કે કોશિશો ચાલી શક્તી નથી, પરંતુ હા ! અલ્લાહ તઆલા તેને જ નબી બનાવે છે જેને એ હોદ્દાને લાયક પેદા કરે છે. અને તે નબી બનતા પહેલાંથી જ તમામ બુરી વાતોથી દૂર રહે છે. અને તમામ સારી વાતોથી સંપૂર્ણ થઈ ચૂક્યા હોય છે. નબીમાં કોઈ પણ એવી વાત હોઈ શક્તી નથી જેનાથી લોકો ધૃણા કે નફરત કરતા હોય. નબીની ચાલ ચલગત, શિકલો સૂરત, હસબ–નસબ (ખાનદાન કે વંશવાળી), રીતભાત, વાતચીત, દરેક બાબત સારી અને ઐબ (ખામી) વગરની હોય છે. **નબી સર્વ મનુષ્યોમાં વધુમાં વધુ બુદ્ધિશાળી હોય છે. મોટા મોટા બુદ્ધિશાળી કે તત્વવેત્તાની બુદ્ધિ નબીની લાખમાં ભાગની બરાબર પણ પહોંચી શક્તી નથી.** કોઈ માણસ એવું માને કે કોઈ પણ વ્યક્તિ પોતાની કોશિશથી નબી બને શકે છે, તે **કાફિર** થઈ જાય છે. અને જો કોઈ એમ સમજે કે નબીની નબુવ્વતને છીનવી પણ લઈ શકાય છે તો તે પણ **કાફિર** છે. નબી અને ફરિશ્તાઓ માસૂમ હોય છે, એટલે કે કોઈ ગુનો એમનાથી થઈ શક્તો જ નથી, **નબી અને ફરિશ્તા સિવાય કોઈ ઈમામ કે વલીને માસૂમ માનવું ગુમરાહી અને બદ્‌મઝહબી છે.** જો કે ઈમામો અને મોટા મોટા વલીઓથી પણ ગુનાહો નથી થતા પરંતુ કદાચ કોઈ ગુનો થઈ જાય તો તે શરીઅતની નજરે અશક્ય પણ નથી. અલ્લાહ તઆલાનો સંદેશ પહોંચાડવામાં નબીથી ભૂલચૂક નથી થઈ શક્તી બલ્કે અશક્ય છે. જે એવું કહે કે કેટલાક હુકમો (બનાવટ, છેતરપીંડી) તકીયાથી એટલે કે લોકોની બીકથી અથવા બીજા કોઈ કારણે પહોંચાડવામાં આવ્યા નથી તો તે **કાફિર** છે. નબીઓ તમામ મખ્લૂક કરતાં શ્રેષ્ઠ છે, ત્યાં સુધી કે તે ફરિશ્તાઓથી પણ શ્રેષ્ઠ છે જે રસૂલ છે. વલી કેટલાય મોટા મર્તબાઓ પર પહોંચી જાય, પણ નબીની બરાબર નથી થઈ શક્તા. જો કોઈ ગૈર નબીને (નબી સિવાયને) નબીથી શ્રેષ્ઠ અફઝલ કહે તો તે **કાફિર** છે.

**અકીદો** : નબીની તા'ઝીમ દરેકે દરેક મુસલમાન માટે ફર્ઝ છે. બલ્કે દરેક ફર્ઝોનું મૂળ છે.

કોઈ પણ નબીની લેશમાત્ર તૌહીન (બેઅદબી) કરવી કે જૂઠાડવું કુફ્ર છે. *(શિફા, હિન્દયા વિગેરે)* **સર્વ નબીઓ અલ્લાહ તઆલાની નજીક ઘણી જ ઈજ્જત અને માનમર્તબો ધરાવે છે. એમને અલ્લાહ તઆલાની સમીપ (મઆઝલ્લાહ !) મોચી, ખાલપાની જેમ કહેવું (જેમ કે દેવબંદીઓના ગુરૂ ઈસ્માઈલ દહેલ્વીએ તકવિયતુલ ઈમાનમાં લખ્યું છે.** *–પ્રકાશક*) **ચોખ્ખી બેઅદબી અને કુફ્રના શબ્દો છે.** નબીઓ عَلَيۡهِمُ السَّلَام પોતે પોતાની કબ્રોમાં એ જ રીતે જીવંત છે, જેવી રીતે દુનિયામાં હતા. અલ્લાહ તઆલાનો વાયદો પૂર્ણ થવા માટે એમને જરાકવાર માટે મૌત આવ્યું પરંતુ પાછા તરત જ જીવંત થઈ ગયા, એમની જિંદગી શહીદોની જિંદગી કરતાં પણ શ્રેષ્ઠ અફઝલ છે[૧].

**અકીદો** : અલ્લાહ તઆલાએ પોતાના નબીઓ عَلَيۡهِمُ السَّلَام ને ગૈબની વાતો બતાવી. જમીન આસ્માનનું રજે રજ દરેક નબીની નજર સમક્ષ છે. આ ઈલ્મે ગૈબ અલ્લાહ તઆલાએ એમને અર્પણ કર્યાથી છે જેથી એ ઈલ્મે અતાઈ કહેવાશે. અને અલ્લાહ તઆલાનો ઈલ્મ એની પોતાની પાસે કોઈના અર્પણ કર્યાથી નથી, બલ્કે એની પોતાની પાસે હમેશાંથી જ છે જેથી એ ઈલ્મે જાતી કહેવાશે. હવે જ્યારે કે અલ્લાહ તઆલાના ઈલ્મ અને એના રસૂલના ઈલ્મનો તફાવત જણાઈ ગયો તો હવે સ્પષ્ટ થયું કે **નબી કે રસૂલ માટે અલ્લાહ તઆલાનો આપેલો ઈલ્મે ગૈબ માનવો શિર્ક નથી, બલ્કે ઈમાન છે.** જેવી રીતે કે આયતો અને હદીષોથી સાબિત છે[૨].

**અકીદો** : કોઈ ઉમ્મતી તકવા, પરહેઝગારી, ફર્માંબરદારી, ઈબાદતમાં નબીથી વધી શક્તો નથી. (બલ્કે બરાબર પણ થઈ શક્તો નથી) નબીઓ સૂતાં, જાગતાં હરપળે હર સમયે યાદે ઈલાહીમાં જ પ્રવૃત્ત હોય છે. (દેવબંદીઓનો ગંદો અકીદો છે કે અમલમાં નબીથી ઉમ્મતી વધી શકે છે. *–પ્રકાશક*)

**અકીદો** : નબીઓની સંખ્યા નક્કી કરવી જાઈઝ નથી એમની ખરેખર સંખ્યાની સાચી માહિતી અલ્લાહ તઆલાને જ છે.

---

**૧.** હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ *"તકમિલુલ ઈમાન"* માં લખે છે કે નબુવ્વત અને રિસાલતના કમાલાતો મરવા પછી પણ જેમના તેમ જ રહે છે અને નબીઓ પોતે મરતા નથી, એ લોકો જીવંત અને બાકી છે. એમને માટે મૌત ફક્ત એટલી જ વાર છે કે એક વાર ચાખ્યું, પછી એમની રૂહોને એમના શરીરોમાં પાછી પરત ફેરવી દીધી અને એમને તે જ અસલ જિંદગી અર્પણ કરી દેવામાં આવી જેવી કે દુનિયામાં હતી અને એમની એ જિંદગી શહીદોની જિંદગી કરતાં ઘણી જ શ્રેષ્ઠ અને અફઝલ છે. ઉપરાંત ઘણી હદીષોમાં આવેલું છે કે નબીઓ હયાત (જીવંત) રહે છે અને એમને રોજી (ખાણું, પીણું) પણ મળે છે. નબીઓના શરીરને જમીનની માટી ખાઈ શક્તી નથી. *(ઈબ્ને માજા વગેરે...)*

**૨.** કુર્આન શરીફમાં છે :–

**અર્થાત** : "અલ્લાહ તઆલા પોતાનો ઈલ્મે ગૈબ પોતાના પસંદ કરેલા રસૂલોને આપે છે." *(તફસીરે જમલ, પા. ૨૯)* અને ફર્માવ્યું :–

**અર્થાત** : "આ રસૂલ ગયબની વાતો બતાવવામાં બખીલ નથી." *(પા. ૩૦)* રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, દુનિયા મારા ઉપર રોશન કરવામાં આવી જેવી રીતે કે મારાથી પહેલાંના નબીઓ ઉપર રોશન કરવામાં આવી હતી, તો દુનિયાની તરફ અને જે કંઈ કયામત સુધી બનવાનું છે, તે તરફ હું જોઉં છું જેવી રીતે કે મારી આ હથેળીને. *(તિબ્રાની, નઈમ, હમ્માદ, અબુનઈમ વગેરે)* હુઝૂર ﷺ એ ફર્માવ્યું : "હું (મખ્લૂક)માં સૌથી વધુ ઈલ્મવાળો, સૌથી વધુ પરહેઝગાર છું. તમારામાં મારા જેવો કોણ છે ?", "મારી આંખો ઊંઘે છે પરંતુ મારું દિલ નથી ઊંઘતું." હુઝૂર હરપળે અલ્લાહની યાદમાં જ રહે છે. *(બુખારી શરીફ વિગેરે..)*

# ફતવા વિભાગ

## દેવબંદીઓ સાથે શાદી વિવાહ કરવો કેવો ?

શું ફર્માવે છે દીનના આલિમો તથા શરીઅતના મુફતીઓ નીચેના મસ્અલામાં કે ઝૈદ સુન્ની સહીહુલ અકીદા અને મસ્લકે આ'લા હઝરતને માનનાર છે, પીરે તરીકત હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ અખ્તર રઝાખાં સાહબ કિબ્લા مدظلہ العالی ના દસ્તે હક્ક પરસ્ત પર બૈઅત પણ થયો છે. હાલમાં ઝૈદ એક મહોલ્લાની મસ્જિદમાં ખિતાબત તથા ઈમામતની ખિદમત અંજામ આપી રહેલ છે. બિહમ્દિહી તઆલા મહોલ્લાના તમામ લોકો મસ્લકે આ'લા હઝરતના માનવાવાળા છે, ખૂબ પ્રમાણમાં પોતાના આકા ﷺ ની મીલાદ ગોઠવે છે જેમાં કિયામ પણ થાય છે. પણ **બદ્કિસ્મતીથી મહોલ્લાવાસીઓ પોતાના છોકરા છોકરીઓની શાદી વહાબીઓ તથા દેવબંદીઓને ત્યાં કરે છે**. ઝૈદે કેટલીયે વાર સખ્તીથી મના કર્યું પણ મહોલ્લાવાસીઓ પર કોઈ અસર ન થઈ, બલ્કે એટલે સુધી કહે છે કે આ તો અમારા બાપદાદા કરતા આવ્યા છે જેથી એને અમે ચાલી રાખીશું. બીજું કે અમારી ચો તરફ વહાબી દેવબંદીઓની વસ્તી છે તો પછી અમે અમારી છોકરીઓની શાદી ક્યાં કરીએ ?! જ્યારે બારાત આવે છે તો ઝૈદ (ઈમામ)ને જ નિકાહ પઢાવવા માટે મજબૂર કરે છે. ઝૈદે કેટલીયે વાર વિરોધ કર્યો કે હું નિકાહ પઢાવીશ નહીં પણ મહોલ્લાવાસીઓ પર કોઈ અસર થઈ નહીં, તો ઝૈદે પછી નિકાહ પઢાવવાનું શરૂ કરી દીધું, જે હજી ચાલુ છે. ઝૈદના ખાવાની વ્યવસ્થા પણ સૌને ત્યાંથી થાય છે. અહીં કોઈ ઘર એવું નથી જેમની સગાઈ સંબંધ દેવબંદીઓ, વહાબીઓ સાથે ન હોય. હવે પ્રશ્ન એ છે કે જો ઝૈદ નિકાહ નહીં પઢાવે તો અહીંના લોકો ઔર પણ ગુમરાહીમાં સપડાઈ જશે, ક્રમે ક્રમે મીલાદ, કિયામ સૌને ત્યજીને દેવબંદી તથા વહાબી બની જશે, મસ્જિદમાં ઈમામ પણ દેવબંદી હશે. જો ઝૈદ નિકાહ પઢાવે છે તો તેની પાછળ નમાઝ થશે ? સૌને ત્યાંનું ખાવા ઝૈદના માટે જાઈઝ થશે ?! મહેરબાની કરીને કુર્આન, હદીષની રોશનીમાં જવાબ આપશો.

[**પ્રશ્નકર્તા** : મુહમ્મદ સાજિદ અન્વર સૂફી]

**જવાબ** : એ લોકોનું એવું કહેવું કે ચારેવ તરફ વહાબીઓની જ વસ્તી છે તો અમે શાદી વિવાહ ક્યાં કરીએ ?! તો એ લોકો એવું બતાવે કે જો ચોતરફ કાફિરોની જ વસ્તી હોત તો પછી શાદી વિવાહ ક્યાં કરત ? શું તેઓ કાફિર સાથે જ કરી નાખત ?! હરગિઝ ! હરગિઝ ! એવું ન કરત. તો પછી **આ દેવબંદી વહાબી જેઓ મુર્તદ છે, ઈસ્લામથી ખારિજ છે, એમની સાથે કેવી રીતે શાદી વિવાહ કરે છે !** તેમની સાથે નિકાહ કરવો છોકરા છોકરીઓને **વ્યભિચાર** માટે રજૂ કરવાં છે, જેમ કે કાફિરો સાથે નિકાહ કરવો (છોકરા–છોકરીઓને) ઝિના–વ્યભિચાર માટે રજૂ કરવું છે. વલ્ અયાઝુબિલ્લાહિ તઆલા. જેથી એ લોકોએ તેનાથી દૂર રહેવું અનિવાર્ય છે. એનાથી દૂર રહે અને પોતાના બાપદાદાઓને દલીલમાં પેશ ન કરે કે શક્ય છે તેઓને આ વહાબીઓનાં કુફ્રી કથનોની માહિતી નહીં હોય. **ઝૈદ પર લાઝિમ છે કે એવો નિકાહ હરગિઝ ! હરગિઝ ! ન પઢાવે. નિકાહ પઢાવી દેવા એ પણ ગુમરાહિયત તરફ ધકેલી દેવું છે.** શરીઅતે એની ઈજાઝત પણ નથી આપી કે પોતે પણ ગુમરાહિયતનો માર્ગ અપનાવે અને અન્યોને પણ ગુમરાહિયતની પ્રતિ ધકેલવામાં આવે. તે લોકોને બતાવવા છતાં ન બચે તો મહાન વબાલ એ લોકો પર છે, ઝૈદ પર એનો કોઈ ઈલ્ઝામ ન આવશે. શરીઅતનો જે હુકમ છે તેના પર ઝૈદ મજબૂતીથી કાયમ રહે (એટલે કે **તેમના નિકાહ ન પઢાવે** અને **તેમને દેવબંદીઓ સાથે નિકાહ કરવાથી મના કરે** અને લોકોને સહી માર્ગ બતાવશે તો જરૂર અલ્લાહ તઆલા તેની કોઈ ન કોઈ રીતે મદદ કરશે. ઝૈદ ઈમામ બનીને આમ પબ્લિકનો માર્ગ અપનાવશે તો પછી તેનામાં અને પબ્લિકમાં શું ફર્ક રહેશે ?! જેથી તેણે એ વાતનો ખ્યાલ રાખવો રહ્યો. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર** : ફકીર કાદરી મુહમ્મદ ફારૂક નૂરી ગુફિરલહૂ

*(દારુલ ઈફતા મન્ઝરે ઈસ્લામ–બરૈલી શરીફ)*

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## ✪ જીભની પાંચમી આફત ✪

જીભની પાંચમી આફત બિભત્સવાણી, બદ્‌ઝબાની, ગાળ ગલોચ, ફુઝૂલ વાતો તથા મઝાક વગેરે.

હુઝૂર તાજદારે મદીના ﷺ એ ફર્માવ્યું, **"તે વ્યક્તિ પર જન્નત હરામ છે જે બિભત્સવાણી તથા બેહયાઈની વાતથી કામ લે છે."**

અમુક લોકો એવા પણ હશે કે જ્યારે તેમને દોઝખમાં લઈ જવામાં આવશે તો તેમના મોઢેથી એવી સખત બદબૂ તથા વાસ નીકળીને દોઝખમાં ફેલાઈ જશે કે ખૂદ દોઝખીઓ ચીસો પાડી ઉઠશે અને પૂછશે કે આ કોણ લોકો છે ? ત્યારે તેમને બતાવવામાં આવશે કે આ તે બદ્‌બખ્ત લોકો છે જેઓ ગંદી વાણીથી કામ લેતા હતા અને એવા સ્થળે જવા માટે પણ આતુર રહેતા હતા જ્યાં બદ્‌ઝબાની તથા ગાળ ગલોચ થતી રહેતી હતી. ઉપરોક્ત હદીષે પાકથી બેશરમીની વાતો કરવાવાળા, ડ્રામાઓના શોખિનો, વી.સી.આર પર બિભત્સ ફિલ્મો જોનારા, સીનેમા ઘરોમાં જનારા (હવે તો ટી.વી. વાળાં લગભગ દરેક ઘરો સીનેમા ઘરો જ છે !), ફિલ્મી ગીતો ગણગણનારા બોધ ગ્રહણ કરે અને યાદ રાખે ! હઝરત ઈબ્રાહીમ ઈબ્ને મુનીર رحمۃ اللہ علیہ કહે છે કે, **"બિભત્સવાણી, બેહયાઈની વાતો કરવાવાળા કયામતના દિવસે કૂતરાની શકલમાં આવશે."** *(કીમીયાએ સઆદત)*

તાજદારે રિસાલત ﷺ એ ફર્માવ્યું છે, **"જે કોઈના માંબાપને ગાળ આપે છે અને જવાબમાં પોતાનાં માંબાપના માટે ગાળ સાંભળે છે, તો જાણે તે પોતે જ પોતાનાં માં બાપને ગાળ આપવા સમાન છે."**

યાદ રાખશો ! સંભોગની વાત તો પોતાની પત્ની સાથે પણ ઈશારા થકી ઈન્ડાયરેક્ટ રીતે કરવી જોઈએ, નહીં તો તે પણ બિભત્સપણાના વર્તુળમાં આવી જશે. અને યાદ રાખશો ! ઔરતનું નામ પણ સાફ સાફ ન લેવું જોઈએ, બલ્કે તબીબ માટે પણ જરૂરી છે કે જો કોઈને એવી બીમારી છે જેનું નામ લેવાથી તે શર્મિંદો થશે તો ઈશારાની ભાષામાં જ કામ લેવું જોઈએ, અને ઉખેડી ઉખેડીને વાત કરવી, સ્ત્રીને ગર્ભાશયની બીમારી છે તો વારંવાર પૂછવું કે ક્યારે વધારે થાય છે ક્યારે ઓછું થાય છે વગેરે વગેરે, આ માત્રા કાઢવા નથી પણ લઝઝત હાંસલ કરવાના માટે બિભત્સ વાણીમાંથી છે. એવું કરવાથી બચવું જોઈએ કેમ કે આ વાતચીતના નિયમની વિરૂધ્ધ છે.

## ✪ જીભની છઠ્ઠી આફત ✪

લઅનત કરવી કે લઅનત મોકલવી છે. યાદ રાખશો ! કોઈ વ્યક્તિ પર લઅનત (ફિટકાર વરસાવવો) ખૂબ જ બુરુ કાર્ય છે, બલ્કે લઅનત કોઈ માનવ પર હોય કે જાનવર પર બદ્‌તર કૃત્ય છે. એટલા માટે તાજદારે રિસાલત ﷺ એ ફર્માવ્યું, "મો'મિન કોઈના ઉપર લઅનત નથી કરતો."

રિવાયતમાં છે, એકવાર એક ઔરત હુઝૂર ﷺ ના સફરના સાથીઓમાં શરીક હતી, તેણીએ માર્ગમાં ઊંટ પર લઅનત કરી. સરકાર ﷺ એ હુકમ કર્યો, આ ઊંટ પરથી સવારી અને બોજ ઉતારીને કાફલાથી બહાર કરી દો ! કેમ કે આ મલઊન (જેના પર લઅનત કરવામાં આવી) છે, અને પ્યારા આકા ﷺ એ બેહદ નારાજગી દર્શાવી. હઝરત અબૂ દાઊદ رضی اللہ عنہ ફર્માવે છે, જે શખ્સ જમીન અથવા કોઈ ચીજ પર લા'નત કરે છે તો તે જવાબમાં કહે છે કે, લા'નત થાય તેના પર જે મારાથી અધિક ગુનેહગાર છે. ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ *કીમીયાએ સઆદત*માં ફર્માવ્યું છે કે, વ્યક્તિગત રીતે કદી લા'નત ન કરવી જોઈએ, સામુહિક રીતે કરી શકે છે. એટલે કે લા'નત થાય જાલિમો પર, ફાસિકો પર વગેરે વગેરે. અથવા જેના પર શરીઅતે લા'નત કરવી જાઈઝ ઠરાવી અથવા તે વ્યક્તિ પર જેનો ખાત્મો કુફ્ર પર થયો હોય, જેમ કે ફિરઔન તથા અબૂ જહલ વગેરે. ખાસ કરીને જીવતો માણસ ચાહે તે ગમે તેવો ગુનેહગાર કેમ ન હોય પણ કદાપિ તેના પર લા'નત ન કરવી જોઈએ કેમ કે શક્ય છે કે તે મૃત્યુ પહેલાં તૌબા કરી લે.

# યા સૈયદના શૈખ અબ્દલકાદિર જીલાની શૈઅન્ લિલ્લાહ (વઝીફો)

# જાઈઝ હોવા વિશે સંશોધનાત્મક ચર્ચા

રજૂ. **પટેલ શબ્બીર અલી રઝવી,** તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

હઝરત ગૌષુષ્ષકલૈન શૈખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہ ની મુબારક વિલાદત હિ.સ. ૪૭૧માં થઈ અને વિસાલ શરીફ હિ.સ. ૫૫૬માં થયો. આપ વલીઓના સરદાર છે. આપની કરામતો અસંખ્ય છે. તેમજ આપને અલ્લાહ તઆલાએ અતિશય રૂહાની કુવ્વતો અતા કરી છે જેના પર સહીહુલ અકીદા સુન્નીઓનું તો ઈમાન હોય જ છે પણ કેટલાક દિલના આંધળાઓ આપને મળેલી તસર્રુફની તથા મદદે પહોંચવાની શક્તિઓથી જલીને લોકોને ગુમરાહ કરવા એ માન્યતાઓમાં લોકોમાં વસવસા ઉભા કરવા અવારનવાર લોકોના માર્ગે રોડાં ફેંક્તા હોય છે કે, "ગૈરુલ્લાહથી મદદ માંગવી શિર્ક છે !" વગેરે. તો અત્રે **યા સૈયદના શૈખ અબ્દલકાદિર જીલાની શૈઅન લિલ્લાહ** વઝીફો જેને વહાબીઓ શિર્ક કહે છે, તો એમનાં એ રોડાંને હટાવી માર્ગને આસાન કરીએ.

## મસ્અલાની સમજૂતી

આ અરબી વાક્યનો ગુજરાતી અનુવાદ એ છે કે, "હે અમારા આકા ! શૈખ અબ્દુલકાદિર જીલાની ! ખુદાને ખાતર કાંઈક અતા કરો !" અરબીનું આ વાક્ય તદન એવું જ છે જેમ કે સામાન્ય બોલ ચાલમાં આપણે કહ્યા કરીએ છીએ કે, "ખુદાને ખાતર મારી મદદ કરો !" એટલે કે મદદના માટે હું ખુદાનો વાસ્તો આપું છું. જીભનો આ મુહાવરો આમ લોકો તથા ખાસ લોકો સર્વની વચ્ચે રિવાજ પામેલ છે છતાં આજ સુધી કોઈ તેના પર વાંધો લેતુ ન હતું. કદાચ તમે કહેશો કે વાંધો ઉઠાવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત નથી થતો, કેમ કે, "ખુદાને ખાતર મારી મદદ કરો !" આ વાક્ય બોલનાર જેને સંબોધન કરે છે તે સાંભળી પણ રહ્યો છે અને મદદ કરવાની શક્તિ પણ ધરાવે છે, પરંતુ આ **યા સૈયદના શૈખ અબ્દુલકાદિર જીલાની શૈઅનલિલ્લાહ !** માં જેને સંબોધન થાય છે તે ન સાંભળી રહેલ છે અને ન મદદ કરવાની શક્તિ ધરાવે છે !

તો હું જણાવીશ કે તમારી આ બંને વાતો અજ્ઞાનતા પર આધારિત છે, નહીં તો હકીકત એ છે કે જેને સંબોધન થાય છે તે (ગૌષ પાક) સાંભળી પણ રહેલ છે અને મદદ કરવાની શક્તિ પણ ધરાવે છે. જેને સંબોધન થાય છે તેને તમે મુર્દા સમજો છો એટલા માટે તમારી ગલતફહમી થઈ ગઈ છે કે મુડદુ કેવી રીતે સાંભળી શકે છે ?! અને મુડદામાં મદદ કરવાની શક્તિ ક્યાંથી આવશે ?! હવે આ બંને ચર્ચાઓ દલીલો સાથે નીચેના લખાણમાં વાંચો :–

## મુડદુ પણ સાંભળે છે !

ઘણી હદીષોથી સાબિત છે કે મુસલમાન મુડદાં પોતાની કબરોમાં જીવતાં છે, સાંભળે છે અને જુએ છે. જેમ કે *ઈમામ બયહકી*એ અને *ઈબ્ને અસાકિરે* હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની રિવાયતથી બયાન કર્યું છે. હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

**(અર્થ)** : "જ્યારે માણસ કોઈ એવી વ્યક્તિની કબ્ર પાસેથી પસાર થાય છે જેની સાથે દુનિયામાં જાન પેહચાન હતી, અને તે તેને સલામ કરે છે તો તે સલામનો જવાબ પણ આપે છે અને

તેને ઓળખે પણ છે. અને જેની સાથે ઓળખાણ ન હતી તેને ઓળખતો તો નથી પરંતુ તેના સલામનો જવાબ આપે છે."

અને બીજી હદીષ જેને *ઈમામ અહમદ અબૂ દાઊદે* હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે. એમાં હુઝૂર صلی اللہ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :

**(અર્થ)** : "જ્યારે મૈયતને દફનાવીને લોકો પાછા ફરે છે તો મુડદુ તેમનાં પગરખાં (જૂતાઓ)ની હલચલનો અવાજ સાંભળે છે."

અને *ઈમામ મુસ્લિમ*ની રિવાયતમાં છે :–

**(અર્થ)** : "જ્યારે મૈયતને દફન કરીને લોકો પાછા ફરે છે તો મુડદુ તેમના જોડાઓની હલચલનો અવાજ સાંભળે છે."

આ સર્વ હદીષોથી એ વાત સારી રીતે સાબિત થઈ ગઈ કે સામાન્ય (આમ) મુસલમાનો પોત પોતાની કબરોમાં જીવંત છે, સાંભળે છે, ઓળખે છે અને સલામનો જવાબ આપે છે.

## મો'મિનની રૂહ આલમે બાલામાં રહે છે

સાથોસાથ એ પણ સાંભળી લો કે મો'મિનની રૂહ આલમે બાલામાં રહે છે અને સલામ કરનાર તેની કબર પર સલામ કરે છે અને તે ત્યાંથી તેની સલામ સાંભળે છે અને જવાબ આપે છે જેમ કે *સુનને નિસાઈ*ની શરહ *ઝુર્કાની*માં છે :–

**(અર્થ)** : "રૂહની એક શાન એ પણ છે કે આલમે બાલામાં રહેવા છતાં પણ શરીર સાથે તેનો સંબંધ જોડાયેલો રહે છે અને ત્યાંથી તે સલામનો અવાજ સાંભળે છે અને જવાબ આપે છે."

જ્યારે સામાન્ય મુસલમાન લોકોની રૂહોની શ્રવણ શક્તિની આ હાલત છે કે તે આલમે બાલાથી સલામનો અવાજ સાંભળી લે છે તો ઔલિયાએ કિરામની પાક રૂહોનો અંદાજો કોણ લગાડી શકે છે ?! એઓના બારામાં હઝરત અલ્લામા મુનાદી તયસરીમાં અને હઝરત મુલ્લા અલી કારી મિર્કાત શરહે મિશ્કાતમાં જણાવે છે :–

**(અર્થ)** : "ઔલિયાએ કિરામની પવિત્ર રૂહોનો સંબંધ જ્યારે પોતાના માટીના શરીરોથી તૂટે છે તો તે આલમે બાલાથી જઈને મળી જાય છે અને તે વખતે કોઈ પ્રકારનો કોઈ પર્દો તેમના પર આડો નથી રહેતો. તદ્દન એ પ્રમાણે તે દરેક ચીજને જુએ છે અને દરેક અવાજને સાંભળે છે જેમ કોઈ જોઈ રહ્યું હોય છે.

## વિલાયતના હોદ્દાઓની વહેંચણી ગૌષ પાક કરે છે

આ શાન તો આમ (સર્વ) ઔલિયાએ કિરામની છે. હવે આવો ! તેમના અમીરે કિશ્વાર (વલીઓના સરદાર) હઝરત ગૌષુષ્ષકલૈન رضی اللہ عنہ ની રૂહાનિયતે કુબરાનો જલ્વો જુઓ. હઝરત કાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ *અસ્સૈફુલ મલૂલ*માં લખે છે :–

"વિલાયતના કારખાનાના ફયૂઝો તથા બરકતો અને હોદ્દાઓ તથા દરજ્જાઓ જે અલ્લાહ તઆલા તરફથી ઔલિયાએ કિરામના માટે જમીન પર નાઝિલ થાય છે તો ડાયરેક્ટ કુતબુલ ઈર્શાદ પર ઉતારવામાં આવે છે અને તે કેપેસિટી તથા યોગ્યતા પ્રમાણે તે સર્વ વિલાયતના હોદ્દાઓ તથા દરજ્જાઓ જમીનની ચો તરફ રહેનારા અકતાબ, અવતાદ અને નકબા તથા નજબા વગેરેની વચ્ચે વહેંચે છે. હઝરત આદમ علیہ السلام ના મુબારક સમયથી આ સ્થાને સૈયદના અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ની મુબારક રૂહ બિરાજમાન હતી. પછી ક્રમે ક્રમે અહલે બયતે અત્હાર ઈમામો એક પછી એક આ મહાન સ્થાન પર બિરાજમાન થતા રહ્યા, એટલે સુધી કે ઈમામ હસન અસ્કરી સુધી આ ક્રમ પહોંચ્યો. જ્યારે તેમની વફાત થઈ તો આલમે

બરઝખમાં તેમની રૂહ મુબારકને આ સ્થાને બિરાજીત કરવામાં આવી."

ત્યારબાદ ઈર્શાદ ફર્માવે છે :–

**(અર્થ)** : "જ્યારે હઝરત ગૌષુષ્ષકલૈન પૈદા થયા તો આ મહાન સ્થાન તેમને સોંપી દેવામાં આવ્યું અને હઝરત ઈમામ મેહદીના ઝહૂર સુધી તેમની રૂહ મુબારક આ સ્થાને બિરાજીત રહેશે."

હોદ્દાઓની વહેંચણીની આ સર્વ વિગત કાઝી સાહબે ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની رضی اللہ عنہ ના *મક્તૂબાત, ભાગ–૩*માંથી પ્રાપ્ત કરી છે, જેમાં તેમણે ખૂબ જ સ્પષ્ટતા તથા વિસ્તારપૂર્વક આ મહાન સ્થાન પર ગૌષ પાક رضی اللہ عنہ ના બિરાજમાન થવાનો ઉલ્લેખ કર્યો છે. છેવટે ખુલાસો પણ કર્યો છે કે હઝરત ગૌષ પાક رضی اللہ عنہ ના નાયબ તરીકે આ હોદ્દો મને પણ પ્રાપ્ત થયેલો છે. તેમના શબ્દો આ પ્રમાણે છે :–

**(અર્થ)** : "મુજદ્દિદ અલ્ફેષાની આ સ્થાન પર હઝરત શૈખના નાયબ છે અને હઝરત શૈખ (ગૌષપાક)ના નાયબપણા હેઠળ આ સ્થાન સાથે એને પણ સંબંધ છે. જેમ કે કહેવામાં આવ્યું છે કે ચાંદની રોશની સૂરજની રોશનીનું પ્રતિબિંબ છે. આ સ્થિતિમાં હઝરત ગૌષ પાકની અજોડતા તથા વિશિષ્ટતામાં કોઈ અસર પડતી નથી."

આ મહાન સ્થાન(મન્સબ)નો તકાઝો ત્યાં સુધી પૂર્ણ નથી થઈ શક્તો જ્યાં સુધી કે હઝરત ગૌષ પાક رضی اللہ عنہ ના માટે એક નિશ્ચિત પહોંચ શક્તિ તથા તસર્રુફ સ્વીકારી લેવામાં ન આવે કે તેઓ આલમે કુદ્સથી નાઝિલ થનાર સર્વ ફયૂઝો તથા બરકતોનો મુશાહેદો પણ કરે છે, અને વિ□ભરમાં રહેવાવાળા ઔલિયાએ કિરામના સર્વ તબકાઓની વિગતોથી પણ વાકેફ છે જ્યારે તેમની રૂહાની શક્તિ તથા પહોંચ સર્વ જગતને સમાવી (ઘેરી) ચૂકેલ છે તો જમીનના કોઈપણ ભાગમાં પોકારનારનો અવાજ સાંભળવો હવે તેમના માટે શું મુશ્કેલ છે ?!

## હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ ગૌષપાકથી મળવા કબ્ર બહાર આવ્યા !

આ પ્રસંગના રિવાયત કરનાર હઝરત અબુલ હસન અલી ઈબ્ને હીતી رضی اللہ عنہ વર્ણવે છે કે, એક દિવસે ગૌષ પાક رضی اللہ عنہ ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ ના મઝાર મુબારકની ઝિયારતના માટે ગયા તો હું અને શૈખ બકા પણ સાથે હતા. જેવા ગૌષે પાક رضی اللہ عنہ રોઝા મુબારકમાં પ્રવેશ્યા તેવી જ કબ્ર મુબારક ફાટી અને હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ જીવતાઓની જેમ બહાર આવ્યા અને ગૌષ પાકને પોતાના સીનાથી લગાડયા અને તેમને ખિલ્અતે ફાખિરા પહેરાવ્યો અને જણાવ્યું કે ઈલ્મે શરીઅત અને ઈલ્મે તરીકતમાં અમે તમારા મોહતાજ છીએ." *(બેહજતુલ અસ્રાર, પેજ–૩૬૪)*

આ પ્રસંગથી એ વાત સારી રીતે સ્પષ્ટ થઈ ગઈ કે હઝરત ગૌષ પાક رضی اللہ عنہ નું ખાકી જિસ્મ પણ રૂહની જેમ લતીફ હતું કે એક રૂહે મુજર્રદની મુલાકાતમાં તે કોઈ રીતે આડ ન બન્યું.

## ગૌષ પાકની રૂહાની શક્તિની પહોંચ

અહીં સુધી તો હઝરત ગૌષુષ્ષકલૈન رضی اللہ عنہ ની રૂહાની શ્રવણ શક્તિ તથા ઈદારક (પહોંચ) પર ચર્ચા હતી, હવે આવો ! તેમની તસર્રુફની શક્તિનો પણ એક જલ્વો જુઓ. હઝરત શાહ વલીઉલ્લાહ મોહદ્દિષ દહેલ્વી હમ્આતમાં લખે છે :–

**(અર્થ)** : "ઉમ્મતના સર્વ ઔલિયા અને સિલસિલાવાળાઓમાં જેમની રૂહાનિયતનો મકામ સૌથી બુલંદ છે અને જેમની નિસ્બતની શક્તિ સૌથી પરિપૂર્ણ છે તે હઝરત શૈખ મોહયુદ્દીન અબ્દુલકાદિર જીલાની છે જેમના બારામાં બુઝુર્ગોએ ઈર્શાદ ફર્માવ્યો છે કે તે પોતાની કબ્ર મુબારકમાં જીવતાઓની જેમ તસર્રુફ કરે છે."

## ગૌષ પાક પોતાના મુરીદો અને અકીદતમંદોની પ્રતિ દરેક સમયે ધ્યાનિત રહે છે

નક્શબંદી સિલસિલાના અમીર કબીર *હઝરત મિર્ઝા મઝહર જાનેજાના* પોતાના *મલ્ફૂઝાત*માં લખે છે :–

**(અર્થ)** : "પોતાના મુરીદો અને અકીદતમંદોની પ્રતિ હઝરત ગૌષપાકનું ધ્યાન દરેક સમયે કેન્દ્રિત જ રહે છે તેમના સિલસિલાની કોઈ વ્યક્તિ મને એવી નથી મળી જેમના પ્રતિ ગૌષપાકનું ધ્યાન કેન્દ્રિત ન હોય."

આ સર્વે ઉપરોક્ત લખાણો પરથી એ હકીકત સારી પેઠે ઉઘાડી થઈ ગઈ કે હઝરત ગૌષપાકની રૂહ મુબારકને ખુદાવંદે ઝુલજલાલે એવી પહોંચશક્તિ તથા તસર્રુફ અતા કર્યો છે કે તેઓ જીવતાઓની જેમ દરેક સમયે પોતાના દર્દમંદોની ખબરગીરી કરે છે.

## મસ્અલા "શયઅન લિલ્લાહ" જાઈઝ હોવા વિશે અમુક લખાણો

અત્યાર સુધી હઝરત ગૌષુલવરાની પહોંચ શક્તિ તથા તસર્રુફ વિશે ઉસૂલી ચર્ચા ચાલી. હવે આવો, સ્પષ્ટતા સાથે શયઅન લિલ્લાહ વઝીફાના ખાસ મસ્અલા પર ઈસ્લામના ઈમામો તથા તરીકતના શયખોનાં થોડાંક મહેકતાં લખાણોની અમે તમને સહેલ કરવીએ :–

સૈયદી જમાલ મક્કી قدس سرہ પોતાના ફતવામાં લખે છે :–

"તે વ્યક્તિના બારામાં મારાથી સવાલ થયો જે મુશ્કેલીઓના સમયે યા રસૂલલ્લાહ ! યા અલી ! તથા યા શયખ અબ્દુલકાદિર જીલાની ! કહે છે કે શું આ શરીઅતની રૂએ જાઈઝ છે કે નથી ?!

હવે તેમના શબ્દોમાં જવાબ સાંભળો :–

"મેં જવાબ આપ્યો, હા ! ઔલિયાથી મદદ માંગવી અને તેમને પુકારવા અને તેમનાથી વસીલો લેવો જાઈઝ તથા પસંદીદા છે, જેનો ઈન્કાર તે જ કરશે જે હઠધર્મી હશે અને ઔલિયાએ કિરામની બરકતોથી મેહરૂમ છે."

## મુશ્કેલીઓના હલ માટેનો અમલ

હઝરત શાહ વલીઉલ્લાહ મોહદ્દિષ દહેલ્વી પોતાની કિતાબ *ઈન્તિબાહ*માં મુશ્કેલીઓના હલ માટે એક વઝીફો સૂચવે છે :–

"પ્રથમ બે રકાત નફ્લ પઢે પછી એકસો અગ્યાર વખત દુરૂદ શરીફ, એકસો અગ્યાર વખત કલ્માએ તમજીદ, પછી એકસો અગ્યાર વખત **શયઅન લિલ્લાહ યા અબ્દલ કાદિર જીલાની** કહે."

હવે અંતમાં આ ચર્ચાને હઝરત ગૌષપાક رضی اللہ عنہ ના થોડાક ઈર્શાદો પર ખત્મ કરીએ છીએ જેમાં ખૂદ હઝરત ગૌષ પાક رضی اللہ عنہ એ પોતાના નિયાઝમંદોને પુકારવા તથા મદદ કરવાના પ્રતિ આકર્ષિત કર્યા છે. જેમ કે ફર્માવ્યું :–

"જે શખ્સ મને મુસીબતના સમયે પુકારે હું તેની મુસીબત દૂર કરીશ ! જે વ્યક્તિ તકલીફના સમયે ફરિયાદ કરે તેની તકલીફ હું દૂર કરીશ."

એક ઠેકાણે હઝરત ગૌષપાકનું આ ફર્માન નકલ થયેલ છે :–

"જો મારા મુરીદનો પર્દો પૂર્વમાં ખુલી જાય અને હું પશ્ચિમમાં હોઉં તો ત્યાંથી તેને હું ઢાંકી દઉં છું."

આ વિષય પર સમુદ્રની જેમ મોજાં મારતી દલીલોનો અભ્યાસ કરવો હોય તો આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ ની અજોડ કિતાબ "હયાતુલ મવાત ફી બયાને સમાઈલ અમવાત"નો અભ્યાસ કરો. *(કિતાબ "બેહજતુલ અસ્રાર" ઉર્દૂની પ્રસ્તાવના પરથી, અઝ : હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ)*

# કાદયાનીને ઓળખો

✪ સંપાદક ✪

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

ઈસ્લામ વિરૂધ્ધ દિન પ્રતિ દિન વિવિધ પ્રકારના નિત નવા રૂપમાં ઉઠતાં તોફાનો ઉછાળા મારતાં રહીને ઈસ્લામના કિલ્લાની દીવાલોની સાથે ટકરાતાં રહે છે અને તેના પાયાને હચમચાવા કોશિશ કરે છે પણ જેનો મુહાફિઝ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત છે તે પાકીઝા મઝહબ ઈસ્લામના અસલી ચહેરાને બગાડવા કોઈ તોફાન સફળ થઈ શક્યું નથી અને ન કિયામત સુધી સફળ થશે. આજે પણ કુર્આન તથા ઈસ્લામ તેના અસલી તાબનાક ચહેરાને સાચવીને વિ□માં પોતાની રોશની ફેલાવી રહેલ છે.

તેરમી સદી હિજરીની વિદાય અને ૧૪ મી સદી હિજરીના પ્રારંભમાં કેટલીયે નામ માત્રની ઈસ્લામી ચળવળોએ અખંડ ભારતમાં જન્મ લીધો જેમ કે વહાબી, ગૈર મુકલ્લિદ (અહલે હદીષ), ચકળાલ્વી (અહલે કુર્આન), દેવબંદી, કાદયાની....વગેરે, એ સૌ ચળવળો પાછળ ઈસ્લામ દુશ્મન શક્તિઓનો હાથ હતો એના માટે તેમનો ઈતિહાસ સાક્ષી છે. આ સર્વ ફિર્કાઓનો અભ્યાસ કરવામાં આવે તો પરિણામ એ નીકળે છે કે **સૌની જડ એ વહાબી ફિર્કો** છે, કારણ કે અલ્લાહને એક માનવામાં તો સૌ એકી અવાજે છે પણ નબીઓની શાનમાં ગુસ્તાખી કરવામાં ઉપરોક્ત સર્વ ફિર્કાઓ વહાબીઓની તે જ પગદંડી પર દોડી રહ્યા છે કે જે જહન્નમને જઈને મળે છે. નબીઓની બારગાહમાં ગુસ્તાખી કરવી એ જ જાણે તેમના ધર્મમાં દાખલ થવાનું પ્રવેશદ્વાર જણાય છે ! એથીયે આગળ વધીને કોઈએ હદીષોને માનવાથી ઈન્કાર કર્યો જે **અહલે કુર્આન** (ચકળાલ્વી) કહેવાયો તો કોઈએ ચારેવ ઈમામોની તકલીદનો ઈન્કાર કર્યો અને ડાયરેક્ટ હદીષોને માનવાનો દા'વો કર્યો અને ઓર ગુમરાહીમાં પડયો તે **અહલે હદીષ** (ગૈર મુકલ્લિદ) કહેવાયો.

વળી દેવબંદીઓના પેશ્વા મોલ્વી કાસિમ નાનોત્વીએ સહાબાથી લઈને આજ સુધી ચાલ્યો આવતો મશહૂર અકીદો કે **હુઝૂર** ﷺ **આખરી નબી છે અને આપના પછી હવે કોઈ નબી થશે નહીં**, ૧૪૦૦ વરસથી મુસલમાન ઉમ્મત જેના પર ઈમાન રાખતી આવી છે તે અકીદામાં ફાચર મારી દીધી કે, "ધારો કે નબી ﷺ ના જમાના પછી પણ કોઈ નબી પેદા થાય તો પણ મુહમ્મદ અંતિમ નબી હોવામાં કાંઈ ફરક આવશે નહીં !" *(તહઝીરુન્નાસ)*

અને એક મહાન નવા ફિત્નામાં મુસલમાનોને ઝોંકી દીધા ! અને તેમના બનાવેલા આ પ્લેટફોર્મ પરથી **મિર્ઝા ગુલામ અહમદ કાદયાની** કાદયાનની ભૂમી પરથી પોકારી ઉઠયો કે, "હું નબી છું !" અને તેણે નબીઓની શાનમાં, સહાબા, અવલિયા, કુર્આન, મક્કા, મદીના, હજ્જ......વગેરેની શાનમાં ભયાનક ગુસ્તાખીઓ કરીને ફિત્નાઓની વણઝાર શરૂ કરી આપી.

ભલુ થાય અહલે સુન્નતના ઉલમાએ કિરામનું કે તેમણે ઈસ્લામ વિરૂધ્ધ ઉઠતા દરેક ફિત્નાનો પીછો કરીને હમેશાં તેની નાકને ધૂળમાં રગડી કાઢી છે અને હક્ક મઝહબનો ઝંડો બુલંદ કર્યો છે. આ કાદયાની ફિર્કાનો પણ અહલે સુન્નતના ઉલમાએ વિશેષતઃ મુજદ્દિદે દીનો મિલ્લત **ઈમામ અહમદ રઝા**

મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ નકાબ ઉલ્ટાવી નાખ્યો અને તેનો અસલી ભયાનક ચહેરો લોકો સમક્ષ પેશ કરીને કરોડો મુસલમાનોના ઈમાનની રક્ષા કરવાનો શરફ આપે હાંસલ કર્યો.

જો કે અલ્લાહના ફઝ્લો કરમથી કાદયાની ફિત્નો આ તરફ નથી પણ સમાચાર મુજબ ગુજરાતમાં ક્યાંક ક્યાંક તે ડોકાઈ રહ્યો છે અને કચ્છમાં તથા આણંદ જિલ્લાનાં ગામોમાં તેમના આંટા ફેરા થતા હોવાનું જાણવા મળ્યું તો મુઝ નાચીઝમાં ગુજરાતીમાં તેની રદ બહાર પાડવાની તાલાવેલી તથા ચિંતા જાગૃત થઈ અને સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નઝરે ઈનાયતથી બુઝુર્ગોના ફય્ઝાને કરમથી આ અલ્પજ્ઞાનીએ મશહૂર ઉલમાએ અહલે સુન્નતની કિતાબો :– (૧) કાદયાની ધર્મ, લેખક : મૌલાના મુફતી અબ્દુલવાહિદ સાહબ કાદરી, પ્રકાશક : જામે નૂર–દિલ્હી અને (૨) ખાતિમુલ મુરસલીન, લેખક : અલ્લામા હાફિઝ મુહમ્મદ મઝહરુદ્દીન અમૃત્સરી, પ્રકાશક : અલ્ મજમઉલ મિસ્બાહી–મુબારકપુર (યુ.પી.)નો અભ્યાસ કરીને તેના આધારે આ સંક્ષિપ્ત પુસ્તિકા ગુજરાતી સુન્ની ભાઈ બહેનો માટે સંપાદિત કરી છે.

દુઆ છે કે અલ્લાહ તબારક વ તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં લોકોને દીન પ્રત્યે હક્ક સ્વીકારવાની તથા નિખાલસ રહીને ઈસ્લામ તથા ઈમાનની કદર કરવાની તૌફીક આપે, અમારાં મર્હૂમો તથા સર્વ ઈમાનવાળાઓની મગફિરત ફર્માવે અને આપણો ખાત્મો ઈમાન પર ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم.

## ★ કાદયાની ધરમની શરૂઆત ક્યાંથી થઈ ! ★

ઈ.સ. ૧૮૫૭ માં અંગ્રેજો વિરૂધ્ધ હિંદુસ્તાનના મુસલમાન મિલ્લતના આલિમોએ જેહાદનો ફત્વો આપ્યો અને મુસલમાનોને એ વાત માટે પ્રોત્સાહિત કર્યા કે તેઓ તે અંગ્રેજો કે જેમણે હિંદની રાજ્ય સત્તા જબરદસ્તી પચાવી પાડી છે તે જાલિમોને હિંદમાંથી તગેડી મૂકે અને તેમની પાસેથી સત્તા છીનવી લે. જો કે તે વખતના ખાસ સંજોગોના કારણે આઝાદી માટેની જેહાદ તે વખતે કામયાબ ન થઈ શકી. પણ તનના ગોરા મનના કાળા (અંગ્રેજ) સંસ્થાનવાદીઓએ એ યકીન કરી લીધું કે જો મુસ્લિમ કૌમ ફરીવાર આલિમોની સરદારી હેઠળ જેહાદ માટે તૈયાર થઈ ગઈ તો તેમની સત્તા સરળતાપૂર્વક ઉઠલાવી દેશે અને તેમની સત્તાનો સૂરજ હમેશાં માટે અસ્ત થઈ જશે.

જેથી તેમણે એક આયોજનપૂવકના પ્લાન હેઠળ મુસલમાનોમાં વિખવાદનું બીજ રોપ્યું અને વિવિધ બાતિલ ફિર્કાઓને જન્મ આપ્યો અને તેમને સપોર્ટ કર્યો. (જેમાં વહાબી, દેવબંદી વગેરે ફિર્કા જનમ્યા જેનો વિગતે ઈતિહાસ ''રહનુમાએ હક્ક''માં વાંચી શકશો.) એ તમામ બાતિલ ફિર્કાઓમાં **કાદયાનિયત** સૌથી ખતરનાક ફિર્કો છે. આ ફિર્કાનો સ્થાપક મુસૈલમા કાદયાની **ગુલામ અહમદ કાદયાની**એ મુસલમાનોના ખત્મે નબુવ્વતના ઈજમાઈ અકીદા સાથે બગાવત કરી અને ન કેવળ નવા નબી થવાની શક્યતાને સ્વીકારી બલ્કે ખૂદ પોતે નબુવ્વત (નબી હોવા)નો દા'વો કરી બેઠો. તેણે હઝરત મરયમ તથા ઈબ્ને મરયમની શાનમાં અતિશય અપમાનિત શબ્દો વાપર્યા, તેમની નબુવ્વતનો ઈન્કાર કર્યો અને પોતાને મસીહ મવઊદ બનાવીને રજુ કર્યો. આ બનાવટી નબીએ તમામ કુર્આની નસો (દલીલો)નો ઈન્કાર કર્યો જેના પર ૧૪૦૦ વરસથી ઈસ્લામી મિલ્લતના ઉલમાનો ઈજમાઅ છે.

ઉપરાંત તેણે કુર્આનના જેહાદ માટેના હુકમ સાથે વિવાદ કર્યો અને અંગ્રેજોની ગવર્નમેન્ટને અલ્લાહનો સાયો ઠરાવ્યો અને તેમની સાથે જેહાદ કરવાને ગૈર ઈસ્લામી અમલ ઠરાવ્યો અને તેમની

સાથે વફાદારીને ગર્વ લેવા સમાન ઠરાવી. પશ્ચિમી કૌમોએ ખાસ કરીને બ્રિટને આ ફિર્કાને ભરપુર સાથે આપ્યો અને પોતાના આ સર્જન કરેલા છોડને મજબૂત ઘટાદાર વટવૃક્ષ બનાવવા માટે તમામ સગવડો પૂરી પાડી.

ઈસ્લામના ઉલમાએ ખાસ કરીને મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબમાં આ ફિર્કાનાં કુફ્રી અકીદાઓ અને તેમના મુર્તદ થવાને ઓપન કર્યુ. અને પોતાના શાગિર્દો તથા ખલીફાઓની એક એવી મહાન જમાઅત તૈયાર કરી જેમણે બાતિલ ફિર્કાઓની ખરાબીઓથી લોકોને માહિતગાર કર્યા, ખાસ કરીને કાદયાનીઓના ધોકાથી લોકોને સાવધાન કર્યા જેથી તે ઝાઝો કદમ ન જમાવી શક્યા. પણ હિંદ તથા પાક. ના અમુક પછાત વિસ્તારોમાં તેમજ આફ્રિકા તથા દક્ષિણ અમેરિકાના કેટલાક અંદરના વિસ્તારોમાં લોકો તેના પ્રપંચમાં સપડાઈ ગયા અને આ રીતે કાદયાનીએ એક વિ□વ્યાપી ચળવળની હૈસિયતથી પોતાને ઓળખાવવાની કોશિશ કરી. મુર્તદ ગુલામ અહમદ કાદયાનીની જિંદગીમાં જ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી તથા મૌલાના અબ્દુલ અલીમ સિદ્દીકી મેરઠી તથા તેમના શાગિર્દો ઉપરાંત શહનશાહે વિલાયત હઝરત સૈયદ પીર મહેર અલી ગોલળવી رحمۃ اللہ علیہ, અમીરે મિલ્લત હઝરત પીર સૈયદ જમાઅત અલી શાહ મુહદ્દિષે અલીપુરી رحمۃ اللہ علیہ એ કાદયાનિયતની ભરપુર રદ કરી. કાદયાનના કઝ્ઝાબને મુનાઝરાની દા'વત આપી, મુબાહેલાના ઈજલાસમાં બોલાવ્યો, પણ તે સામનો ન કરી શક્યો અને પોતાના ખરાબ અંજામે પહોંચીને એક ધ્રુજાવી દેનારી મૌતને ભેટયો. ફલઅ્નતુલ્લાહિ અલૈહ.

કાદયાની ધરમ ૧૪ મી સદી હિજરી તથા ૨૦ મી સદી ઈસ્વીનો એક નવો ધરમ છે. એના બાતિલ તથા જૂઠા હોવા માટે એટલુ જ પૂરતુ છે કે તે ૧૪૦૦ વરસ પછી નવો ઉદ્‌ભવ પામેલો ધર્મ છે અને મુસલમાનનું દરેક બાળક દરેક વ્યક્તિ જાણે છે કે **અલ્લાહ એક છે અને મુહમ્મદ** صلی اللہ تعالیٰ علیہ وسلم **તેના રસૂલ છે, આપ આખરી નબી છે, હવે આપના બાદ કોઈ નબી નથી થઈ શકતો. અને આપ** صلی اللہ تعالیٰ علیہ وسلم **ના પછી નબી થવાની શક્યતા દર્શાવે અથવા પોતે નબી હોવાનો દા'વો કરે તો તે બદ્‌બખ્ત કાફિર તથા મુર્તદ છે. ૧૪૦૦ વરસથી સર્વ મુસલમાનોનો કુર્આન હદીષથી સાબિત આ અકીદો છે.** જેમ કે કુર્આને પાકમાં રબ તઆલા ફર્માવે છે :–

## ★ હુઝૂર અંતિમ નબી હોવા વિશે કુર્આની હુકમ ★

**مَا كَانَ مُحَمَّدٌ اَبَا اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَ خَاتَمَ النَّبِيّٖنَ**

આ આયતનો તર્જુમો અમે ખૂદ નથી કરતા બલ્કે કાદયાનીઓના ઈમામનો કરેલો તર્જુમો જ રજૂ કરીએ છીએ જેથી તેમને કાંઈ કહેવાનો અવકાશ જ ન રહે. મિર્ઝા કાદયાની તર્જુમો લખે છે :–

**"મુહમ્મદ તમારામાંથી કોઈ મર્દના બાપ નથી પણ તે અલ્લાહના રસૂલ છે ખત્મ કરનાર નબીઓનો."**

આ આયત સાફ દર્શાવી રહી છે કે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પછી કોઈ રસૂલ દુનિયામાં આવશે નહીં. *(ઈઝાલાએ અવહામ–૨૫૨, ૬૧૪)*

**وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَ خَاتَمَ النَّبِيّٖنَ اَلَا تَعْلَمُ اَنَّ الرَّبَّ الرَّحِيْمَ الْمُتَفَضِّلَ سَمّٰى نَبِيَّنَا صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ خَاتَمَ الْاَنْبِيَاءِ بِغَيْرِ اِسْتِثْنَاءٍ وَ فَسَّرَهُ نَبِيُّنَا صَلَّى اللّٰهُ فِيْ قَوْلِهٖ لَا نَبِيَّ بَعْدِىْ بنيان وَاضِحٍ لِلطَّالِبِيْنَ.**

**તર્જુમો** : શું તમે નથી જાણતા "હે નાદાન મિર્ઝાઈઓ ! કે રહીમ તથા કરીમ ખુદાએ આપણા

નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને **કોઈ અપવાદ વિના ખાતિમુલ અંબિયા (અંતિમ નબી)** ઠરાવ્યા છે અને આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ **ખાતમુન્નબિય્યીન**ની તફસીર **લા નબીય્ય બઅ્દી** સાથે ફર્માવી છે કે **મારા પછી કોઈ નબી થશે નહીં** અને હક્કના તલબ કરનારાઓ માટે આ વાત સ્પષ્ટ છે." *(હુમામતુલ બશરી, પેજ–૩૪ તથા મજમૂઆ, પેજ–૧૬૮)*

મિર્ઝા કાદયાનીએ આ આયતની તફસીરમાં જે હદીષનો હવાલો આપ્યો છે તે આ છે : **અના ખાતમુન્નબિય્યીન લા નબી બઅ્દી.** *(મિશ્કાત કિતાબુલ ફતન)* **"હું નબીઓને ખત્મ કરનારો છું મારા પછી કોઈ નબી નથી."**

આટલી સ્પષ્ટતા પછી કોઈ કાદયાની માટે **ખાતિમ**ના અર્થમાં ઉલઝવા માટે હવે કોઈ અવકાશ રહેતો નથી.

## ★ હુઝૂર صلى الله عليه وسلم અંતિમ નબી હોવા વિશે હદીષથી સાબિતી ★

### ✪ હદીષ નં. : ૧ ✪

وَعَنْ ثَوْبَانَ اِلٰی قَوْلِهٖ اِنَّهٗ سَیَکُوْنُ فِیْ اُمَّتِیْ
کَذَّابُوْنَ ثَلَاثُوْنَ کُلُّهُمْ یَزْعَمُ اَنَّهٗ نَبِیُّ اللّٰهِ
وَاَنَا خَاتَمُ النَّبِیِّیْنَ لَا نَبِیَّ بَعْدِیْ

"ચોક્કસ મારી ઉમ્મતમાં ત્રીસ કઝ્ઝાબ (જૂઠા) પેદા થશે, તેમાંથી દરેક નબુવ્વતનો દા'વો કરશે. જો કે હું નબીઓને ખત્મ કરનારો છું, મારા પછી કોઈ નબી પેદા થશે નહીં." *(અબૂ દાઊદ, તિર્મિઝી, મિશ્કાત, કિતાબુલ ફતન)*

જાણવા મળ્યું કે ઉમ્મતે મુહમ્મદીમાં જે વ્યક્તિ પોતે નબી હોવાનો દા'વો કરે તે કઝ્ઝાબ (જૂઠો) છે. જેમ કે મિર્ઝા ગુલામ અહમદ કાદયાની વગેરે.

### ✪ હદીષ નં. : ૨ ✪

عَنِ الْعِرْبَاضِ سَارِیَةَ عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ
عَلَیْهِ وَسَلَّمَ اَنَّهٗ قَالَ اِنِّیْ عِنْدَ اللّٰهِ مَکْتُوْبٌ خَاتَمَ النَّبِیِّنَ وَاَنَّ
اٰدَمَ لَمُنْجَدِلٌ فِیْ طِیْنَتِهٖ

આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આદમ જયારે ગુંદેલી માટીના રૂપમાં હતા તે વખતે પણ હું અલ્લાહની નજીક નબીઓને ખત્મ કરનારો લખવામાં આવ્યો હતો." *(શરહુસ્સુન્નહ, અહમદ તથા મિશ્કાત, પ્રકારણ ફઝાઈલે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم)*

### ✪ હદીષ નં. : 3 ✪

وَعَنْ جَابِرٍ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ قَالَ
اَنَا قَائِدُ الْمُرْسَلِیْنَ وَلَا فَخْرَ وَاَنَا خَاتَمُ النَّبِیِّنَ وَلَا فَخْرَ

"હું નબીઓનો સરદાર છું, હું ખાતમુલ અંબિયા છું, આ વાત હું ફખ્રથી નથી કહેતો બલ્કે હકીક્ત દર્શાવુ છું." *(દારમી, મિશ્કાત)*

### ✪ હદીષ નં. : ૪ ✪

اِنَّ لِیْ اَسْمَاءً اَنَا مُحَمَّدٌ وَاَنَا اَحْمَدُ اِلٰی
قَوْلِهٖ وَاَنَا الْعَاقِبُ الَّذِیْ لَیْسَ بَعْدَهٗ نَبِیٌّ

"મારાં કેટલાંયે નામો છે, હું મુહમ્મદ છું, હું અહમદ છું, આકિબ છું, અને આકિબથી મુરાદ એ છે કે **મારા બાદ કોઈ નબી થશે નહીં."** *(બુખારી તથા મુસ્લિમ, મિશ્કાત)*

### ✪ હદીષ નં. : ૫ ✪

وَعَنْ اَبِیْ هُرَیْرَةَ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ
وَسَلَّمَ قَالَ فُضِّلْتُ عَلَی الْاَنْبِیَاءِ بِسِتٍّ اُعْطِیْتُ جَوَامِعَ الْکَلِمِ
وَنُصِرْتُ بِالرُّعْبِ وَاُحِلَّتْ لِیَ الْغَنَائِمُ وَجُعِلَتْ لِیَ الْاَرْضُ
مَسْجِدًا وَطَهُوْرًا وَاُرْسِلْتُ اِلَی الْخَلْقِ کَافَّةً وَخُتِمَ بِیَ
النَّبِیُّوْنَ.

આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે હું છ

વાતોમાં સર્વ નબીઓ પર ફઝીલત ધરાવું છું :– (૧) મને જામેઅ કલેમાત મળ્યા. (૨) મને રુઆબની સાથે ફતહ આપવામાં આવી છે. (૩) મારા માટે ગનીમતો હલાલ કરવામાં આવી છે. (૪) તમામ દુનિયા મારા માટે પવિત્ર સજદાગાહ બનાવવામાં આવી. (૫) હું તમામ લોકોની તરફ રસૂલ બનાવવામાં આવ્યો છું. (૬) મારી સાથે **અંબિયા (નબીઓ) ખત્મ** થાય છે. *(બુખારી, મિશ્કાત)*

**✪ હદીષ નં. : ૬ ✪**

عَنْ اَبِیْ هُرَيْرَة قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مِثْلِی وَ مَثَلُ الْاَنْبِيَاءِ كَمِثْلِ قَصْرٍ اُحْسِنَ بُنْيَانُهٗ وَتُرِكَ مِنْهُ مَوْضِعَ لَبِنَةٍ فَطَافَ بِهِ النُّظَّارُ يَتَعَجَّبُوْنَ مِنْ حُسْنِ بُنْيَانِهٖ اِلَّا مَوْضِعَ تِلْكَ اللَّبِنَةِ اَنَا سَدَدْتُ خُتِمَ بِیَ الْبُنْيَانُ وَ خُتِمَ بِیَ الرُّسُلُ وَ فِیْ رِوَايَةٍ فَاَنَا اللَّبِنَةُ وَاَنَا خَاتَمُ النَّبِيِّنَ

અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ એ صلی اللہ تعالیٰ علیہ وسلم ફમાવ્યું કે મારું અને પાછલા અંબિયાનું દ્રષ્ટાંત એક એવા મહેલ જેવું છે જેની ઈમારત સારી બનાવવામાં આવી હોય, પણ એમાં એક એક ઈંટની જગા ખાલી હોય. લોકો તેની આસપાસ ઘુમે છે અને ઈમારતની ખૂબસૂરતીથી અચંબો અનુભવે છે પણ એક ઈંટની જગા ખાલી જોઈને આશ્ચર્ય પામે છે. તો હું તે મુબારક ઈંટ છું જેણે એ જગા પૂરી કરી આપી. મારી જાતના કારણે નબુવ્વતના મહેલની પરિપૂર્ણતા થઈ ગઈ. એ જ પ્રમાણે **મારી જાતથી રસૂલોનો ક્રમ ખત્મ થઈ ગયો** છે. એક રિવાયતમાં છે કે **નબુવ્વતની અંતિમ ઇંટ હું છું** અને **હું જ નબીઓનો ખત્મ કરનારો છું.** *(બુખારી વ મુસ્લિમ, મિશ્કાત પ્રકારણ ફઝાઈલે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم)*

**✪ હદીષ નં. : ૭ ✪**

قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَوْ كَانَ بَعْدِیْ نَبِیٌّ لَكَانَ عُمَرُ ابْنُ الْخَطَّابِ

"જો મારા બાદ કોઈ **નબી હોત તો** તે ઉમર હોત." એટલે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી **કોઈ નબી થશે નહીં.**

ઉપરોક્ત લખાણથી સ્પષ્ટ ભાષામાં **કુર્આન** તથા **હદીષ** થકી હુઝૂર નબી કરીમ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પછી કોઈ નબી થશે નહીં તે સિધ્ધ થાય છે. એથી ઉલ્ટુ મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ પોતે નબી હોવાનો દા'વો કર્યો જેથી તે કુર્આન તથા હદીષનો ઈન્કાર કરવાથી કાફિર ઠર્યો છે અને તેના અનુયાયીઓ પણ કાફિર ઠરે છે.

## ★ હુઝૂર صلی اللہ علیہ وسلم અંતિમ નબી હોવા બાબતે ઉમ્મતનો ઈજમાઅ ★

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ફર્માવે છે કે, "વહીનો ક્રમ કટ થઈ ગયો અને દીન સંપૂર્ણ થઈ ગયો."

હઝરત ઉમરે આપની વફાત પર કહ્યું કે, "મારાં માં બાપ આપના પર કુર્બાન ! તમને **ખુદાએ અંતિમ નબી મોકલ્યા** હતા. *(મવાહિબ, ભાગ–૨, પેજ–૪૯૬)*

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે : "આપ **નબીઓને ખત્મ કરનારા** છે." *(શમાઈલે તિર્મિઝી, ભાગ–૨)*

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે :– આપ صلی اللہ تعالیٰ علیہ وسلم **અંતિમ નબી** છે. *(તલ્ખીસુત્તારીખ, ભાગ્ગ–૧, પેજ–૨૯૪)*

**ઉમ્મતનો ઈજમાઅ** : આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم નું અંતિમ નબી હોવું એ મસાઈલમાંથી છે **જેના પર તમામ આસ્માની કિતાબો સાક્ષી** છે અને નબવી હદીષો સ્પષ્ટપણે વર્ણન કરે છે અને તમામ ઉમ્મતનો એના પર "ઈજમાઅ" છે. જેથી એની વિરૂધ્ધ દા'વો કરનાર **કાફિર** છે, જો તૌબા ન કરે તો કત્લ કરવામાં આવશે. *(હવાલો : રૂહુલ મઆની, ભાગ–૭, પેજ–૬૫)*

અલ્લામા ઈબ્ને હજર મક્કી ફર્માવે છે : "જે શખ્સ આપના પછી કોઈ વહીનો મોઅતકિદ (માનનાર) બન્યો તે **કાફિર** છે." *(ફતાવા ઈબ્ને હજર મક્કી)*

મુલ્લા અલી કારી ફર્માવે છે : "આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પછી નબી હોવાનો દા'વો કરવો ઈજમાઅ સાથે **કુફ્ર** છે." *(શરહે ફિકહે અકબર, પેજ–૨૦૨)*

**"શિફા"** કાઝી અયાઝ رحمۃ اللہ علیہ માં નકલ થયેલ છે, આપે ખબર આપી કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ખાતમુન્નબિય્યીન (અંતિમ નબી) છે અને આપના પછી કોઈ નબી નથી થઈ શક્તો અને અલ્લાહ તઆલાના તરફથી એ ખબર આપી છે કે **આપ અંબિયાને ખત્મ કરનાર છે અને એના પર ઉમ્મતનો ઈજમાઅ** છે કે આ કલામ બિલ્કુલ પોતાના જાહેર પર અવલંબિત છે અને જે એનો ભાવાર્થ જાહેરી શબ્દોથી સમજમાં આવે છે તે કશાય અર્થઘટન વિના એ જ મુરાદ છે. જેથી **તે લોકોના કુફ્રમાં કોઈ શંકા નથી જે એનો ઈન્કાર કરે,** અને આ કતઈ ઈજમાઈ અકીદો છે. *(શિફા શરીફ)*

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ જણાવે છે કે, "સૌ પયગંબરો પછી આપણા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને દુનિયા તરફ મોકલવામાં આવ્યા અને આપની નબુવ્વતને એવા કમાલના દરજા સુધી પહોંચાડી કે હવે એનાથી અધિક્તા મુહાલ છે એટલા માટે આપને ખાતમુન્નબિય્યીન કહ્યા કે **આપના બાદ કોઈ નબી થશે નહીં.** *(કીમિયાએ સઆદત, પેજ–૬૧)*

શરહે ફિકહે અકબરમાં મુલ્લા અલી કારી, પેજ–૬૯ ઉપર જણાવે છે કે, "નબીઓમાં પ્રથમ આદમ છે અને **છેલ્લા નબી મુહમ્મદ** صلی اللہ تعالیٰ علیہ وسلم **છે.** એ જ પ્રમાણે શરહે અકાઈદ નફસી, પેજ–૯૯ માં પણ છે.

ફુતૂહાતે મક્કિયહ્ શરીફ, પેજ–૫૧, ભાગ–૩ માં હઝરત મુહ્યુદીન ઈબ્ને અરબી ફર્માવે છે :–

"નબુવ્વત ખત્મ થઈ ચૂકી, અમરો નવાહી (કરવા ન કરવા વિશેના હુકમો)નો દરવાજો બંધ થઈ ગયો. જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી એવો દા'વો કરે કે મારી વહીમાં અમ્ર (સારી વાતોનો હુકમ) છે અને નહીં (બુરી વાતોથી રોકવું) પણ, તો **તે (નવી) શરીઅતનો દાવેદાર** છે, ભલે તે શરીઅતનો વિરોધી હોય કે સમર્થક હોય." (અને એવો દાવેદાર **કાફિર** છે.)

ઈમામ શઅરાની رحمۃ اللہ علیہ આ લખાણ સાથે અધિક વધારો કરતાં જણાવે છે કે, "શરીઅતવાળો (નવી) હોવાનો દાવેદાર (જેમ કે કાદયાની) પોતાના અમરો નવાહી બતાવનાર (જેમ કે કાદયાનીએ કહ્યું) જો આકિલ હોય તો **મુર્તદ ઠરશે** અને **તેની ગરદન ઉડાડી દેવામાં આવશે** અને કોઈ પાગલ આવી વાતો કરશે તો ગાંડો સમજીને છોડી મૂકવામાં આવશે.

આમ આપણે જોઈ લીધું કે એ વાત પર ઉલમાનો ઈજમાઅ છે કે હુઝૂર મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم અંતિમ નબી છે, તેમના બાદ કોઈ નબી થશે નહીં અને જે નબી હોવાનો દા'વો કરશે તે ઈસ્લામથી ખારિજ થઈ **કાફિર** ઠરશે.

## ★ કાદયાની વિરૂધ્ધ અહલે સુન્નતના ઉલમાના ફત્વા ★

કાદયાની ફિર્કાનો ઉદ્ભવ થતાં જ અહલે સુન્નતના ઉલમાએ, રહનુમાઓએ ખાસ કરીને મુફતી તેમજ મશાઈખે ૧૯ મી સદીના અંતિમ દસકામાં જ મિર્ઝા ગુલામ અહમદ કાદયાની અને તેના નવરચિત કાદયાની ધરમનો પીછો શરૂ કરી દીધો, તેને દરેક રીતે સીધા માર્ગે લાવવાની કોશિશ કરી પરંતુ તમામ કોશિશો બેકાર થઈ તો ચર્ચાઓ, મુનાઝરા તથા મુબાહેલા થતા રહ્યા પરંતુ સૌ નિરર્થક જતાં છેવટે ઈ.સ. ૧૯૦૬ માં હજ્જના મુબારક પ્રસંગે જયારે હરમૈન તૈયેબેનમાં દુનિયાભરના આલિમો, સાલેહો, મશાઈખ, મુફતી, કાઝી તથા ઈસ્લામી દાનિશ્વરોનો ઈજતેમા થયો તો શયખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, મુજદ્દિદે આ'ઝમ **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ મિર્ઝા ગુલામ અહમદ કાદયાની સહિત અન્ય અમુક કુફ્ર

તથા ગુમરાહીના સરદારોની કુફ્રી વાણીઓને એકત્ર કરીને એના પર **શરીઅતનો હુકમ લાગુ પાડયો કે મિર્ઝા ગુલામ અહમદ કાદયાની કાફિર, મુર્તદ, ઈસ્લામથી ખારિજ અને જહન્નમી છે. અને જે એના કુફ્ર તથા અઝાબમાં શક કરે તે પણ કાફિર છે.** પછી તે શરઈ હુકમની તસ્દીક (સમર્થન) હજ્જ માટે આવનાર તમામ ટોચના ઉલમા તથા શયખો તથા હરમૈન શરીફૈન (મક્ક–મદીના)ના તમામ અગ્રગણ્ય ઉલમાએ કિરામ વ મુફતીયાને એઝામે કરી. આજે પણ તે તસ્દીક ફતાવા **"હુસ્સામુલ હરમૈન"**ના નામથી મળી શકે છે. એટલુ જ નહીં પણ પેશાવરથી બંગાળ સુધી બસો અડસઠ (૨૬૮) મશ્હૂર વિખ્યાત ઉલમાએ ઈસ્લામે, મુફતી સાહબોએ તેમજ મહાન શયખોએ મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીને કુફ્રનો ફત્વો આપ્યો. તેમની સાથે શાદી વહેવાર, ઉઠક, બેઠક, ખાવા, પીવા... વગેરે હરામ ઠરાવ્યું. એ ફત્વો **"અસ્સવારિમુલ હિંદિયા"**ના નામથી મશહૂર છે.

## ★ કાદયાનીઓના ગલત અકીદા તથા માન્યતાઓ ★

કાદયાની ધર્મનો સ્થાપક મિર્ઝા ગુલામ અહમદ કાદયાની'' છે એટલા માટે તેના નામના ચારેવ ભાગો વડે આ મઝહબ ઓળખાય છે. એને **"મિર્ઝાઈ"** તથા **"ગુલામિયા"** તથા **"અહમદિયા"** તથા અધિક્તર **"કાદયાની"** કહે છે. મિર્ઝા ગુલામ અહમદ કાદયાની તથા તેના ખલીફાઓ તેમજ નિકટના અનુયાયીઓએ પોતાના ધર્મનો પાયો જે ઈંટો પર રચ્યો છે તે સર્વ ઈંટો ટેઢી છે એટલે કે કાદયાની ધર્મની આખી ઈમારત શરૂથી અંત સુધી ટેઢી છે જેથી તેમના સર્વ અકીદા તથા માન્યતાઓ ગલત છે. **ખાસ તો તેમણે અંબિયા તથા રસૂલો عَلَيْهِمُ السَّلَام ની શાને પાકમાં ગુસ્તાખીઓ, નમાઝ, રોઝા તથા હજ્જ વગરે ઈસ્લામી અરકાનની તૌહીન, નબુવ્વત તથા રિસાલતની "હકીકી" તથા "ઝિલ્લી" અને અવતારમય (બરૂઝી) વહેંચણી, બધા મુસ્લિમોને કાફિર ઠરાવવું... વગેરે.**

## ★ હઝરત આદમ عليه الصلوة والسلام ની તૌહીન ★

કાદયાની ધર્મ સ્થાપક ગુલામ અહમદ કાદયાનીએ પોતાની કુખ્યાત કિતાબ "ખુત્બાએ ઈલ્હામિયા"માં **સૈયેદેના હઝરત આદમ** عليه الصلوة والسلام ના વિશે કહ્યું કે :–

"અલ્લાહ તઆલાએ આદમને પેદા કરીને ઈન્સાન તથા જિનના સરદાર તથા હાકિમ બનાવ્યા, જેમ કે આયત اُسْجُدُوْا لِاٰدَمَ થી જાણવા મળે છે. પછી શૈતાને તેમને બહેકાવ્યા અને જન્નતોએથી કઢાવ્યા અને હુકૂમત તે અજગર (શૈતાન) પ્રતિ વાળવામાં આવી. આ લડાઈમાં આદમને બેઈજ્જતી તથા રુસ્વાઈ નસીબ થઈ. અને જંગ ક્યારેક આ રુખની તો કદીક તે રુખની થાય છે. અને રહમાનને ત્યાં પરહેઝગારો માટે નેક અંજામ છે. એટલા માટે અલ્લાહે **મસીહ મવઊદ (કાદયાની)**ને પેદા કર્યો જેથી અંતિમ જમાનામાં શૈતાનને હાર આપે." *(ખુત્બાએ ઈલ્હામિયા, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

આ લખાણમાં પ્રથમ હઝરત આદમ عليه الصلوة والسلام ની સરદારી સ્વીકારીને બાદમાં તેણે હુકૂમત તથા સરદારીના ગર્વમય તાજને શૈતાનના સર પર નાખ્યો અને હઝરત આદમ عليه الصلوة والسلام ના નસીબમાં (મઆઝલ્લાહ !) બેઈજ્જતી તથા બદનામી લખી મારી, અને લખાણના અંતે છેવટમાં પોતાના સંબંધે ગપ્પુ હાંક્યુ કે આદમના મુકાબલામાં હું જ પરહેઝગાર તથા નેક અંજામ પામનારો છું કે જેને અલ્લાહે શૈતાનને હાર આપવા માટે પેદા કર્યો છે !

યાદ રાખશો કે તમામ નબીઓ عَلَيْهِمُ السَّلَام ની નબુવ્વત તથા તેમની ખુદાદાદ મહાનતા તથા કરામતને માનવી જરૂરિયાતે દીનમાંથી છે જેથી તેનો ઈન્કાર કરનાર શરીઅતની રૂએ કાફિર તથા

જહન્નમી છે. મિર્ઝા કાદયાનીએ ન કેવળ હઝરત સૈયેદેના આદમ عليه السلام ની નબુવ્વતનો જ ઈન્કાર કર્યો બલ્કે તેમને **શૈતાનના બહેકાવામાં આવનાર, જન્નતથી કાઢી મૂકવામાં આવનાર, સરદારી તથા હુકૂમતથી મેહરૂમ થનાર, શૈતાનના મુકાબલામાં હાર ખાનાર, ઝલીલ તથા બેઈજ્જત અને બદનામ તથા બદ્અંજામ ઠરાવી દીધા.** અને આ સર્વ વાતો કોઈ નબીના માટે સાબિત કરવી અધર્મતા (ઈલ્હાદ) તથા બેદીની છે જેથી મિર્ઝા કાદયાની હઝરત આદમ عليه السلام ની બારગાહમાં સખ્ત પ્રકારની ગુસ્તાખી તથા બદ્તમીઝી કરીને ઈસ્લામી શરીઅતની રૂએ કાફિર મુર્તદ તથા કાયમી જહન્નમી છે અને જે તેના આ કુફ્રી અકીદાઓથી માહિતગાર થવા છતાં તેના કુફ્ર તથા અઝાબમાં શંકા કુશંકા કરે તે શરીઅતની દ્રષ્ટિએ **કાફિર** તથા **જહન્નમી** છે.

હવે તે લોકો જેઓ કોઈ લાલચમાં કે લોભમાં કાદયાનીને પોતાનો સરદાર, રહનુમા તથા મુસલમાન માનીને પોતે શું બન્યા ?

મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ પોતાની એ જ કિતાબ "ખુત્બાએ ઈલ્હામિયા"ના વધારામાં એ પણ દા'વો કર્યો કે :–

"....... આદમ મતભેદ તથા અદાવતની આગ ભડકાવવા માટે દુનિયામાં આવ્યો અને હું મતભેદો તથા અદાવતની ખરાબીઓને દૂર કરવાના માટે આવ્યો છું." *(ખુત્બાએ ઈલ્હામિયાનો વધારો, હેડીંગ : આદમ તથા મસીહ મૌઊદમાં ફરક)*

અખબાર "અલ્ ફઝ્લ'માં મહમૂદ અહમદ કાદયાની (જે મિર્ઝા કાદયાની આંજહાનીનો બીજો ખલીફા તથા તેનો પુત્ર અને તમામ કાદયાનીઓનો આદમ હતો) લખે છે :–

"મારો પોતાનો અકીદો એ છે કે હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) આ દૌરના ખાતિમ (અંતિમ) અને આગલા દૌરના આદમ પણ આપ જ છે. કેમ કે પ્રથમ દૌર સાત હજાર વરસનો આપના પર ખત્મ થયો અને આગલો દૌર આપનાથી શરૂ થયો. એટલા માટે આપના વિશે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : مَاجَرِیُ اللّٰهِ فِیْ حُلَلِ الْاَنْبِیَآءِ એનો એ જ અર્થ છે કે આપ આવનારા નબીઓના રૂપમાં આવ્યા છે જેવી રીતે પહેલા નબીઓનો પ્રારંભિક બિંદુ હઝરત આદમ عليه السلام હતા, એ જ પ્રમાણે હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) જે આ જમાનાના આદમ છે અને ભાવિમાં આવનારા નબીઓના પ્રારંભિક બિંદુ છે." *(અલ્ ફઝ્લ, કાદયાન, તા. ૧૪–૨–૧૯૨૮, જિલ્દ–૧૫)*

ઉપરોક્ત અકીદાની સ્પષ્ટતામાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ એક પૂરી કિતાબ લખી જેનું નામ **મલ્ ફરકુ ફી આદમ વલ્ મસીહિલ મૌઊદ** રાખ્યું. પછી તેના પ્રથમ ખલીફા હકીમ નૂરુદ્દીન અને બીજા ખલીફા ઉપરાંત કાદયાની મુફતીઓ તથા ઈમામોએ અકીદાની સ્પષ્ટતા તથા વિસ્તરણ કરીને અલ્ બદર, અલ્ ફઝ્લ અખબારો તથા અંકોમાં પ્રસિધ્ધ કર્યો. તેનો એક અધિક નમૂનો જોઈ લો :–

"فَقَعُوْا لَهٗ سٰجِدِيْنَ નો પણ એ જ અર્થ છે કે પ્રથમ આદમના વિશે ફરિશ્તાઓને હુકમ થયો કે તેના આજ્ઞાંકિત તથા ગુલામ બની જાવ ! જયારે આદમના વિશે ફરિશ્તાઓને આ હુકમ થયો, તો બીજા આદમ મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) **જે પ્રથમ આદમ કરતાં શાનમાં વધેલો હતો**, તેના માટે કેમ ન કહેવામાં આવતું કે આગ તમારી ગુલામ બલ્કે ગુલામોની ગુલામ છે." *(મલાઈકતુલ્લાહ, પેજ–૬૫, મિયાં મહમૂદ કાદયાનીની તકરીર)*

કાદયાનીઓના લખાણો તથા નવા નવા ગંદા અકીદાઓ તથા માન્યતાઓના વાંચનથી પણ ખુદા મુસલમાનોને બચાવે કે જેને વાંચવાથી કેવળ મુસલમાનોનાં દિલ જ ઘાયલ નથી થતાં બલ્કે તમામ આદમની ઔલાદ દુઃખ અનુભવે છે. મજબૂરન્ અમારે લોકોને સાવધાન કરવા તેમની ગંદકીઓ વાંચકો સમક્ષ રાખવી પડે છે. જુઓ :– (ક્રમશઃ)

## એક સંશોધનાત્મક વિવરણ

# મસ્જિદોમાં સ્ત્રીઓની હાજરી કેવી ?!

-કાર્યાલય

એક તરફ સ્ત્રીઓએ ફેશનની દુનિયામાં માઝા મૂકી દીધી છે અને ગુનાહિત કામોમાં એટલી આગળ નીકળી ગઈ છે કે નામ માત્રનાં કપડાં તથા આરપાર કપડાં પહેરીને પોતાની ખૂબસૂરતીનું બેડોળ પ્રદર્શન કરી રહી છે. એમાં મુસ્લિમ કહેવાતી બાનુઓ પણ પાછળ નથી. આ સૌ યૂરોપ તથા અમેરિકાના અનુકરણને અનુસરણનું પરિણામ છે. કેમ કે પાકીઝગીનો હુકમ ઈસ્લામ જેવો ક્યાંય નથી ! તેની બાનુઓને ઈસ્લામથી વિમુખ કરવા ખૂબ બેહયાઈનો પ્રચાર થઈ રહ્યો છે. તો બીજી બાજુ કેટલીક મુસ્લિમ કહેવાતી પણ આવી જ આઝાદ સ્ત્રીઓ જાણે ખુદાની ઈબાદત કરવા તડપતી હોય તેમ મસ્જિદોમાં આવવા માટે વિ□ભરમાં હંગામો ખડો કરી રહી છે ! એટલું જ નહીં બલ્કે એક સમાચાર પ્રમાણે અમેરિકામાં જુમ્આની ઈમામત પણ કરી બેઠી છે ! જ્યારે કે **સ્ત્રીઓ પર જુમ્આ જ ફર્ઝ નથી** ! ઈમામતની વાત જ શું ? પણ ઈસ્લામના દુશ્મનોની કોશિશ એ છે કે અસલ ઈસ્લામના મુકાબલે એક ડુપ્લિકેટ ઈસ્લામ ખડો કરી દે અને મુસલમાનોને ઉલઝનમાં તેમજ ગુમરાહીમાં નાંખી દે અને ઈસ્લામની મૂળ રૂહને ખતમ કરી દે જેથી આવું કરાવવા પાછળ તેઓનો જ હાથ છે. આવારા બદબખ્ત તસ્લીમા નસ્રીન જેવી ઈસ્લામની બાગી સ્ત્રીઓને હાથો બનાવવામાં આવી રહી છે. **આની પાછળ ઈસ્લામી વિચારધારા નહીં પણ પશ્ચિમી, યુરોપીય, અમેરિકી ફાસિદ ઈસ્લામની દુશ્મનીભરી વિચારધારા કામ કરી રહી છે.** આવો ! એ વિષયને અનુલક્ષીને ''મસ્જિદોમાં સ્ત્રીઓની હાજરી''બાબતે શરીઅતે ઈસ્લામિયા શું દર્શાવે છે તથા સહાબા, તાબઈન વગેરે બુઝુર્ગો શું કહે છે તેને જોઈએ અને એ બાબતની સચ્ચાઈને મેહસૂસ કરીએ તથા આપણા માહોલમાં એના વિશેના વસવસાઓને દૂર કરીએ. એ માટે **મૌલાના મુહમ્મદ નાઝિમ અલી મિસ્બાહી**નો લેખ *માર્ચ–૦૫, માહનામા અશ્રફિયા–મુબારકપુર*માંથી ગુજરાતી કરી રજૂ કરીએ છીએ. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ઈસ્લામ એક પ્રાકૃતિક ધર્મ છે જે તમામ માનવજાત માટે સંપૂર્ણ જીવન બંધારણ, સન્માર્ગનું મૂળ અને દીવાદાંડી છે. ઈસ્લામ ધર્મમાં અવ્યવસ્થા તથા અસમતોલપણુ નથી, એનો હેતુ વટેમાર્ગુનું માર્ગદર્શન અને જુલ્મ તથા નાફર્માની, બેહયાઈ તથા બેશરમી અને માનવજાતને ગલત માર્ગે ભટકવાથી રોકવાનો છે. ઈસ્લામના નિયમો તથા કાનૂનો આ બાબતની ઉઘાડી દલીલ છે, ઈસ્લામ ધર્મ કોઈ પણ હાલમાં અવ્યવસ્થા અને માનવતા વિરૂધ્ધ કૃત્યની તા'લીમ નથી આપતો કેમ કે તે એક સર્વ ક્ષેત્રિય વિ□ધર્મ છે જે અવ્યવસ્થા તથા ગલત ચલણ તથા જંગલીપણાનો ખાત્મો કરવા માટે આગળ આવ્યો છે. આપણે રસૂલે અકદસ સૈયદે આલમ ﷺના મુબારક કાળનો અભ્યાસ કરીએ છીએ તો એ જાણવા મળે છે કે આપના મુબારક સમયમાં સ્ત્રીઓને મસ્જિદમાં હાજરીનો હુકમ હતો. સ્ત્રીઓ બાજમાઅત નમાઝ અદા કરવા આવ્યા કરતી હતી. મુસ્લિમ તથા અબૂ દાઊદ તથા તિર્મિઝીમાં સૈયદના

અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી આ હદીષે પાક રિવાયત થયેલ છે કે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :–

**(અર્થ)** : "પુરૂષોની સર્વ સફોમાં બેહતર પ્રથમ સફ છે અને સૌમાં કમતર પાછલી, અને સ્ત્રીઓની સર્વ સફોમાં બેહતર પાછલી અને કમતર પહેલી." *(સહીહ મુસ્લિમ, ૧/૧૮૨, તિર્મિઝી, ૧/૩૫)*

એક અન્ય હદીષમાં ઈર્શાદ ફર્માવ્યો :–

**(અર્થ)** : "જ્યારે તમારામાંથી કોઈ સ્ત્રી મસ્જિદે જવાની ઈજાઝત માંગે તો તેને ન રોકે." *(સહીહ બુખારી, ૧/૧૨૦)*

એક અન્ય હદીષે પાકમાં છે :–

**(અર્થ)** : "અલ્લાહની બાંદીઓને અલ્લાહની મસ્જિદોથી ન રોકો." *(સહીહ બુખારી, ૧/૧૨૩)*

મુસ્નદે ઈમામ અહમદ તથા સહીહ મુસ્લિમ શરીફમાં આ હદીષને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم થી રિવાયત કરી :–

સહીહૈનમાં ઉમ્મે અતિય્યહ્ رضی اللہ عنہا થી રિવાયત છે :–

**(અર્થ)** : હુઝૂર અકદસ સૈયદે આલમ صلی اللہ علیہ وسلم એ હૈઝ (માસિક)વાળી સ્ત્રીઓ તથા પર્દાનશીન કુંવારીઓને એ હુકમ ફર્માવ્યો કે ઈદોના દિવસે જમાઅતની બરકત તથા મુસલમાનોની દુઆ લેવાને માટે હાજર થાય. હૈઝવાળી સ્ત્રીઓ નમાઝ પઢવાની જગ્યાએથી દૂર રહે. (અલગ બેસે) એક સ્ત્રીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારામાંથી કોઈની પાસે ચાદર ન હોય તો ?! તો ફર્માવ્યું, "તેણીને તેની સહેલી ચાદર ઓઢાડી આપે." *(સહીહ બુખારી, ૪૬/૧)*

આ સર્વ હદીષો એ બાબતની ઉઘાડી દલીલો છે કે હુઝૂર અકદસ صلی اللہ علیہ وسلم એ સ્ત્રીઓને મસ્જિદોમાં હાજર થવાનો હુકમ આપ્યો. બલ્કે ઈદોની સખત તાકીદ કરી, એટલે સુધી હુકમ ફર્માવ્યો કે જમાઅતની બરકત તથા મુસલમાનોની દુઆઓના માટે હૈઝવાળી સ્ત્રીઓ પણ નીકળે અને નમાઝ પઢનારીઓથી અલગ બેસે અને આ **નેહી** પણ ઈર્શાદ થઈ કે, "અલ્લાહની બાંદીઓને અલ્લાહ તઆલાની મસ્જિદોથી ન રોકો." આપનું આ હુકમ ફર્માવવું મુસ્તહબ હોવાના હુકમ માટે ન હતું બલ્કે વાજિબ કરવાના તૌર પર હતું. એ જ પ્રમાણે **નેહી** પણ હરામ કરવાના અર્થમાં હતી. જેમ કે મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી قدس سرہ લખે છે :–

"રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નો **અમ્ર** (કરવાનો હુકમ) વાજિબ હોવાના માટે અને **નેહી** (રોકવાનો હુકમ) હરામના હુકમ માટે છે અને ફયૂઝ તથા બરકત લેવાનો ફાયદો ખૂદ હદીષમાં વર્ણન થયો." *(ફતાવા રઝવિય્યહ, ૧૬૪/૪)*

એનાથી સ્પષ્ટ જાહેર છે કે રિસાલતકાળમાં આ હુકમ વાજિબના સ્થાને હતો અને **નેહી** (ન કરવાનો હુકમ) હરામના માટે કે સ્ત્રીઓને મસ્જિદોની હાજરીથી રોકવું હરામ હતું. તેમની એ હાજરી બરકત પ્રાપ્તિ તથા નેકબખ્તી તથા ફયૂઝ પામવાના માટે હતી. પણ આપના પછી સંજોગો પલટાયા, લોકોનો સ્વભાવ, વિચારસરણી બદલાઈ, મનેચ્છાઓ પાછળ દીવાનાઓનો ફિત્ના ફસાદ જાહેર થયો, ખૂદ સ્ત્રીઓમાં પોતાના પ્રદર્શનનો જઝબો વિકાસ પામવા માંડયો, અવ્યવસ્થા તથા ગલત ચલન સામાન્ય થયું જેનાથી ખૂદ ઔરતો થકી તેણીઓ પર ફિત્નાનો અંદેશો થયો. જેમ કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا, પોતાના દૌરના દુ:ખદાયક સંજોગોનું વર્ણન કરતાં જણાવે છે :–

**(અર્થ) : "જો હુઝૂર અકદસ صلی اللہ علیہ وسلم સ્ત્રીઓની તે હાલત જોઈ લેત જે અમે**

**જોઈ છે તો આપ તેણીઓને મસ્જિદમાં આવવાથી એ રીતે રોકી દેત જેવી રીતે બની ઈસ્રાઈલની સ્ત્રીઓને રોકી દેવામાં આવી હતી."** *(સહીહ બુખારી, ૧/૧૨૦)*

એટલે સુધી કે જ્યારે સંજોગો અધિક બગડયા તો સૈયદના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ એ તાકીદી હુકમ છતાં મસ્જિદોમાં સ્ત્રીઓની હાજરી પર પાબંદી લાગુ કરી દીધી. જેમ કે ઈનાયા અકમલુદ્દીન બાબર્તીમાં છે :–

**(અર્થ)** : અમીરુલ મો'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ સ્ત્રીઓને મુસ્જિદોની હાજરીથી મના ફર્માવ્યું તો તે સ્ત્રીઓ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ની પાસે ફરિયાદ લઈને ગઈ. તો ફર્માવ્યું કે **જો હુઝૂરે અકદસ** صلی اللہ علیہ وسلم **તમારી તે હાલત જોઈ લેત જે ઉમરે જોઈ તો તમને મસ્જિદોમાં આવવાની ઈજાઝત ન આપત."** *(ફતાવા રઝવિય્યહ, ૪/૧૭૦)*

આ પરથી જાણવા મળ્યું કે હુઝૂરે અકદસ સૈયદે આલમ صلی اللہ علیہ وسلم ના બરકતવાળાકાળમાં સ્ત્રીઓની જમાઅત તેમજ મસ્જિદોમાં હાજરીની વ્યવસ્થા હતી, બાદમાં સંજોગો પલટાયા જેથી સૈયદના અમીરુલ મો'મિનીન رضی اللہ عنہ એ હાજરી પર પ્રતિબંધ લગાડી દીધો જેથી કરીને ફિત્નો ફસાદ ફેલાય ન જાય. અને સ્ત્રીઓની ઈજ્જત તથા આબરૂ સખત ખતરામાં ન પડી જાય. **શરીઅતે પાકનો ઉસૂલ ફિત્નાની રોકથામનો છે** જેમ કે ફકીહે આ'ઝમે હિંદ સદરુશ્શરીઅહ قدس سرہ *ફતાવા અમજદિયા*માં આ ઉસૂલ પર પ્રકાશ વેરતાં જણાવે છે :–

**"શરીઅતના ઉસૂલમાં ફિત્નાની રોકથામ છે. જે ચીજ એક સમયે ફિત્નાનો સબબ ન હતી અને હવે ફિત્નો ખડો કરનાર છે તો તેનાથી રોકવામાં આવશે."** *(ફતાવા અમજદિયા, ૩/૧૬૦)*

શરીઅતે મુતહ્હરાના ઉસૂલમાં જેવી રીતે ફિત્નાને રોકવું છે તેવી જ રીતે તેનું બંધારણમાં ક્રમબધ્ધતા છે કે તે ક્રમે ક્રમે ઉમ્મતની સરળતાને ખાતર કોઈ હુકમને લાગુ પાડે છે જેથી સારી પ્રકૃતિ તેના પર આસાનીથી અમલ કરી શકે. બિલકુલ એ જ હાલ મસ્જિદમાં ઔરતોની હાજરીનો છે કે પ્રારંભમાં તદ્દન મનાઈ (એકદમ મનાઈ) ન હતી, જેમ કે મુજદ્દિદે આ'ઝમ સૈયદના આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ ફર્માવે છે :–

હઝરત સૈયદેના ઝુબૈર ઈબ્નુલ અવામ رضی اللہ عنہما એ પોતાની પવિત્ર પત્ની, સાલેહા, આબિદા, ઝાહિદા, તકિય્યા, નકિય્યા હઝરત આતિકા رضی اللہ عنہا ને ના આધારે અમલી રીતે સાવચેત કરીને મસ્જિદે મદીના તૈયેબાની હાજરીથી રોક્યાં. તે પાક બીબીને મસ્જિદે કરીમથી ઈશ્ક હતો. પહેલાં અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના નિકાહમાં આવ્યાં તો નિકાહ અગાઉ અમીરુલ મો'મિનીનથી શર્ત કરી લીધી કે મને મસ્જિદથી રોકવામાં ન આવે. એ ભલાઈના જમાનામાં કેવળ ઔરતોને કતઈ (તદ્દન) મનાઈ ન હતી, જેના સબબે બીબીઓને મસ્જિદોમાં હાજરી તથા કદી કદી અમુક મઝારોની ઝિયારત બાબતે પણ (ઈજાઝત) નકલ થયેલ છે. ઉમ્મે અતિય્યા رضی اللہ عنہا થી સહીહૈનમાં છે કે અમને જનાઝાઓ પાછળ જવાથી મના કરવામાં આવ્યું પણ કતઈ મના ન હતી.

એના પર ગુન્યહના આ લખાણમાં ફર્માવ્યું કે, "આ તે સમયે હતું જ્યારે મસ્જિદની હાજરી એમના માટે જાઈઝ હતી પણ હવે હરામ અને તદ્દન મના છે. એટલે એ કારણે તે સમયે અમીરુલ મો'મિનીન તેણીની એ શર્ત માન્ય રાખી હતી. છતાં એવું જ ચાહતા હતા કે તેણી મસ્જિદે ન જાય. આપ કહેતાં, તમે મના કરી દો તો હું જઈશ નહીં ! પણ અમીરુલ મો'મિનીન શરત ભંગ ન થાય એટલે

તેણીને મના ન કરતા. અમીરુલ મો'મિનીન પછી હઝરત ઝુબૈર رضی اللہ عنہ સાથે નિકાહ થયો. આપ મના કરતા પણ તે ન માનતાં. એક દિવસે તેમણે એ યુક્તિ કરી કે ઈશાના સમયે અંધારી રાતમાં તેણીના જતાં પહેલાં માર્ગમાં કોઈ દરવાજામાં છુપાઈ રહ્યા. જ્યારે તે આવ્યાં અને તે દરવાજાથી આગળ વધ્યાં તો તેમણે નીકળીને પાછળથી તેમના સર મુબારક પર ટપલી મારી અને છુપાઈ ગયા. હઝરત આતિકાએ કહ્યું, "અમે અલ્લાહના માટે છીએ, લોકોમાં ખરાબી આવી ગઈ !" આવું કહીને ઘરે પાછાં આવી ગયાં અને પછી જનાઝો નીકળતા સુધી ન નીકળ્યાં. તો આ રીતે હઝરત ઝુબૈરે તેમને એ **ચેતવણી આપી કે સ્ત્રી ગમે તેટલી નેક હોય, તેણી તરફથી ભય ભલે ન હોય પણ ફાસિક મર્દો તરફથી એના સામેના ભયનો શું ઈલાજ ?!** *(ફતાવા રઝવિય્યહ, ૪/૧૭૩, ૧૭૪)*

અલ્લામા અયનીએ ભાગ–૩ માં સહાબાએ કિરામ તથા તાબઈને એઝામની મનાઈ બાબતે સખ્તીનું વર્ણન આ શબ્દોમાં કર્યું છે :–

**(અર્થ)** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما ફર્માવે છે, **સ્ત્રી માથાથી પગ સુધી (સરાપા) શર્મની ચીજ છે, તેણી સૌથી અધિક અલ્લાહ عزوجل ની નજીક પોતાના ઘરના અંદરના ભાગમાં હોય છે, અને જ્યારે બહાર નીકળે તો શૈતાન એના પર નજર નાખે છે.** અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما જુમ્આના દિવસે ઉભા થઈને કાંકરીઓ મારીને ઔરતોને મસ્જિદથી કાઢતા. અને ઈમામ ઈબ્રાહીમ નખઈ ઉસ્તાઝુલ અસાતેઝાએ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ પોતાની સ્ત્રીઓને જુમ્આ તથા જમાઅતમાં જવા દેતા ન હતા. ત્યારબાદ ઈમામોએ મનાઈ શરૂ કરી આપી, પ્રથમ એ પાબંદી વૃદ્ધ ઔરતો માટે ખાસ સમયોમાં અને યુવાન સ્ત્રીઓ માટે તદ્દન પાબંદી હતી. પછી તમામ સમયોમાં તમામ સ્ત્રીઓને મના કરી દેવામાં આવ્યું. મુજદ્દિદે આ'ઝમ સૈયદના ઈમામ અહમદ રઝા قدس سرہ ફર્માવે છે :–

"પછી તાબઈનના જમાનાથી જ ઈમામોએ મનાઈ શરૂ કરી દીધી, પ્રથમ યુવાન સ્ત્રીઓને પછી વૃધ્ધ સ્ત્રીઓને પણ મનાઈ કરી, પ્રથમ દિવસે પછી રાત્રે પણ, એટલે સુધી કે એ મનાઈ સર્વ સામાન્ય થઈ ગઈ. *(ફતાવા રઝવિય્યહ, ૪/૧૭૦)*

તન્વીરે અવરાદમાં છે :–

(یکرہ حضور هن الجماعة) ولو لجمعة و عيد ووعظ (مطالقا) ولو عجوز اليلا (على المذهب) المفتى به لفساد الزمان۔

–*(દુર્રે મુખ્તાર, બાબુલ ઈમામત, ૧/૮૩)*

ઈનાયહમાં છે :–

فاحتج به علماء نا ومعوا الشواب عن الخروج مطالقا أم العجائز فمنعهن أبو حنيفة رضى الله تعالىٰ عنه عن الخروج فى الظهر والعسر دعن الفجر والمغرب والعشاء والفتوىٰ اليوم على كراهة هضروهن فى الصلوات كيلها الفساد الزمان۔

**(અર્થ)** : "આ પરથી આપણા આલિમોએ દલીલ કરી છે અને યુવતીઓને તદ્દન મસ્જિદમાં આવવાથી રોકી. હવે રહી ગઈ વૃધ્ધાઓ તો ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ એ કેવળ ઝોહર તથા અસ્રમાં આવવાથી મના કરી. અને આજે જમાનામાં ફસાદાત (ખરાબીઓ) ઉદ્ભવ પામી ચૂકી છે એટલા માટે ફત્વો એના પર છે કે યુવાન તથા વૃધ્ધ દરેક પ્રકારની સ્ત્રીઓને તમામ નમાઝોમાં મસ્જિદમાં આવવું મકરૂહ છે." *(ફતાવા રઝવિય્યહ, ૪/૧૭૦)*

આ તમામ ઈર્શાદોથી સ્પષ્ટ થયું કે મસ્જિદમાં આવીને બાજમાઅત નમાઝ અદા કરવી એ નિઃશંક ! નેક કામ છે પણ આ નેક અમલના ઓથા હેઠળ

ખરાબીઓ પણ છુપાયેલી છે, અને કુર્આને કરીમનો ઈર્શાદ છે :– ولاتفسدوا فی الأرض۔ "જમીનમાં ફસાદ ન ફેલાવો."

હવે જ્યારે અહીં ભલાઈ તથા બુરાઈ, અચ્છાઈ તથા ખરાબી બંને મૌજૂદ છે અને બુરાઈ તથા ખરાબી અધિક્તર છે તથા ભલાઈ તથા અચ્છાઈ નિમ્ન સ્તરે છે જેથી ખરાબી તથા બુરાઈની ઈજાઝત મળશે નહીં, કેમ કે એ નિયમ તથા બંધારણ છે કે, "ખરાબી જ્યારે અચ્છાઈ પર સવાર હોય તો ખરાબીઓને દૂર કરવું શરઈ અચ્છાઈની પ્રાપ્તિ કરતાં બેહતર છે." હવે જ્યારે કે સ્ત્રીઓને મસ્જિદોમાં આવીને નમાઝ બાજમાઅત અદા કરવું ખરાબીઓથી ખાલી નથી, બલ્કે શરઈ અચ્છાઈઓ પર ખરાબીઓ ચઢી જાય છે તો ખરાબીઓને દૂર રાખવાને અચ્છાઈઓની પ્રાપ્તિ કરતાં અગ્રતા આપવામાં આવશે. જો કે આ ઉસૂલ وقدتراعی المصلحة لغلبتها علی الفساد۔ પણ પોતાની જગાએ સિધ્ધ થયેલ છે પણ એ ત્યારે છે જ્યારે શરઈ અચ્છાઈ ખરાબીઓ પર સવાર હોય જેથી એ વખતે શરઈ અચ્છાઈઓને જ અગ્રતા આપવામાં આવશે. **નિ:શંક ! એ દોરના એતબારથી અત્યારના સંજોગો જુદા બલ્કે એટલા અંતિમ કક્ષાના જુદા છે જેને લખાણમાં લખવા યોગ્ય પણ નથી !** સૈયદેના ઈમામ અહમદ રઝા قدس سرہ પોતાના સમયના સંજોગોના સંબંધે લખે છે :–

"શું એ જમાનાની સ્ત્રીઓ ગરબાવાળીઓ તથા ગાવા નાચવાવાળી કે ફાહિશા દલાલા હતી ?! અને હવે નેકો કાર છે ?! અથવા શું ત્યારે વધારે ફાહિશા હતી અને હવે વધુ નેક છે ?! અથવા ત્યારે ફયૂઝો તથા બરકતો ન હતી અને હવે છે ?! અથવા ત્યારે (ફયૂઝો તથા બરકતો) ઓછી હતી હવે વધારે છે ?! હરગિઝ નહીં ! હવે મામલો તદ્દન યકીનન ઉલ્ટો છે. અત્યારે જો એક સાલેહા (નેક સ્ત્રી) છે તો ત્યારે હજાર હતી, ત્યારે જો એક ફાસિકા (જાહેરમાં ગુનાહ કરનારી) હતી તો અત્યારે હજાર છે. અત્યારે જો એક ભાગ ફયૂઝ છે તો ત્યારે હજાર ભાગ ફયૂઝ હતો. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

لایتی ألاوالذی بعده شرمنه۔

**(અર્થ) : "કોઈ એવું વરસ આવશે નહીં જેના પછીનું એનાથી બદ્તર ન હોય."** *(ફતાવા રઝવિય્યહ્, ૪/૧૭૦)*

મુજદ્દિદે આ'ઝમ સૈયેદના આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ એ પોતાના જમાનાની સ્થિતિને અનુરૂપ અક્ષરે અક્ષર સાચો કહ્યો. તો આજે જ્યારે કે સ્થિતિ મહદ અંશે બદ્તર થઈ ચૂકી છે જેને દરેક બુધ્ધિશાળી તથા સમજબુઝવાળો સમજે છે, બલ્કે સચ્ચાઈ તો એ છે કે આ દુ:ખદાયક માહોલમાં ઈન્સાનિયત ધ્રુસકાં લઈ રહી છે ! દરેક બાજુ "અલ્લાહ રહમ કરે"ની અવાજો ઊંચી થઈ રહી છે. એક પારસા તથા પાકદામન સ્ત્રીએ ઈજ્જત તથા પવિત્રતાની સાથે જિંદગી પસાર કરવી મુશ્કેલ થઈ ચૂકી છે, ચોતરફ બુરાઈઓનું સામ્રાજ્ય છે એવા સંજોગોમાં મસ્જિદોમાં સ્ત્રીઓની હાજરીની ઈજાઝત પાકદામન સ્ત્રીઓના પાકીઝા વજૂદ સાથે ખેલ કરવું જ નહીં બલ્કે મસ્જિદની પવિત્રતાને પણ પાયમાલ કરવું છે અને ફિત્ના ફસાદની પ્રતિ જાહેર નિમંત્રણ આપવું છે. ફિત્નો કેવળ એ જ નથી જે સ્ત્રીની તરફથી થાય બલ્કે એ પણ ફિત્નો છે જે સ્ત્રી પર થાય. આપણા ફકીહોએ જે ઈલ્લત (સબબ) દર્શાવી કે, "એ કારણે કે એમાં ફિત્નાનો ડર છે" તે બંનેને અનુલક્ષીને છે. મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા قدس سرہ ફર્માવે છે :–

આપણા ઈમામોએ બંને સબબો ઈર્શાદ ફર્માવ્યા. હિદાયહમાં છે :–

لم فیه من خوف الفتة "એ કારણે કે એમાં ફિત્નાનો ડર છે." બંનેમાં સામેલ છે. સ્ત્રીથી ડર

હોય કે સ્ત્રી માટે ડર હોય. *(ફતાવા રઝવિય્યહ, ૪/૧૭૪)*

જ્યારે આપણા ઈમામોએ ફિત્નાના ડર પર મનાઈનો હુકમ કર્યો છે, તો હવે જ્યારે ફિત્ના ભરપુર છે ત્યાંની તો વાત જ શી કરવી ? અહીં એ બાબત પણ યાદ રાખશો કે મનાઈનો આ હુકમ સર્વ સામાન્ય (આમ) છે, કેવળ ફાસિકા સ્ત્રીઓ સાથે ખાસ નથી કે નેક સ્ત્રીઓ માટે ઈજાઝત હોય. કેમ કે અચ્છાઈ તથા ખરાબી એ દિલની છુપી ચીજો છે. મુજદ્દિદે આ'ઝમ સૈયદેના આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ ફર્માવે છે :–

''અચ્છાઈ તથા બુરાઈ એ દિલની છુપી ચીજો છે અને દાવાના માટે સૌની જીભ ખુલ્લી હોય છે અને હક્ક તથા બાતિલ નામાલૂમ છે, જેથી અચ્છાઈથી બુરાઈ તરફ પ્રયાણ કાંઈ મુશ્કેલ નથી. ખાસ કરીને હવા લાગીને, ખાસ કરીને સ્ત્રીઓનાં દિલ કે પલટાવા માટે ખૂબ જ તૈયાર હોય છે. (એટલે કે તેણીને પલટાતાં વાર નથી લાગતી. **–અનુવાદક**) *(ફતાવા રઝવિય્યહ, ૪/૧૭૧)*

એક અન્ય ઠેકાણે જણાવે છે :–

અહીં એક પોઈન્ટ બીજો પણ છે જેનાથી સ્ત્રીઓના પ્રકાર (નેક તથા બદ) બનાવવા તથા તેમની નેકી તથા બુરાઈ પર નજર કરવાનો કોઈ અર્થ જ નથી રહેતો અને કતઅન હુકમ સૌને માટે આમ થઈ જાય છે, ભલે ગમે તેવી સાલેહા, પારસા હોય. ફિત્નો એ જ નથી કે સ્ત્રીના દિલથી જ પેદા થાય બલ્કે તે પણ છે અને સખ્તતર છે જેનાથી ફાસિકો તરફથી સ્ત્રી માટે ભય હોય. અહીં સ્ત્રીનું ભલી હોવું શું કામ લાગશે ?! *(ફતાવા રઝવિય્યહ, ૪/૧૭૩)*

આપે ત્યારબાદ સૈયદેના ઝુબેર ઈબ્ને અવામ رضی اللہ عنہما ની બીવી હઝરત આતિકા رضی اللہ عنہا નો પ્રસંગ લખ્યો જે અગાઉનાં પૃષ્ઠોમાં વર્ણન થઈ ચૂક્યો જેનાથી જાહેર થાય છે કે મનાઈનો હુકમ કેવળ ફિત્નો કરનાર સ્ત્રીઓ સાથે ખાસ નથી કેમ કે હઝરત આતિકા તથા મદીના તૈયેબહની તે સ્ત્રીઓ જેઓ સહાબિયા તથા તાબઈ હતી, ફિત્નો કરનાર અને ફસાદ ખડો કરનાર ન હતી બલ્કે તકવાવાળી અને પરહેઝગાર હતી. મુજદ્દિદે આ'ઝમ સૈયેદેના આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ એ વિશે સ્પષ્ટતા કરતાં લખે છે :–

**"જ્યારે તે ભલાઈના જમાનાઓ અને તે મહાન ફ્યૂઝો તથા બરકતોના સમયોમાં સ્ત્રીઓને મના કરી દેવામાં નથી આવી ! અને શાનાથી ?! મસ્જિદો તથા જમાઅતમાં શરીક થવાથી ! જ્યારે કે દીને મતીનમાં આ બંનેની સખત તાકીદ છે. તો શું બુરાઈઓથી ભરપુર સમયમાં અને આ આંશિક સંભવિત ફ્યૂઝોના બહાના હેઠળ સ્ત્રીઓને ઈજાઝત આપવામાં આવશે ?! તે પણ શાની ?! કબરોની ઝિયારતે જવાની કે જે શરીઅતની રૂએ તાકીદ થયેલ નથી અને ખાસ કરીને મેલા ઠેલાઓમાં જે ખુદાથી ન ડરનારાઓએ મુબારક મઝારો પર કાઢી રાખ્યા છે, એ કેટલા અંશે શરીઅતે પાકથી વિરૂધ્ધ છે !** શરીઅતે પાકનો કાયદો છે કે, ''અચ્છાઈ પામવા કરતાં બુરાઈને દૂર કરવું અગ્રતા ધરાવે છે.'' درء المفاسد أولى من جلب المصالح. જ્યારે કે નુકસાન એનાથી ઘણુ જ ઓછું હતું, આ મહાન મસ્લેહતથી દીનના ઈમામો ઈમામે આ'ઝમ તથા સાહિબૈન (ઈમામ મુહમ્મદ તથા ઈમામ ઈબ્ને યૂસુફ) તથા તેમના પછીનાઓએ રોક લગાડી અને સ્ત્રીઓના પ્રકાર (સારી, બુરી) ન બનાવ્યા કે નેક સ્ત્રીઓ જાય અને ફાસિકા ન જાય, બલ્કે એક સર્વ સામાન્ય હુકમ આપ્યો. શું તેમણે આ આયતો ન સાંભળી હતી ?

أفمن كان مؤمنا كمن كان فاسقا لا يستوٗن. پ ۲۱ ع ۱۵ اس السجدة. أمنجعل المتقين كالفجار. پ ۲۳ ع ۱۲ س ص م.

"તો શું જેઓ ઈમાનવાળા છે તે એમના જેવા થઈ જશે જે હુકમ છે, એ બરાબર નથી. અથવા અમે પરહેઝગારોને બુરા લોકોના બરાબર ઠરાવી દઈએ." *(ફતાવા રઝવિય્યહ્, ૪/૧૭૦)*

એક અન્ય સ્થળે ફર્માવે છે :–

"અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما જુમ્આના દિવસે સ્ત્રીઓને કાંકરીઓ મારીને મસ્જિદેથી કાઢતા અને ઈમામ અજલ ઈબ્રાહીમ નખઈ તાબઈ પોતાના ત્યાંની સ્ત્રીઓને જુમ્આ તથા જમાઅતમાં જવા દેતા ન હતા. અમીરુલ મો'મિનીન ફારૂકે આ'ઝમ સ્ત્રીઓને મસ્જિદની હાજરીથી મના કરતા. **શું મદીના પાકની તે સ્ત્રીઓ કે જેઓ સહાબીયાત તથા તાબઈયાત હતી અને તે ઈમામે અજલ તાબઈની સ્ત્રીઓ મઆઝલ્લાહ ફિત્નો કરનાર હતી ? ફસાદ કરનાર હતી ? હરગિઝ નહીં !** કેટલા અજબની વાત છે જો સહાબા તથા તાબઈનને પણ કહેવામાં આવે કે સૌને એક જ લાકડીએ હાંક્યા અને મુત્તકી તથા ફાજિરોનો ફરક ન કર્યો ! હાશા ષુમ્મ હુમ. તો સાબિત થયું કે મનાઈ સર્વ સામાન્ય છે કેવળ ફાસિકા માટે ખાસ નથી. *(ફતાવા રઝવિય્યહ્, ૪/૧૭૪)*

આ પરથી સાબિત થયું કે તમામ સ્ત્રીઓની હાજરીની મનાઈનો હુકમ એ સૌને એક જ લાકડીએ હાંકાવાનું નથી **બલ્કે મુકદ્દસ પાક દામનોની આબરૂને બુરાઈઓની બુરાઈથી બચાવવું છે.** જયારે એ મુકદ્દસ સહાબાએ કિરામ અને તે મહાન તાબઈઓ અને દીને મતીનના ઈમામોએ સ્ત્રીઓના પ્રકાર ન પાડયા કે પાક દામનોને ઈજાઝત આપી અને ફાસિકાઓને રોકી, તો પછી આ ફિત્નાસભર દૌરમાં અને ફિત્નાથી ભરપુર માહોલમાં આ વહેંચણી તથા ખાસ કરવાની તદ્દન ગુંજાઈશ નથી કેમ કે આ દૌરમાં નેક સ્ત્રીઓ ઓછી તથા બુરી સ્ત્રીઓ વધારે છે, તો જયારે પવિત્ર સહાબા તથા તાબઈન તથા મહાન ઈમામોએ નેક કે બુરા દિલનો લેહાઝ ન કર્યો અને તફાવત કરવા કે ખાસ કરવાનું માન્ય ન રાખ્યું બલ્કે મનાઈનો હુકમ આમ કર્યો તો અત્યારે જયારે કે મામલો તદ્દન ઉલ્ટો છે એવા સમયે કેમ કરીને મનાઈનો હુકમ આમ નહીં થાય ?! ચોક્કસ મનાઈનો હુકમ આમ જ રહેશે.

હુઝૂરે અકદસ ﷺ ના આ તાકીદી હુકમ છતાં મનાઈનો હુકમ કરવું એ હદીષોની મુખાલફત કહેવાશે નહીં, બલ્કે એ ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ના આ જરૂરી કૌલના પ્રમાણે છે જે આપે ઈર્શાદ ફર્માવ્યો :–

**(અર્થ) : જો રસૂલુલ્લાહ ﷺ સ્ત્રીઓની એ હાલત જોવત જે અમે જોઈ, તો આપ તેણીઓને મસ્જિદે આવવાથી રોકી આપત, જેવી રીતે કે બની ઈસ્રાઈલની સ્ત્રીઓને રોકી દેવામાં આવી હતી.**

એટલે કે હુઝૂર ﷺ ના જમાનામાં જો વર્તમાનકાળ જેવા સંજોગો હોત તો મનાઈનો જ હુકમ ફર્માવત કેમ કે એ વખતે મનાઈનો જ હુકમ શરીઅતની મસ્લેહતમાં હોત. તો પછી આ દૌરમાં શરીઅતના હેતુઓની મુખાલફત કઈ રીતે કહેવાશે ? અને હદીષની મુખાલફતનો આક્ષેપ કેમ કરીને લાગુ કરી શકાય ?

પાછલા પૃષ્ઠોની ચર્ચા વિચારણા પરથી એ **શંકાની** હકીકત પણ સ્પષ્ટ થઈ જાય છે જે આ સ્થાને કરવામાં આવે છે કે **સ્ત્રીઓને મસ્જિદોની હાજરીથી શા માટે રોકવામાં આવશે જયારે કે હજ્જે બૈતુલ્લાહથી ન રોકવામાં આવી ?**

**પ્રથમ** તો એટલા માટે કે જે સમયે અમીરુલ મો'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ સ્ત્રીઓને મસ્જિદની હાજરીથી મના કરી ત્યારે હજ્જે બૈતુલ્લાહથી મના નથી ફર્માવ્યું.

**બીજું** એ કે જે વખતે અમીરૂલ મો'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ મના ફર્માવ્યું તો એ સ્ત્રીઓ ઉમ્મુલ મો'મિનીન હઝરત અકાઈશા સિદીકા رضی اللہ عنہا ની પાસે ફરિયાદ માટે ગઈ, તો આપે જે જવાબ આપ્યો તે ઉપર વર્ણન થઈ ચૂક્યો. હજ્જે બૈતુલ્લાહના વિશે નથી ફર્માવ્યું બલ્કે મસ્જિદોમાં સ્ત્રીઓની હાજરીના સંબંધે જ જણાવ્યું જ્યારે કે હજ્જમાં સ્ત્રીઓની હાજરીનો હાલ તેમને માલૂમ હતો.

**ત્રીજું** એ કે તે સ્ત્રીઓ સહાબી તથા તાબઈ સ્ત્રીઓમાંથી હતી, તેમણે ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદીકા رضی اللہ عنہا થી એ બહાનુ નથી દર્શાવ્યું કે જ્યારે હજ્જમાં સ્ત્રીઓની હાજરીની ઈજાઝત છે તો પછી પંજગાના નમાઝોમાં કેમ કરીને ઈજાઝત નહીં થાય.

વળી ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના દૌરમાં મૌજૂદ મહાન સહાબામાંથી કોઈ સહાબીએ પણ એના પર ઈન્કાર અને એવો વાંધો નથી લીધો, બલ્કે તેમનો મામલો પાછલા પૃષ્ઠોમાં વર્ણન થઈ ચૂક્યો કે તેમણે મનાઈના હુકમને અયન હુઝૂર ﷺ ના હેતુ મુજબનો સમજ્યો.

દીને મતીનના ઈમામોએ પોતાના દૌરમાં મસ્જિદોની હાજરીના સંબંધે મનાઈનો હુકમ કર્યો અને હજ્જે બૈતુલ્લાહમાં સ્ત્રીઓની હાજરીને આ હુકમની વિરૂધ્ધ ન જાણી જ્યારે કે આ હઝરાત શરીઅતની મસ્લેહતોના સારી રીતે વાકેફ હતા.

આ મહાન સહાબાએ કિરામ તથા તાબઈને એઝામ તથા દીને મતીનના **ઈમામોની બુધ્ધિઓ આપણી બુધ્ધિઓ કરતાં અતિશય કક્ષાની મજબૂત હતી**, તેમનાં ચિંતનો આપણા વિચારો કરતાં અધિક દુરુસ્ત હતાં, ફિકહ (દીની જ્ઞાન) તથા ઈફતા (ફતાવા સંબંધે)માં જે સંપૂર્ણ પહોંચે તેમને હતી, તેની હકીકત એ છે કે **આપણે તેમના માર્ગની ધૂળ બરાબર પણ નથી.**

તદ્ઉપરાંત ઈસ્લામ ધર્મમાં સ્ત્રીઓને મુત્લકન હજ્જે બૈતુલ્લાહની ઈજાઝત ન આપી બલ્કે તેની એક હદ નિશ્ચત કરી કે સ્ત્રી ભલે પરહેઝગાર કે ઝઈફા હોય તેણે પતિ કે મેહરમ વિના સફરે હજ્જમાં જવું હરામ છે. રસૂલે અકદસ ﷺ ફર્માવે છે : (અર્થ) : **"હલાલ નથી કોઈ સ્ત્રીને માટે જે અલ્લાહ તઆલા અને કિયામતના દિવસ પર ઈમાન રાખતી હોય કે એક મંઝિલ પણ સફર માટે જાય જ્યાં સુધી સાથમાં પતિ કે રિશ્તેદાર (મેહરમ) ન હોય જેની સાથે હમેશાં હમેશાં માટે નિકાહ હરામ છે."** *(ફતાવા રઝવિય્યહ્, ૪/૬૮૩)*

પવિત્ર શરીઅતે એક મંઝિલના અંતર સુધી પણ પતિ કે મેહરમ વિના હજ્જની સફરમાં જવાનું એટલા માટે હરામ કર્યું કે જેથી તેણીની આબરૂ સલામત રહે અને ફિત્નાનો અંદેશો ન રહે. **જ્યારે પતિ તથા મેહરમ તેની રક્ષાના માટે તેની સાથે મૌજૂદ છે તો ખૂદ તેણી થકી તથા તેણી માટે ફિત્નાનો ભય ન રહ્યો.** આ પરથી ઉજ્જવળ ચિંતનવાળાઓના કિયાસ તથા દલીલોની હકીકત ચમકતા સૂરજથી અધિક સ્પષ્ટ થઈ જાય છે. સારાંશ કે **જે ફિત્નાના ભય હેઠળ મસ્જિદોમાં સ્ત્રીઓની હાજરી મના છે તે ફિત્નાનો ભય હજ્જની સફરમાં નથી.** મસ્જિદોની હાજરીમાં આ પ્રમાણેની રક્ષા તકલીફ તથા મુશ્કેલીનો સબબ છે જે દરેક બુધ્ધિશાળી તથા સમજ શક્તિવાળા પર જાહેર છે. દરેક માણસને સારી રીતે માલૂમ છે કે દિવસ તથા રાતમાં પાંચ વખતની નમાઝો ફર્ઝ છે અને જિંદગીમાં એકવાર ફર્ઝ નથી અથવા ખાસ નિશ્ચિત મહીનાઓમાં ફર્ઝ હોય એવું નથી. તો પછી અહીં મના સિવાય ફિત્નાના નિવારણનો શો માર્ગ બાકી રહે છે ? તો કહેવાતા બુધ્ધિજીવી તથા આઝાદ વિચારધારાવાળા મુજતહિદોને ઈજતેહાદની ઈજાઝત આપી દેવામાં આવે તો પછી મુસ્લિમ સ્ત્રીઓની ઈજ્જત આબરૂ સલામત રહેશે નહીં અને દીન પરથી અમાન ઉઠી

જશે. રોજ બરોજ એવી ખુરાફાતવાળી બહસો થતી રહે છે જેને શરીઅતના ઉસૂલ સાથે કોઈ સંબંધ નથી. **મુસલમાનો અને ખાસ કરીને ઈસ્લામી બહેનો માટે અતિશય લાઝિમ તથા જરૂરી છે કે એવા લોકોની બકવાસ ભરી બહસોથી દૂર રહે જેમના વિચારોમાં આવારાપણુ તથા નાઈન્સાફીપણુ છે. ઈસ્લામના સરદારો તથા ઉમ્મતના રહબરોના મહાન આદેશોને દીવાદાંડી તથા અમલનું બંધારણ સમજે** કેમ કે કુર્આને પાકે એ રબ્બાની ઉલમાના સંબંધે ઈર્શાદ ફર્માવ્યો :–

انما يخشى الله من عباده العلماء۔

"અલ્લાહના બંદાઓમાં કેવળ ઉલમા જ અલ્લાહથી ડરે છે." મુસ્લિમ ઉમ્મતના સાચા લીડર રબ્બાની ઉલમા જ છે જેમની આજ્ઞાપાલનનો હુકમ કુર્આને પાકમાં ફર્માવવામાં આવ્યો. કુર્આને અઝીમમાં ઈર્શાદ છે :–

يـأيها الذين اٰمنوا أطيعو الله وأطيعو الرسول و أولى الأمر منكم۔

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તથા રસૂલ તથા અસ્હાબે અમ્રનું આજ્ઞાપાલન કરો." *(પા. ૫, રૂ. ૫, સૂ. નિસાઅ)*

સારાંશ એ કે **મુસ્લિમ ઉમ્મતના દીની તથા કૌમી સરદારીના અમલબરદાર (ઝંડાધારી) તે સરદારો છે જેમનાં દિલો અલ્લાહના ડરથી અને ખશિય્યતે રબ્બાનીથી ભરપૂર છે, નહીં કે વર્તમાન પત્રો (ટી.વી.) વગેરે પર નિવેદનો બહાર પાડનારા નામ માત્રના મુસલમાન લીડરો !** (કે જેઓ પોતે જ ગુમરાહીમાં સપડાયેલા છે !)

## બાળકોનો તર્બિયતી ગુલશન

–કાર્યાલય

## નિય્યતનું ફળ

સુલ્તાન મહમૂદ ગઝનવી علیہ الرحمۃ والرضوان ઘણા જ મશ્હૂર બાદશાહ થઈ ગયા છે. એક વખતની વાત છે કે આપ ફરતા ફરતા એક એવા ગામમાં આવી પહોંચ્યા જ્યાં શેરડીની ઘણી જ વધારે ખેતી કરવામાં આવતી હતી.

મહમૂદ ગઝનવી علیہ الرحمۃ والرضوان એ કદાચ અત્યાર સુધી શેરડી જોઈ હતી અને ન ચૂંસી હતી. જ્યારે આપે શેરડી ચૂંસી તો ઘણી જ પસંદ આવી. આપે વિચાર્યું કે હવેથી શેરડીની પેદાશ પર કર નક્કી કરીશ જેથી શાહી ખઝાનાની આવક વધી જાય. આટલુ વિચાર્યું હતું કે અચાનક શેરડીથી રસ અદશ્ય થઈ ગયો ! આપે તરત જ ખેડૂતોને કહ્યું કે, "લોકો ! શું વાત છે કે અચાનક શેરડીથી રસ જ ખતમ થઈ ગયો ?!" આપની વાત સાંભળીને એક ઘરડો ખેડૂત સામે આવ્યો અને કહ્યું કે, હુઝૂર ! જણાય છે કે આપણા આ દેશના બાદશાહની નિય્યત ખરાબ થઈ ગઈ છે. એણે પોતાના રાજ્યમાં કોઈ એવો કાનૂન જારી કરવાની નિય્યત કરી લીધી છે જેમાં લોકોનું નુકસાન છે, એ જ કારણે શેરડીનો રસ અદશ્ય થઈ ગયો છે.

આપ પોતે જ બાદશાહ હતા અને આપે જ શેરડીની પેદાશ પર કર નક્કી કરવાની નિય્યત કરી હતી. બસ, સમજી ગયા કે આ મારી જ નિય્યતની ખરાબીનું ફળ છે. આપે તરત જ દિલમાં તૌબા કરી અને એ નક્કી કરી લીધું કે હું કદી પણ કર નક્કી કરીશ નહીં.

આપે દિલમાંને દિલમાં જેવી તૌબા કરી તો તરત શેરડીમાં રસ ભરાઈ ગયો અને પછી આપે શેરડી ચૂંસી તો રસ ભરેલો હતો.

**ફાયદો** : દેશનો મોટો હાકિમ બાદશાહ થયા કરે છે જ્યાં સુધી બાદશાહ સારા રસ્તા પર ચાલતો રહેશે દેશની અંદર અમનો ચેન અને સમુદ્ધી રહેશે અને જ્યારે એની નિય્યત બગડી જશે તો દેશમાં બર્બાદી જરૂર ફેલાશે.

મહમૂદ ગઝનવી علیہ الرحمۃ والرضوان એ માત્ર દિલમાં શેરડીની પેદાશ પર કર નક્કી કરવાનો ઈરાદો કર્યો હતો કે અચાનક શેરડીના રસની બરકત ખતમ થઈ ગઈ અને જ્યારે બાદશાહે તૌબા કરી લીધી અને પોતાની નિય્યત ઠીક કરી લીધી તો અલ્લાહ તઆલાએ શેરડીને રસદાર કરી દીધી. જાણવા મળ્યું કે સારી નિય્યતનું ફળ સારું અને બુરી નિય્યતનું ફળ બુરું છે.

*–(રૂહુલ બયાન શરીફ)*

બ ઝ્મે ઔલિયા

# હઝરત કાઝી મહમૂદ દરિયાઈ

(ઉર્સ : ૧૧ રબી. આખર)

(رحمة الله عليه)

અઝ : હઝરત પીર સફીયુલ્લાહબાવા દરિયાઈ અશરફી, બીરપુર શરીફ

હઝરત કાઝી મહમૂદ દરિયાઈ બુલંદ મર્તબાવાળા હતા.

### ✪ ખાનદાની હાલાત ✪

આપ હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના ખાનદાનમાંથી છે. હઝરત અબ્બાસ رضی اللہ عنہ સરવરે આલમ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ના કાકા હતા. અબ્બાસિયા ખાનદાનના આપ ચશ્મો ચિરાગ છે.

### ✪ દાદા તથા વાલિદે માજિદ (પિતા) ✪

આપના દાદા કાઝી મુહમ્મદ હઝરત કુત્બે આલમ رحمۃ اللہ علیہ ના મુરીદ હતા. આપના વાલિદ કાઝી હમીદ હઝરત શાહે આલમના મુરીદ હતા.

### ✪ નામ મુબારક ✪

આપનું નામ નામી ઈસ્મે ગિરામી મહમૂદ છે. અને દાદા તથા વાલિદની નિસ્બતથી કાઝી કહેવાય છે એટલે કે કાઝી મહમૂદ.

### ✪ લકબ ✪

આપનો લકબ દરિયાઈ દુલ્હા છે.

### ✪ દરિયાઈ લકબનું કારણ ✪

જમીન ઉપરાંત પાણીમાં પણ આપ દસ્તગીરી કરે છે. દરિયા અને સમુદ્રની ખિદમત પણ આપને હવાલે હતી. જ્યારે કોઈ કશ્તી પાણીમાં ફસાઈ જતી અને કશ્તીવાળા લાચાર બની જતા ત્યારે આપને પુકારતા હતા તો આપ એ લોકોની દસ્તગીરી કરતા અને ફસાયેલી કશ્તીને પાણીમાંથી બહાર કાઢીને બચાવી લેતા હતા. એના કારણે આપ ''દરિયાઈ દુલ્હા''ના લકબથી મશ્હૂર થયા.

### ✪ તા'લીમ તથા કેળવણી ✪

આપની પ્રારંભિક તા'લીમ તથા કેળવણી ઘર પર જ થઈ. આપના પિતાએ આપની તા'લીમ તથા કેળવણી માટે ખાસ ધ્યાન કર્યું અને આપે ખૂબ જલ્દી જાહેરી ઈલ્મો હાંસલ કરીને પોતાના બુદ્ધિચાતુર્યની સાબિતી આપી.

### ✪ બયઅત તથા ખિલાફત ✪

એક રાત્રે ગૌષે આ'ઝમ હઝરત શૈખ અબ્દુલકાદિર જીલાની رحمۃ اللہ علیہ ને ખ્વાબમાં જોયા કે ફર્માવે છે કે તમારા માટે એ બેહતર તથા મુનાસિબ છે કે તમે તમારા વાલિદ માજિદ સાહબના મુરીદ થઈ જાવ. આ તરફ તો આપને બશારત થઈ અને બીજી બાજુ આપના વાલિદને બશારત થઈ કે તમે તમારા પુત્ર મહમૂદને તમારા મુરીદોના વર્તુળમાં સામેલ કરી લો, અને તમારી ખિલાફતનો ખિર્કો આપી તેમને સરફરાઝ કરો.

સવારમાં આપે પોતાનો ખ્વાબ પોતાના વાલિદ માજિદને વર્ણન કર્યો તો આપના વાલિદ સાહબ ખૂબ જ હેરત પામ્યા અને ફર્માવ્યું કે મને પણ એ જ પ્રમાણેનો હુકમ મળ્યો છે. હુકમનું પાલન મારા અને તમારા માટે જરૂરી છે. વફાતથી પહેલાં તમને બયઅત કરીશ અને ખિલાફતનો ખિર્કો આપીશ.

એક દિવસ આપના વાલિદ માજિદે આપને બોલાવ્યા. આપ જ્યારે ખિદમતે અકદસમાં હાજર થયા તો આપના પુત્રો પણ સાથે હતા. તે પુત્રોને

પ્રથમ મુરીદ કર્યા અને પછી આપને મુરીદ કરીને ખિલાફતનો ખિર્કો અતા ફર્માવ્યો અને ફર્માવ્યું કે, "જે કામની ચિંતા હતી તે થઈ ગઈ ! મારું કામ પૂર્ણ થયું."

બીજા દિવસે આપના વાલિદ માજિદનો વિસાલ થઈ ગયો અને આપ તેમના સજ્જાદાનશીન બન્યા.

### ✪ હઝરત શાહેઆલમથી નિસ્બત ✪

આપ હઝરત શાહેઆલમનું નામ લેતા ન હતા. એક દિવસે એવું થયું કે આપ તથા હઝરત જીવ તથા સુલ્તાન મુઝફ્ફર હલીમ હઝરત શાહે આલમના રોઝા મુબારકમાં બેઠેલા હતા. કોઈ વાત પર આપની જીભેથી "મંજન" શબ્દ નીકળ્યો. એક શખ્સ તેને ગુસ્તાખી સમજ્યો અને આપને કહ્યું કે આપ હઝરત શાહે આલમનું નામ કેમ નથી લેતા ?!

આપે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો કે ગામડિયા માણસ પાસે શુદ્ધ ભાષાની આશા રાખવી ગલત છે, અને વળી એમનું નામ લેવું બેઅદબી સમજુ છું. અને જો આ મારી બેઅદબી છે તો મને ઉમ્મીદ છે કે તેઓ મારી બેઅદબી માફ કરશે અને ખુશ થશે.

પણ તે વ્યક્તિએ માન્યું નહીં અને વાત વધી ગઈ, ફેંસલાની કોઈ રીત જણાતી ન હતી. પછી આપે જાતે જ ફર્માવ્યું કે ફેંસલાની એ રીત છે કે આપણે બધા મઝાર પર ફરીથી જઈએ અને પોત પોતાના ખયાલના પ્રમાણે પસંદીદા નામથી પુકારીએ અને જોઈએ કે તેઓ કોનો જવાબ આપે છે ? જેને જવાબ મળશે તે જ તેમનો મહબૂબ છે અને તેમના દરબારમાં મકબૂલ છે.

જેથી હઝરત જીવ, સુલ્તાન મુઝફ્ફર હલીમ અને આપ મઝાર પર હાજર થયા. તે બંનેએ પોતાના હિસાબે તેમને સારા નામ વડે પુકાર્યા, પરંતુ કોઈ જવાબ ન મળ્યો. છેવટે આપની વારી આવી તો આપે અર્ઝ કરી, "મંજન મિયાં ! તમારા આસ્તાના પર કદમ બોસીને માટે તમારો ખાદિમ મહમૂદ આવ્યો છે. આ આપનો ખાદિમ આપને પુકારે છે તો મહેરબાની કરીને તમો આ ખાદિમને જવાબ આપીને તસલ્લી બખ્શો."

રોઝાએથી અવાજ આવ્યો, "હે મહમૂદ ! મેં તારો અવાજ સાંભળ્યો અને તારી સલામ કબૂલ કરી !" પછી આપે અર્ઝ કરી, "જો મારા સલામ કબૂલ કર્યા તો કાંઈક તબર્રુક આપો ! જેને અમે લોકો અહીં ખાઈએ." એટલામાં એક શખ્સ આવ્યો અને ગરમ હલ્વો અને રોટી લાવ્યો. સૌએ ગરમ હલ્વો અને રોટી ખાધી.

### ✪ વફાત ✪

આપની વફાતનો પ્રસંગ અજીબ છે. અમાદુલ મુલ્ક સખત બીમાર થયો. એણે આપને દુઆ કરવા વિનંતિ કરી. આપે દુઆ કરી તો આપને બતાવવામાં આવ્યું કે તેની ઉમરનું પાત્ર ભરાઈ ચૂક્યું છે. હા ! તમારી જિંદગીનાં ૧૨ વરસો બાકી છે, જો તમે ચાહતા હોઉ કે તે સારો થઈ જાય તો તમે પોતાની ઉમરનાં બાકી વરસો એને બખ્શી આપો. આપે એવું જ કર્યું, જેથી અમાદુલ મુલ્ક તો સારા થઈ ગયા પણ આપ બીમાર થઈ ગયા. એ જ હાલતમાં એક દિવસે કવ્વાલી (મેહફિલે નઅતની જેમ) થઈ, આપ પર વજદાની કૈફિયત છવાઈ, કૈફના આલમમાં આપ સજદામાં ગયા અને એ જ હાલતમાં પોતાના મહબૂબે હકીકીને જઈને મળ્યા. આ પ્રસંગ ૩ રબીઉષ્ષાની હિ.સ. ૯૪૧ નો છે. આપનું મઝાર મુબારક બીરપુર શરીફમાં લોકોના શરણનું કેન્દ્ર છે.

### ✪ આપની કરામતો ✪

આપની ખિદમતમાં બે ઔરતો ઔલાદની તમન્ના લઈને હાજર થઈ. આપના એક વાસણમાં ગોશ્તનો એક ટુકડો પડેલો હતો. આપે તેનો અમુક

હિસ્સો એક ઔરતને આપ્યો અને બાકીનો હિસ્સો બીજી ઔરતને આપ્યો. એકે ખાઈ લીધો અને બીજી સ્ત્રીએ લઈ જઈને તેને એક ઠેકાણે દાટી દીધો. જેણે ખાધો હતો તેને ઔલાદ થઈ અને જે સ્ત્રીએ ન ખાધો તે ઔલાદથી મેહરૂમ રહી. તે સ્ત્રી ફરીથી આવી તો તેને સફરજનનો ટુકડો આપ્યો, તો તેણીને પણ ઔલાદ થઈ.

જે વખતે તે સ્ત્રી ગોશતનો ટુકડો દફન કરી રહી હતી તો ભીલ કૌમની એક ભૂખી તરસી છોકરી એને જોઈ રહી હતી. તેણીએ મોકો પામતાં તે ગોશતનો ટુકડો કાઢયો અને ખાઈ લીધો. એ વાતની આપને કશ્ફથી જાણ થઈ ગઈ. આપે તે છોકરીને બોલાવી અને કહ્યું કે તારા પેટથી કેટલાયે સારા પુત્રો પૈદા થશે. પછી તેને પાણી પીવડાવીને ફર્માવ્યું કે તારે નેક પુત્રીઓ પણ થશે. *(તારીખે સૂફિયાએ ગુજરાત, લેખક : ઝહરૂલ હસન ડોકટર)*

## ✪ દરિયાઈ દુલ્હા વિશે શાહેઆલમની બશારત ✪

હઝરત કાઝી મહમૂદ દરિયાઈ عليه الرحمة والرضوان ના બચપણનો પ્રસંગ છે કે આમ પોતાના વાલિદે ગિરામી તથા પીરો મુર્શિદ હઝરત કાઝી શાહ હમીદ عليه الرحمة والرضوان ની સાથે હઝરત શાહે આલમ عليه الرحمة والرضوان ની બારગાહમાં હાજર થયા. હઝરત શાહે આલમ عليه الرحمة والرضوان એ હઝરત કાઝી મહમૂદ દરિયાઈ عليه الرحمة والرضوان ના સર મુબારક પર અમામા શરીફ જોઈને ફર્માવ્યું, કાઝીનો શિમ્લો ઘણો લાંબો છે ! આ શાનદાર ફર્માનથી મુરાદ હઝરત કાઝી મહમૂદ عليه الرحمة والرضوان ના અઢળક ઈલ્મ તથા ફઝીલત તથા કમાલના સંબંધે પેશનગોઈ હતી. જે પણ આપની ઝબાન ફયૂઝે તર્જુમાનથી નીકળ્યું તે પૂરું થયું. તેનો નઝારો આગામી દિવસોમાં સર્વેએ પોતાની માથાની આંખોથી કર્યો. *(રયહાનતુલ અબરાર, પેજ–૧૫૧)*

## ✪ હઝરત દરિયાઈ સાહબના વાલિદનો મકામ તથા મર્તબો ✪

હઝરત શાહ હમીદ સાહબ અબ્બાસી બીરપૂરી عليه الرحمة والرضوان હઝરત શાહે આલમ મહબૂબે બારી عليه الرحمة والرضوان ના મહાન ખલીફા છે. આપનો જન્મ હિ.સ. ૮૫૧ માં થયો. આપના વાલિદે ગિરામી હઝરત મહમૂદ અબ્બાસ عليه الرحمة والرضوان હઝરત શાહે આલમ عليه الرحمة والرضوان ના મુરીદ તથા ખલીફા છે અને દાદા હઝરત શાહ કુતુબ મહમૂદ કારંટવી عليه الرحمة والرضوان કે જેઓ હઝરત સૈયદ બુરહાનુદ્દીન કુત્બે આલમ عليه الرحمة والرضوان ના મશ્હૂર ખલીફાઓમાંથી છે. હઝરત શાહ હમીદ عليه الرحمة والرضوان ના વાલિદ હઝરત શાહ મુહમ્મદ عليه الرحمة والرضوان એકવાર હઝરત શાહે આલમ મહબૂબે બારી عليه الرحمة والرضوان ની ખિદમતે આલીમાં એ ઈરાદાથી હાજર થયા કે શાદીને ઘણો સમય વહી ગયો પણ હજી સુધી ઘરમાં કોઈ ઔલાદ નથી, તો હઝરત મુર્શિદથી દુઆ કરાવીને દિલી મકસદ હાંસલ કરવામાં આવે. જેથી જે ઈરાદાથી હાજર થયા હતા તે વાત અરજ કરી આપી. આપની વાતચીત સાંભળીને હઝરત શાહે આલમ મહબૂબે બારી عليه الرحمة والرضوان એ ફર્માવ્યું કે આવતી જુમ્આની રાત્રે જ્યારે હુઝૂર સૈયદે આલમ નૂરે મુજસ્સમ صلى الله عليه وسلم નો દીદાર નસીબ થાય તો આ અરજ આપની ખિદમતે અકદસમાં રજૂ કરશો. પીરો મુર્શિદના ઈર્શાદ પ્રમાણે કાઝી શાહ મુહમ્મદ عليه الرحمة والرضوان સરકાર صلى الله عليه وسلم ના દીદારે પુર અન્વારથી મુશર્રફ થયા અને પોતાની અરજ બારગાહે બેકસ પનાહમાં પેશ કરી. તો આપ صلى الله عليه وسلم એ જમણા હાથની શહાદતની આંગળી વડે ડાબા હાથની હથેળી પર ત્રણવાર ٨٨٨ લખ્યું. સવારે જ્યારે આ ખ્વાબ હઝરત શાહે આલમ عليه الرحمة والرضوان ની બારગાહમાં પેશ કર્યો તો આપે ફર્માવ્યું કે એની તાબીર એ છે કે ઈન્શાઅલ્લાહ ! તમારા ત્યાં ત્રણ ફરઝંદ પેદા થશે

અને ત્રણેવનાં નામનો પ્રથમ અક્ષર ح (હે) હશે. એટલે કે મોટાનું નામ **હમીદ** અને વચેટનું નામ **હમ્માદ** અને નાનાનું નામ **હામિદ** હશે. જેમ કે એ મુબારક ફરઝંદોમાં પ્રથમ હમીદ છે. આપ ઘણા જબરદસ્ત વલીએ રબ્બાની વલીએ હક્કાની ગુજર્યા છે. આપનો લકબ "કાઝી જાલંદા" હતો. કાઈમુલ લૈલ (રાતે જાગીને ઈબાદત કરનાર) તથા સાઈમુદ્ દહર (દિવસના રોઝાદાર) હતા. હજારો માનવો આપની બારગાહની રહનુમાઈથી સત્યના માર્ગે વર્યા તથા અલ્લાહના ચહીતા બની ગયા. આપે આપના વાલિદે ગિરામીની સરપરસ્તીમાં પોતાના બંને ભાઈઓની સાથે બારગાહે હઝરત સૈયદ મુહમ્મદ સિરાજુદ્દીન શાહે આલમ બુખારી عليه الرحمة والرضوان માં હાજર થઈને આપ માદરઝાદ વલી હોવા છતાં બાર વરસની વયે બયઅત તથા ઈરાદતનો શરફ હાંસલ કર્યો હતો. પુષ્કળ મુજાહિદાઓની મંઝિલોએથી પસાર થઈને ખિલાફતની સનદ હાંસલ કરી. આપના ઉચ્ચ મર્તબાનો અંદાજો એના પરથી પણ લગાડી શકાય છે કે આપના નૂરે નઝર, લખ્તે જિગર, ઝુબ્દતુલ કામિલીન, બુરહાનુલ આરિફીન હઝરત કાઝી મહમૂદ દરિયાઈ عليه الرحمة والرضوان છે. આપે હિ.સ. ૯૧૨ માં વિસાલ મુબારક ફર્માવ્યો. બીરપુરમાં પોતાના ફરઝંદ હઝરત કાઝી મહમૂદ દરિયાઈ عليه الرحمة والرضوان ની બાજુમાં દફન થયેલા છે. (રયહાનતુલ અબરાર ફારસી, પેજ–૭૯, તઝકેરએ ઔલિયાએ ગુજરાત, પેજ–૬૮)

## ✪ દરિયાઈ દુલ્હાના કાકા શાહ હમ્માદ અબ્બાસી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ✪

આપ હઝરત શાહ કાઝી મુહમ્મદ عليه الرحمة والرضوان ના ફરઝંદ અને હઝરત શાહ હમીદ عليه الرحمة والرضوان ના વચેટભાઈ અને હઝરત કાઝી મહમૂદ દરિયાઈ عليه الرحمة والرضوان ના કાકા છે. આપ હઝરત કાઝી શાહ મુહમ્મદ અબ્બાસ عليه الرحمة والرضوان ના એ ખુશનસીબ ફરઝંદોમાંથી એક છે જેમના જન્મ અગાઉ હુઝૂર જાને નૂર صلى الله عليه وسلم એ પેદા થવા અને નામ તરફ નિર્દેશ કરતાં પોતાના જમણા હાથની કલમાની આંગળી વડે ડાબા હાથની હથેળી પર ح (હે) લખીને બશારતથી સરફરાઝ કર્યા હતા, આપનો જન્મ હિ.સ. ૮૫૨ માં થયો અને વીસ વરસની ઉમરમાં હઝરત શાહે આલમ عليه الرحمة والرضوان ના દસ્તે હક્ક પરસ્ત પર બયઅતનો શરફ હાંસલ કર્યો. આપ અજોડ આલિમ અને ઝાહિદ હતા. આપના તકવાનો આલમ એ હતો કે કદી કોઈ શંકાસ્પદ ચીજ નથી ખાધી. સંજોગોવસાત અથવા દોસ્તોના આગ્રહથી હાથ લંબાવ્યો તો પણ લાંબો ન થતો હતો ! હમેશાં હલાલ લુકમો જ ઉપયોગમાં લેતા. જીવનભર હરામ ચીજને હાથ ન લગાડયો. **આપના તકવાની અસર આપની સવારીના ઘોડામાં પણ જોવા મળતી હતી કે તેઓ કદી બીજાના ખેતરમાં કે અન્યના ઘાસ કે દાણાપાણીમાં મોં નથી નાખ્યું.** હઝરત શાહે આલમ عليه الرحمة والرضوان થી બયઅત થયા પછી આપે સખ્તથી સખ્તતર મુજાહિદાઓ કર્યા. આપ ખૂબ ઓછું ઊંઘતા હતા. આપે ૧૨ વર્ષો સુધી ફી સબી લિલ્લાહ મુજાહિદાઓ કર્યા, ૧૨ વર્ષો સુધી એકાંતમાં યાદે ઈલાહીમાં વ્યસ્ત રહ્યા. પુષ્કળ ઈબાદત અને મુજાહિદાઓથી આપના પર જઝબની સ્થિતિ છવાઈ ગઈ હતી. એ જ હાલતમાં આપનો વિસાલ શરીફ થઈ ગયો હતો. વિસાલ શરીફ બાદ શાહે આલમ عليه الرحمة والرضوان આપના મઝાર મુબારક પર હાજર થયા. આપનો વિસાલ ૬૨ વર્ષની વયે હિ.સ. ૯૧૬ માં થયો. આપનો મઝાર મુબારક ખાનકાહે હમ્માદિયા સરસપુર નાની રેલ્વે લાઈનના રેલ્વે સ્ટેશનની સામે છે. *(રયહાનતુલ અબરાર, ફારસી, પેજ–૮૦, તારીખે ઔલિયાએ ગુજરાત, પેજ–૬૮, ૬૯, મિર્અતે અહમદી ફારસી, પેજ–૩૨)*

# બરકાતે ખ્વાજાની ટપાલ

### ✪ ભીવંડીમાં સુન્ની ઈજતેમા ✪

**ભીવંડી** : મહારાષ્ટ્ર ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા તા. ૨–૫–૨૦૦૫ ના રોજ ઔરતો માટે યોજાયો જેમાં મામા ભાન્જા દરગાહ કમ્પાઉન્ડ ખાતે જુમ્આ બાદથી હજારોની સંખ્યામાં ઔરતોએ હાજરી આપી. જનાબ મૌલાના રફીઉદ્દીન પરભનીવાળા તથા હઝરત મૌલાના શાકિર રઝવી સાહબે ઔરતોની ઈસ્લાહ સંબંધે અસરકારક બયાનો કર્યા. અંતમાં હઝરત અલ્લામા કમરુઝઝમાંખાં આઝમી સાહબે પોતાના અનોખા અંદાઝમાં બયાન કર્યું તેમાં મસ્જિદોમાં ઈમામ બનવા થનગનતી ઔરતો વિશે ચર્ચા કરી ઈસ્લામિક દષ્ટિએ એ સંબંધી શું બુરાઈઓ છે તે સમજાવી હતી. મર્દોનો ઈજતેમા તા. ૨૭ ને રવિવારે જનાબ સૈયદ અમીન સાહબ માલેગાંવીની દુઆ સાથે ૧૧ વાગ્યે શરૂ થયો. મુબલ્લિગ હઝરાતે નઅતના ગુલદસ્તાઓ તથા વિવિધ વિષયે બયાનો પેશ કરતા રહ્યા તેમજ મૈયતને નવડાવવા કફન પહેરાવવાની રીત પેક્ટ્રિકલી તથા એ સંબંધી મજમામાંથી થતા પ્રશ્નોના જવાબો પણ રજૂ કર્યા હતા. અસર બાદ મુહક્કિકે મસાઈલે જદીદા મુફતી નિઝામુદ્દીન સાહબે (સદર મુફતી જામિઆ અશ્રફિયા–મુબારકપુર) મજમામાંથી આવતા અટપટા સવાલોના જવાબો રજૂ કરી લોકોના ઈલ્મમાં ઉમેરો કર્યો હતો. એ ઉપરાંત રાત્રે મોડે સુધી ચાલેલ ઈજતેમામાં જામિઆ અશ્રફિયા મુબારકપુરના ચોટીના આલિમ તથા સદર હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબ, હઝરત અલ્લામા ઈદરીસ બસ્તવી મિસ્બાહી સાહબે પણ પોતાના વિશિષ્ટ અંદાઝમાં બયાનો કર્યા. છેવટમાં હઝરત મૌલાના શાકિર રઝવી સાહબે વલવલા અંગેઝ બયાન કર્યું હતું. ભીવંડીના નિગરાં મુબલ્લિગ રોહિબભાઈ તેમજ ઈમ્તિયાઝભાઈ, મુશીરભાઈ તેમજ ઈબ્રાહીમભાઈ વિક્રોલીવાળા, હાફેઝ અબ્દુર્રહીમ ભરૂચી, સૈયદ બંધુઓ મુહમ્મદ તથા અહમદ (મુંબઈ) વગેરેની કામગીરી નોંધપાત્ર હતી.

નિઝામત જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅતના ગુલદસ્તા પેશ કરી તથા પોતાના આગવા અંદાઝમાં ઈસ્લાહી વાતો તથા દુરૂદ તથા દુઆઓ શીખવી નિભાવી હતી. અંતમાં ઝિક્રો–દુઆ સાથે સલાતો સલામ બાદ ઈજતેમા કામયાબ રીતે ખત્મ થયો હતો.

### ✪ દેવબંદી અને સુલેહકુલ્લીઓને જોરદાર તમાચો ! ✪

અસ્સલામુ અલૈકુમ ! જનાબ તંત્રી શબ્બીર અલી રઝવી સાહબ, બાદ સલામ આપને ખાસ જણાવવાનું કે **બરકાતે ખ્વાજા** (માસિક) ફેબ્રુઆરી–૦૫ ના અંકમાં તંત્રી લેખ "આવી જાવ ! તે જ એક અને અસલ પ્લેટફોર્મ પર" લેખ જોરદાર રીતે અને નીડર રીતે સિંહ ગર્જનાની જેમ દીનના દુશ્મન એટલે ગદ્દાર દેવબંદીઓ અને ખાસ કરીને (કહેવાતા બુદ્ધિજીવીઓ એટલે) સુલેહકુલ્લીઓનું જોરદાર અને નીડર રીતે ખંડન કર્યું તે બદલ આપને ખૂબ ખૂબ મુબારકબાદ અને અલ્લાહ તઆલાની બારગાહમાં તમારા માટે ખૂબ ખૂબ દુઆ. આવા જ લેખો લખીને દીનના દુશ્મન દેવબંદી, વહાબી અને સુલેહકુલ્લીઓને ખુલ્લા પાડો એવી જ આપને નમ્ર વિનંતિ . ભૂલચૂક માફ કરશો. અલ્લાહ હાફિઝ !

*–પઠાણ મુહમ્મદ હનીફખાં કે રઝવી–પેટલાદ*

★ ✪ ✪ ☆

મસ્લકે આ'લા હઝરતના અજોડ મુખપત્રના તંત્રી શ્રી, જનાબ શબ્બીરભાઈ, એપ્રિલ માસનો બરકાતે

ખ્વાજા અંક વાંચી ઘણી ખુશી થઈ. જેવું ઈચ્છતો હતો એવું સાહિત્ય અને સમાજને જેવાં સાહિત્યની જરૂર છે તેવું ઈસ્લામી સાહિત્ય પીરસવામાં આવી રહ્યું છે. **બરકાતે ખ્વાજા** માસિકમાં **સાચા આશિકે રસૂલ કેવા હતા** તે તંત્રી લેખ ખૂબ ગમ્યો. આજે આપણી અંદર એ ઈશ્કે નબીનો છાંટો પણ જોવા મળતો નથી. આ એક કડવું સત્ય છે. જેની ઉપર વિચાર કરી મનન કરી પોતાને તથા પોતાના મુઆશરાને ઈશ્કે નબીમાં તરબોળ કરીને સુન્નતો પર વધુમાં વધુ અમલ કરીને પોતાની જાતને સુન્નતે મુસ્તફાના ઢાંચામાં ઢાળી દઈને આજે માહોલ બદલવાની સમયની તાતી જરૂરિયાત છે. ખરેખર આપણે આપણા અકીદા સહાબા તથા બુઝુર્ગાને દીન જેવા જ મજબૂત કરીએ અને આપણો કિરદાર પણ તેમના નકશે કદમ પ્રમાણે જ બનાવીએ. (ઈન્શાઅલ્લાહ !) **બરકાતે ખ્વાજા**માં આપેલ અન્ય કોલમ ગુનાહોનો ઈલાજ જેમાં જીભથી આવતી આફતો ઉપર પ્રકાશ ફેંકતો લેખ લખ્યો છે જે ખૂબ ગમ્યો છે. આ ઉપરાંત આશિકે રસૂલ હઝરત ઈમામ બુરાઈનો જે લેખ લખ્યો છે તે ખૂબ જ પસંદ પડયો. હઝરત ઈમામ બુરાઈ જેવા આશિકે રસૂલના ઈશ્કે નબીનો વાકિઓ વાંચી દિલ બાગ બાગ થઈ ગયું. ખરેખર આ લેખ વારંવાર વાંચી તથા અન્યોને વંચાવી નબીના ઈશ્કનો આલમ શું છે ? તે આ વાકિયા ઉપરથી જાણવા મળે છે. આ ઉપરાંત શેરોનનું શૈતાની સ્વરૂપ, ઈસ્લામ અને ત્રાસવાદનું નિવારણ જેવા કરન્ટ અફેર પર લખેલા લેખ પણ કાબિલે દાદ છે. ફતાવા વિભાગમાં પણ ફાતિહા વિશે સચોટ માહિતી આપી છે જે ગાગરમાં સાગર સમાન છે. સાથે સાથે ઈલ્મે તજવીદ શિખવું ફર્ઝ છે, જેવો અગત્યનો લેખ લખીને મદ્રસાના તલ્બા સામે લાલ બત્તી ધરી છે. દિવસે દિવસે **બરકાતે ખ્વાજા** માસિક લોકોના દિલમાં પોતાનું આગવુ સ્થાન જમાવી રહ્યું છે તે બદલ શબ્બીરભાઈને ખૂબ ખૂબ મુબારક બાદ !

*–સૈયદ અમજદઅલી–હાડગુડ*

## ✪ ઉર્સે દરિયાઈ ✪

### (૧૧ રબીઉલ આખર)

**બીરપુર શરીફ** : ખાતે હઝરત કાઝી મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ ના ૪૮૯મો ઉર્સ મુબારક, રબીઉલ આખરની ૭ થી ૧૩ તારીખમાં અંગ્રેજી તા. ૧૭ મે થી ૨૨ મે સુધી શાનો શૌકતથી રાબેતા મુજબ મનાવવામાં આવશે. દસમા ચાંદે (૧૯–૫–૦૫) રાત્રે ઈશા બાદ મઝારે પાક પર કુર્આનખ્વાની, મીલાદ શરીફ, ગીલાફ શરીફ તથા ફાતેહા થશે. સર્વ સજ્જાદા દુઆઓ ગુજારશે. ગાંડા, દુ:ખિયારા, બીમારો તથા જિન્નાતની તકલીફવાળાઓની મુશ્કેલીઓ દૂર થાય છે. ચાંદ ૭ થી ૧૩ દરિયાઈ લંગર બંને ટાઈમ ચાલુ રહે છે. *(જનાબ પીર સૈયદ મુહમ્મદ મદનીબાવા એફ. દરિયાઈ અશરફી કાદરીનો રિપોર્ટ સંક્ષિપ્તમાં)*

★ ✪ ✪ ☆

**જંબુસર** : અલ્લારખા ફુટવાળા લખી જણાવે છે કે તા. ૫–૪–૦૫ મંગળવાર ઈસ્લામી ચાંદ ૨૫–સફર બાદ નમાઝે ઈશા જંબુસર–જુમ્આ મસ્જિદમાં જશ્ને આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લતની ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ બારગાહમાં ખિરાજે અકીદત પેશ કરવા એક અઝીમુશ્શાન નઅત શરીફનો પ્રોગ્રામ સાદાતે કિરામ, ઉલમાએ કિરામની સદારતમાં રાખવામાં આવ્યો. જનાબ મૌલાના સાદિક સાબરી સાહબ અન્ય નઅતખાં હઝરાતે નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. નઅત શરીફનો પ્રોગ્રામ ઘણો જ કામ્યાબ રહ્યો હતો. આખિરમાં સલાતો સલામ તથા ન્યાઝની વહેંચણી કરવામાં આવી હતી.

**જરૂરી નોંધ :** અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા તરફથી ત્રણ કિતાબો :–

(૧) શોહદાએ કર્બલા તથા તાઝિયાદારીની હકીકત (તોહફાએ નજાત, ભાગ–૧૧,) (૨) લિબાસે રસૂલ (૩) આવો ! એક પ્લેટફોર્મ પર થઈ જઈએ ! મેમ્બર–ડોનરોને ફ્રીમાં પોસ્ટ કરી છે. પોસ્ટની

ખામીના કારણે જેઓને ન મળી હોય તેઓ પોતાનો રસીદ નંબર જણાવી મો. ૯૮૨૪૪૮૬૪૪૩ અથવા ફોન ૦૨૬૪૨–૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧ ઉપર ફોન કરી મેળવી શકે છે. ***–પટેલ શબ્બીર અલી રઝવી***

## ✩ ઈન્તેકાલ પુરમલાલ ! ✩

**થામ** : દારુલ ઉલૂમ થામના હિસાબનીશ રાજ નાસીર ભાઈ એમ. લખી જણાવે છે કે દારુલ ઉલૂમ થામના ઉસ્તાઝુલ હુફ્ફાઝ હાફેઝ હાજી અબ્દુલ્લાહ ઝંઘારવી સાહબની મોટી દીકરી હુસ્નાબાનુ યુવાન વયે ટૂંકી માંદગી બાદ અચાનક તા. ૨૩/૦૨/૦૪ જુમેરાતના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. મર્હૂમા પંજગાના નમાઝી, દુરૂદો વઝાઈફનાં પાબંદ તેમજ નેક પરહેઝગાર, મિલનસાર સ્વભાવનાં હતાં. મૌલા તઆલા મર્હૂમા હુસ્નાબાનુને જન્નતુલ ફિરદૌસમાં આલા મકામ અતા ફર્માવે. તેમજ કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન)

આવા ગમ અંગેઝ મોકા ઉપર પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ સલીમબાવા બેડીવાલા–જામનગર, દારુલ ઉલૂમ થામમાં પધારેલા. હાફેઝ હાજી અબ્દુલ્લાહ ઝંઘારવીની દીકરીના ઈન્તેકાલની ખબર જાણી સીધા ઝંઘાર મુકામે તશરીફ લઈ જઈ મર્હૂમાની કબ્ર ઉપર ફાતેહા ખ્વાની કરી, મગફિરતની દુઆ કરી. બાવા સાહબના અકીદતમંદો, ચાહવાવાળાઓએ તેમનાથી બયઅત હાંસલ કરી, ફયૂઝયાબ થયા.

(મૌલા કરીમ મર્હૂમાની મગફેરત ફર્માવે અને હાફેઝ સાહબને સબ્રે જમીલ અતા કરે. આમીન ***–તંત્રી : બરકાતે ખ્વાજા***)

**કિલ્લાપારડી** : હુસૈનભાઈ મૂસાજી શેખનાં વાલિદા મર્હૂમા ફાતમા બીબીનો ઈન્તેકાલ ૨૫–સફર–૧૪૨૬, અંગ્રેજી તા. ૫–૪–૦૫ ના રોજ થયો. તેમના સવાબ અર્થે રૂા. ૧૫૧/– બરકાતે ખ્વાજા (માસિક)ને જનાબ ઈમ્તિયાઝ ડી. બાલા થકી લિલ્લાહ મળ્યા છે. (જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના હબીબ ﷺ ના સદકામાં મર્હૂમાની મગફેરત કરે. આમીન ***–તંત્રી : બરકાતે ખ્વાજા***)

**કાવી** : અમારા મિત્ર જનાબ મુક્તસિદ તલાટીના વાલિદ સાહબ હાજી અબ્બાસ મૂસા તલાટી તા. ૧૧–૩–૦૫ના રોજ ઈન્તેકાલ કરી ગયા છે. જેમના ઈસાલે સવાબ અર્થે મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આન ખ્વાની કરવામાં આવી. મદ્રસામાં ન્યાઝ પેટે રૂા. ૧૫૦/– તથા રૂા. ૧૦૦ બરકાતે ખ્વાજા (માસિક)ને લિલ્લાહ અલ્લારખા ફુટવાળા જંબુસરી થકી મળ્યા છે. (જઝકાલ્લાહ ! મૌલા તઆલા તેના પ્યારા મહબૂબ ﷺ ના સદકામાં મૂર્હમની મગફેરત ફર્માવે. આમીન ***–તંત્રી : બરકાતે ખ્વાજા***)

**નોંધ** : ત્રણેવ મર્હૂમીન માટે **મદ્રસા બરકાતે ખ્વાજા-આમોદ** ખાતે કુર્આન ખ્વાની કરી ઈસાલે સવાબ કરવામાં આવ્યો.


## ✪ અવશ્ય મંગાવો ! અવશ્ય મંગાવો ! અવશ્ય મંગાવો ! ✪

**કિતાબ** : **ઈસ્લામમાં મ્યુઝિક તથા તા'ઝીમી સિજદો હરામ !** *(પેજીસ : ૩૫૬)*

**લેખક** : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી ★ **હદિયો** : ૫૦ રૂા. (૫ રૂા. ટપાલ ખર્ચ)

**પ્રકાશક** : અંજુમને રઝાએ મુસ્તફા, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. **દયાદરા**, તા. જિ. ભરૂચ

વિ□ના સર્વ ઉલમા તથા દારુલ ઈફતાનો, સર્વ ઉલમાનો જેના પર ઈજમાઅ (એકમતિ) છે કે મ્યુઝિક તેમજ ગૈરખુદા માટે તા'ઝીમી સિજદો હરામ છે, છતાં કેટલાક બનાવટી સૂફીઓ એમાં પોતાની ફિલોસોફીઓ તથા મારી મચડી દલીલો ઉભી કરીને તેને જાઈઝ કરવા ફરે છે. તો ઈસ્લામી શરીઅતને જ માનો અને બનાવટી બની બેઠેલા સૂફીઓથી બચો અને સાચા સૂફીઓ, સાચા ઉલમાના મસ્લકને અનુસરી ગુમરાહીથી બચો. એ વાતો સમજાવતી આ કિતાબ અવશ્ય મંગાવો